૨૦૫ વર્ષ

દૈનિક

# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 186 ■ વિક્રમ સંવત ૨૦૮૨

આષાઢ વદ -૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 August 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૭ ઑગસ્ટ ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# જેન-ઝીની સમસ્યા સાચી: મોહન ભાગવત








**બીજું શું બોલ્યા?**

- ચૂંટણી જીતીને, ઉપદેશ આપીને સારા નેતા નથી બનાતું
- લોકશાહીમાં વિરોધ-પ્રદર્શન સંવાદનું કાનૂની સ્વરૂપ
- દેશની શિક્ષણ પદ્ધતિ સામે ઉઠાવાતા સવાલ યોગ્ય

મુંબઈ: રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ગુરુવારે જણાવ્યું હતું કે સારો નેતા ચૂંટણી જીતવાથી કે લોકોને ઉપદેશ આપવાથી નથી બનાતું. સાચો નેતા જનતાને 'પ્રકાશ ભણી' દોરનારો હોવો જોઇએ. લોકશાહીમાં વિરોધ-પ્રદર્શન સંવાદનું કાયદેસર સ્વરૂપ છે અને તેનો હેતુ વિભાજનને બદલે સર્વસંમતિ સાધવાનો હોવો જોઇએ. ભારતની શિક્ષણ પદ્ધતિ સામે ઉઠાવવામાં આવી રહેલા સવાલ યોગ્ય જ છે. શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવો જોઇએ. શિક્ષણ કોઇ ધંધો નથી.તેમણે મુંબઈમાં 'ઇન્ડિયાઝ ઇન્ટરનેશનલ મુવમેન્ટ ટૂ યુનાઇટ નેશન્સ'ના ૧૫મા સ્થાપના દિન નિમિત્તે ભેગા થયેલા અંદાજે ૨,૦૦૦ જેન ઝી અને જેન આલ્ફાના સભ્યોને સંબોધતા જણાવ્યું હતું કે વિરોધ-પ્રદર્શન સંવાદનો માર્ગ જ છે. લોકશાહીમાં સર્વસંમતિ સાધવા વિરોધ-પ્રદર્શન એક રસ્તો જ છે. તેમાં વિવિધ વિચાર, દૃષ્ટિકોણ અને (જુઓ પાનું ૨) ▶▶

## યુપીઆઇ ટ્રાન્ઝેકશન પર ચાર્જ વસૂલાશે?: લોકસભામાં ખરડો મંજૂર

નવી દિલ્હી: લોકસભાએ ગુરુવારે 'પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, ૨૦૦૭'માં સુધારો કરવા માટેનું એક બિલ પાસ થઈ ગયું છે. આ બિલ સરકારને બેન્કો અને અન્ય સર્વિસ પ્રોવાઈડર્સને યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (યુપીઆઈ) અને અન્ય નોટિફાઈડ ઇલેક્ટ્રોનિક પેમેન્ટ મોડ્સથી થતા પેમેન્ટ પર ચાર્જ લગાવવાની મંજૂરી આપવાનો અધિકાર આપે છે. હોબાળા વચ્ચે ચર્ચા વિના ગૃહ દ્વારા પસાર કરાયેલ આ સંશોધનનો હેતુ એ વર્તમાન જોગવાઈને દૂર કરવાનો છે જે બેન્કો અને પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સને નોટિફાઈડ ઇલેક્ટ્રોનિક પેમેન્ટ્સ મોડ્સ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (જુઓ પાનું ૨) ▶▶

## એફસીઆરએ બિલ: ૧૨ ઑગસ્ટે ચર્ચા

### આ કાયદો પાછલી તારીખથી અમલી નહીં બને એવો મિઝોરમના સીએમનો અમિત શાહને મળ્યા પછી દાવો

નવી દિલ્હી: કેન્દ્રિય ગૃહપ્રધાન અમિત શાહ સાથે મુલાકાત બાદ મિઝોરમના મુખ્ય પ્રધાન લાલદુ હોમાએ કહ્યું હતું કે વિવાદાસ્પદ એફસીઆરએ સંશોધન બિલ પર સંસદમાં ૧૨ ઓગસ્ટના રોજ ચર્ચા અને તેને મંજૂર કરાવવાની પ્રક્રિયા કરાશે પરંતુ આ બિલ પાછલી તારીખથી લાગુ થશે નહીં. લાલદુહોમા અને મિઝોરમના ચર્ચ નેતાઓના એક પ્રતિનિધિમંડળે વિદેશી યોગદાન (વિનિયમન) સંશોધન બિલ, ૨૦૨૬ અંગે અમિત શાહ સમક્ષ પોતાની ચિંતાઓ વ્યક્ત કરી હતી. આ બિલનો હેતુ વિદેશી ભંડોળ પ્રાપ્ત કરનારી સંસ્થાઓની દેખરેખને (જુઓ પાનું ૨) ▶▶

## કાયદાનું પાલન કરો છો કે નહીં: મેટાને અલ્ગોરિધમને મામલે સરકારનો સવાલ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો વીડિયો હટાવવાને લઈને મેટાની મુશ્કેલીઓ ઓછી થવાનું નામ લઈ રહી નથી. ગુરુવારે મેટાની ગ્બોબલ ટીમે ભારતીય કાયદાઓનું પાલન કરવાને લઈને કેન્દ્ર સરકાર સાથે વાતચીત કરી હતી. ગુરુવારે સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત આવેલી મેટાની ગ્લોબલ ટીમને સરકાર સવાલ કરી રહી છે કે કંપની દેશના કાયદાનું પાલન કરી રહી છે કે નહીં. સરકાર અને મેટા ગ્લોબલ ટીમ વચ્ચે હાલમાં ચર્ચા ચાલી રહી છે.

સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, મેટાને તેમના અલ્ગોરિધમ્સ, કમ્પ્લાયન્સ સિસ્ટમમાં ચેક અને બેલેન્સની સિસ્ટમ અને શું બંધારણીય અને કાનૂની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સુરક્ષા ગાર્ડરેલ શું છે? તેના પર પણ સવાલ કરવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આઇટી (જુઓ પાનું ૨) ▶▶

## બળાત્કારના કેસમાં તરુણ તેજપાલને દસ વર્ષની સખત કેદ

### તહેલકાના ભૂતપૂર્વ તંત્રીને ૧૦.૨૧ લાખનો દંડ પણ

પણજી: બોમ્બે હાઇ કોર્ટે તહેલકાના ભૂતપૂર્વ તંત્રી તરુણ તેજપાલને ૨૦૧૩માં પોતાના સાથી પર બળાત્કાર કરવાના કેસમાં ગુરુવારે દોષી ઠેરવીને દસ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા ૧૦,૨૧,૦૦૦નો દંડ કર્યો હતો. ગોવાની સેશન્સ કોર્ટે (સત્ર ન્યાયાલયે) પાંચ વર્ષ પહેલાં તરુણ તેજપાલને આ કેસમાંથી છોડવાના આપેલા આદેશને વડી અદાલત દ્વારા રદબાતલ કરાયો હતો.

બોમ્બે હાઇ કોર્ટની ગોવા બૅન્ચનાં ન્યાયાધીશ નીલા ગોખલે અને ન્યાયાધીશ અમિત જામસાંડેકરે શરૂઆતમાં તરુણ તેજપાલને બે અઠવાડિયામાં શરણે થવા આદેશ આપ્યો હતો, પરંતુ તેમના વકીલોએ કરેલી વિનંતિને પગલે અદાલતે આ સમય લંબાવીને ચાર અઠવાડિયાનો કર્યો હતો. અદાલતે તરુણ તેજપાલને ઓછી સજા કરતા જણાવ્યું (જુઓ પાનું ૨) ▶▶

## ૨૪ નહીં, બે કલાકમાં સંવેદનશીલ ઓનલાઇન કન્ટેન્ટ હટાવવું પડશે

નવી દિલ્હી: સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ માટે સંવેદનશીલ બાબતો સાથે જોડાયેલું ઓનલાઇન કન્ટેન્ટ હટાવવાનો સમય અગાઉના ૨૪ કલાકથી ઘટાડીને બે કલાક કર્યો છે, એમ ગુરુવારે એક સરકારી નિવેદનમાં જણાવાયું હતું. નિવેદન અનુસાર, ડીપફેક્સ અને એઆઇ-જનરેટેડ કન્ટેન્ટ સહિત સિન્થેટિકલી જનરેટેડ ઇન્ફોર્મેશનથી થતા નુકસાનને રોકવા માટે નિયામક માળખાને મજબૂત કરવાના હેતુથી ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ આઇટી નિયમો ૨૦૨૧ માં સુધારા કરવામાં આવ્યા હતા. સિદ્ધાંતોના (જુઓ પાનું ૨) ▶▶

## ૭૪.૫ કરોડ: આ છે મોદીનો વિદેશ પ્રવાસનો ખર્ચ

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે સંસદમાં આ વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિદેશ યાત્રા પર થયેલા કુલ ખર્ચનો ખુલાસો કર્યો છે. વિદેશ મંત્રાલયે રાજ્યસભામાં માહિતી આપી હતી કે આ વર્ષે અત્યાર સુધીમાં વડાપ્રધાનની વિદેશ યાત્રાઓ પર ૭૪.૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ ઉપરાંત વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, મોદીની આ વિદેશ મુલાકાતોએ દ્વિપક્ષીય અને વૈશ્વિક સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરી છે, જેના પરિણામે એપ્રિલ ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૫ વચ્ચે ભારતમાં ૩૮૧.૮ અબજ ડોલર એફડીઆઇ આવી છે.આ અંગે આમ આદમી પાર્ટીના (જુઓ પાનું ૨) ▶▶

## સીજેપી આવતા મહિને 'ક્યા બોલતી પબ્લિક' અભિયાન શરૂ કરશે: દીપકે

છત્રપતિ સંભાજીનગર:'કૉક્રોચ જનતા પાર્ટી' (સીજેપી) સમગ્ર ભારતમાં લોકો સાથે સંવાદ સાધવા અને તેમની સમસ્યાઓ જાણવા માટે આવતા મહિને 'ક્યા બોલતી પબ્લિક' અભિયાન શરૂ કરશે, તેમ સીજેપીના સ્થાપક અભિજિત દીપકેએ ગુરુવારે જણાવ્યું હતું. મહારાષ્ટ્રના તેમના વતન છત્રપતિ સંભાજીનગરમાં સીજેપીની કોર ટીમની બેઠક પૂર્ણ થયા બાદ તેઓ (જુઓ પાનું ૨) ▶▶

## દેશમાં બાયોગૅસનું ઉત્પાદન વધારવા ૨૩,૭૩૧ કરોડની ગોબરધન યોજના

નવી દિલ્હી: કેન્દ્રના પ્રધાનમંડળે દેશમાં બાયોગૅસનું ઉત્પાદન વધારવા માટેની રૂપિયા ૨૩,૭૩૧ કરોડના ખર્ચવાળી યોજનાને ગુરુવારે મંજૂરી આપી હતી.માહિતી અને પ્રસારણ વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે યુનિફાઇડ બાયૉએનર્જી સ્કીમ 'ગોબરધન' યોજનાનો અમલ ૨૦૨૬-૨૬થી ૨૦૩૫-૩૬ દરમિયાન કરાશે.સત્તાવાર યાદીમાં જણાવાયું હતું કે ઢોરોના છાણ, મ્યુનિસિપલ ઓર્ગૅનિક વૅસ્ટ વગેરેનો ઉપયોગ કરીને બાયૉગૅસનું ઉત્પાદન વધારવાથી સ્વચ્છ ઈંધણ અને સેન્દ્રિય ખાતર મળશે તેમ જ ગ્રામીણ ક્ષેત્રની આવક પણ વધશે. તેણે જણાવ્યું હતું (જુઓ પાનું ૨) ▶▶

## શિવસેનામાં 'એકહથ્થું' શાસન કઇ રીતે ચાલે?: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના જૂથને 'ખરી શિવસેના' ગણવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી ઉદ્ધવ ઠાકરેના જૂથની અરજીની અંતિમ સુનાવણી દરમિયાન સર્વોચ્ચ અદાલતે ગુરુવારે શિવસેનાના સુધારિત બંધારણ સામે સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે પક્ષમાં દેખીતી રીતે 'એકહથ્થું' શાસન ચાલતું લાગે છે. પક્ષ (શિવસેના)નું મૂળ બંધારણ લોકતાંત્રિક સિદ્ધાંત પર આધારિત હતું, પરંતુ બાદમાં તેમાં સુધારો કરીને તેને દેખીતી રીતે 'એકહથ્થું' શાસનને અનુકૂળ બનાવી દેવાયું હોવાનું લાગે છે. બૅન્ચે જણાવ્યું હતું કે રાજકીય પક્ષોએ પણ (જુઓ પાનું ૨) ▶▶

## ઇરાન હોર્મુઝ ખાડીમાં સાત ટકા ટૉલ વસૂલવાની તૈયારીમાં

તહેરાન: ઇરાન હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં વેપારી જહાજો પાસેથી સાત ટકા સુધીનો ટૉલ વસૂલવા માટે ઓમાનની સાથે મંત્રણા કરી રહ્યું છે.

આ ઉપરાંત, જો આ ઇરાન અને ઓમાન વચ્ચે સંબંધિત કરાર થઇ જાય તો મોટા ભાગની હોર્મુઝ સામુદ્રધુની પર ઇરાનનો જ અંકુશ રહેશે.

ઇરાન જો હોર્મુઝ ખાડીમાંથી પસાર થતાં જહાજો પાસેથી શિપિંગ ટૉલ વસૂલવાનું શરૂ કરશે, તો તેને દર વર્ષે ૧૦૦ અબજ ડૉલરની આવક થવાની શક્યતા છે.

ઇરાનના નાયબ વિદેશ પ્રધાન કામેઝ ગરીબાબાદીએ જણાવ્યું હતું કે હોર્મુઝ ખાડીમાંથી આવ-જા કરતા જહાજો ઇરાનના જળવિસ્તારમાંથી પસાર થતાં (જુઓ પાનું ૨) ▶▶


**પ્રતીક્ષાનો અંત: અંક પ્રગટ થઇ ચૂક્યો છે**

**જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ**

**ત્રીજી સદીમાં પ્રવેશી પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ**

**વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ**
**મુંબઈ સમાચાર**
કિંમત: ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૩



પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૩-૮૪ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૮-૪૯ ■ ઈ.સ. તા. ૧૦-૧૧-૨૦૨૬ થી તા. ૨૬-૦૩-૨૦૨૮

**સંપૂર્ણ ૧૭ માસનો સરળ, સચોટ, માહિતીસભર અને દળદાર અંક**
**૩૫૨ પૃષ્ઠના આ પંચાંગમાં આપને મળશે**

- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- ૧૭ માસના મુંબઈ સમાચાર પંચાંગમાં સંવત-શકે-ઈસવીસન સહિત બે વર્ષના ભારતીય રાષ્ટ્રીય કેલેન્ડર તથા તહેવારોની વિગતો વર્ષ ૨૦૨૬-૨૦૨૭-૨૦૨૮.
- તિથિ-યોગ- નક્ષત્ર-કરણ (દિવસના બન્ને કરણ) ચંદ્ર રાશિ પ્રવેશ અને મુંબઈ, રાજકોટ, અમદાવાદના સૂર્યોદયાસ્ત-સાંપતિક કાળ- પારસી- મુસ્લિમ તારીખ સહિત, એક માત્ર આ પંચાંગમાં દૈનિક અભિજિત (વિજય) મુહૂર્ત સાથે.
- દૈનિક આવશ્યક શાસ્ત્રાર્થ (વ્રતવ્રતાદિ, ઋતુ ઉત્સવો, તહેવારો રોજિંદા ઉપયોગી મુહૂર્તો) સાથે જ શુભાશુભ દિવસની વિગતો.
- સામાન્યજનો પણ સહેલાઈથી જાણી શકે તે હેતુસર મહિલાઓનાં વ્રતો: બીજ, ચતુર્થી, એકાદશી, પૂર્ણિમા, અમાસ, સંકષ્ટ ચતુર્થી અને તેના ચંદ્રોદયના સમયનું વિવિધ શહેરોનું કોષ્ટક તથા પ્રદોષ, શિવરાત્રી, ફાંકડું ચોથનું ઘર - પંચક, વિંછુડો, પુષ્ય અને રોહિણી નક્ષત્ર-ભરતી-ઓટ કોષ્ટકો.
- સૂક્ષ્મતા-સ્પષ્ટતા અને શાસ્ત્રોક્ત નિયમોની જાણકારી સાથે ગણિત અને ફળાદેશ માટે જરૂરી તેવા કોષ્ટકો.
- સંવત ૨૦૮૩નું રાશિ ભવિષ્ય
- મુહૂર્ત મેળાપકના નિયમો અને ગુણાંક કોષ્ટક તેમ જ પૂજા કરાવવી ન પડે તે માટેના નિયમોને આધીન લગ્ન મુહૂર્તની તારીખોનું વર-કન્યાની રાશિ પ્રમાણે કોષ્ટક.
- ગ્રહોનો નક્ષત્ર પ્રવેશ સાથે અભિજીત નક્ષત્ર પ્રવેશ ને સમાપ્તિ, નવમાંશ ગ્રહોની યુતિ તથા સમાપ્તિ સમય.
- શૂન્ય કાળ (નિર્બળ) ચંદ્ર વિશે માહિતી અને તે સમયે શું કરવું શું ન કરવું તેની વિગત.
- ગુરુ-શુક્રનાં અસ્તકાળમાં વિવાહ કરી શકાય એવી અલગથી તારીખનો સમાવેશ કર્યો છે.
- મુહૂર્તો-પ્રવાસ (પ્રવેશ-પ્રયાણ) માટેની સૂક્ષ્મ માહિતી અને વ્રતનો ઉપયોગી સ્પષ્ટ સમય.

**સંશોધન સભર લેખો**

- ★ તિથિનિર્ધારણની પ્રાચીન અવધારણા: એક ગહન સંશોધન
- ★ શુભ ગુરુ – શુભ ભાગ્ય
- ★ પિતૃદોષ...
- ★ રાહુ અને કેતુ એક અભ્યાસ
- ★ વાસ્તુશાસ્ત્રમાં દ્વારદિશા માટે મહત્ત્વની માહિતી
- ★ નોકરી કરતા જાતકો: સ્વભાવ – ખાસિયત – ઉપાય
- ★ પરદેશગમનમાં નવમાંશ ડિસ્પોઝિટરનું મહત્ત્વ
- ★ સિંહ રાશિનું વિશેષ અવલોકન
- ★ સાત ચક્ર અને તેના થકી થનારા રોગો
- ★ ઘડીયાં લગ્ન (અચાનક) કયા ગ્રહ યોગથી થાય?

માહિતી માટે સંપર્ક કરો: ફોન નં. ૦૨૨-૨૨૦૪૫૫૩૧-૩૩ **મુંબઈ સમાચાર** રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

**ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી** ગ્રાઉન્ડ ફલોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬





## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ‘તહેલકા’ના તેજપાલને તેમનાં કુકર્મોની સજા મળી

**ભારતમાં** એક સમયે ખળભળાટ મચાવી દેનારા તરુણ તેજપાલ બળાત્કાર કેસમાં ફરી ટ્વિસ્ટ આવી ગયો. ‘તહેલકા’ મેગેઝિનના સ્થાપક તંત્રી તેજપાલ સામે તેના જ મેગેઝિનની રીપોર્ટર યુવતીએ નવેમ્બર, ૨૦૧૩માં જાતિય હુમલા (સેક્સ્યુઅલ એસોલ્ટ) અને બળાત્કારના પ્રયાસનો આક્ષેપ કરેલો પણ ગોવાની સેશન્સ કોર્ટે તેજપાલને નિર્દોષ છોડી મૂક્યા હતા. તેની સામે ગોવા સરકારે બોમ્બે હાઈકોર્ટની ગોવા બેંચમાં અરજી કરેલી. હાઈ કોર્ટે સેશન્સ કોર્ટના ચુકાદાને બદલીને તેજપાલને દોષિત ઠેરવી દીધા.

હાઈ કોર્ટે તેજપાલને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે એ જોતાં માંડ માંડ છૂટેલા તેજપાલ પાછા જેલની હવા ખાતા થઈ જશે. સેશન્સ કોર્ટના ચુકાદાના કારણે પાંચ વર્ષ લગી બહારની હવા ખાનારા તેજપાલે બાકીની જિંદગી જેલમાં વિતાવવી પડે એવી પૂરી શક્યતા છે. તેજપાલ પાસે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાનો વિકલ્પ છે. સુપ્રીમ કોર્ટ તેજપાલને જામીન પણ આપી શકે કેમ કે તેજપાલની ઉંમર ૬૨ વર્ષ છે પણ તેના કારણે જે કાળી ટીલી લાગેલી છે એ ભુંસાવાની નથી. એક જમાનામાં પોતાના ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમથી પત્રકારોના હીરો બની ગયેલા અને અટલ બિહારી વાજપેયી સરકારને હચમચાવી દેનારા તેજપાલ પર બળાત્કારીનું લેબલ લાગે એ આઘાતજનક છે પણ તેમાં કોઈનો વાંક નથી. તેજપાલ પોતાનાં કુકર્મોની જ સજા ભોગવી રહ્યા છે.

તેજપાલ સામેનો કેસ ૧૩ વર્ષ જૂનો છે. તેજપાલ ૨૦૧૩માં ‘તહેલકા’ મેગેઝિનના તંત્રી હતા ત્યારે ‘તહેલકા’ મેગેઝિનની રિપોર્ટર યુવતીએ નવેમ્બર, ૨૦૧૩માં તેજપાલ સામે જાતીય હુમલા (સેક્સ્યુઅલ એસોલ્ટ) અને બળાત્કારના પ્રયાસનો આક્ષેપ કર્યો હતો. આ યુવતીનો આક્ષેપ હતો કે, ગોવામાં એક ફાઈવ સ્ટાર રીસોર્ટમાં ચાલી રહેલી કોન્ફરન્સ દરમિયાન તેજપાલે બદતમીઝી કરીને જાતીય હુમલો કર્યો હતો. યુવતીનો દાવો હતો કે, તેજપાલે લિફ્ટમાં પણ તેની સાથે શારીરિક છૂટછાટ લેવાની કોશિશ કરી હતી. યુવતીએ પછીથી તેજપાલે ક્યાં ક્યાં તેની સાથે ખરાબ વર્તન કર્યું તેની સંપૂર્ણ વિગતો આપી હતી અને કોર્ટમાં જુબાનીમાં પણ આખો ઘટનાક્રમ વર્ણવ્યો હતો.

યુવતીના આક્ષેપો અત્યંત આઘાતજનક હતા. આ યુવતી તેજપાલની દીકરી કારાની મિત્ર હતી ને પોતાની દીકરીની ઉંમરની છોકરી સાથે એક કહેવાતો પ્રતિષ્ઠિત માણસ આવી નીચ હરકત કરે એ સાંભળીને જ લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. ગોવા ભાજપ સરકારે તેજપાલને તરત પકડીને અંદર કરી દીધેલા પણ તેજપાલ લાંબો સમય જેલમાં રહ્યા નહીં. લગભગ છ મહિના પછી ૨૦૧૪ના મે મહિનામાં માતા ગુજરી જતાં તેમને અંતિમવિધિ કરવા જામીન મળ્યા હતા. આ જામીન પૂરા થયા પછી બે મહિના માંડ જેલમાં રહ્યા હશે ત્યાં જુલાઈ, ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે જામીન આપતાં એ બહાર આવી ગયેલા. ૨૦૧૭માં આરોપનામું દાખલ થયું પછી પણ તેજપાલ જામીન પર જ હતા ને ૨૦૨૧માં તો કોર્ટે જ છોડી મૂકેલા તેથી જેલમાં જવાનો સવાલ જ નહોતો. આમ, બળાત્કારના આરોપી હોવા છતાં તેજપાલ માંડ છ મહિના જ જેલમાં રહ્યા છે. હવે ગોવા પોલીસ તેમને કેટલો સમય જેલમાં રાખી શકે છે એ જોવાનું છે.

તેજપાલ સામે બળાત્કારનો આક્ષેપ થયો ત્યારે એવી વાતો ચાલેલી કે, ભાજપ સરકારે બદલો લેવા માટે તેમને ફિટ કરી દીધા છે. તેજપાલે ૨૦૦૧માં ભાજપની કેન્દ્રમાં સરકાર હતી ત્યારે સ્ટિંગ ઓપરેશન કરીને સંરક્ષણ સોદાઓમાં ચાલતા ભ્રષ્ટાચારને ખુલ્લો પાડીને અટલ બિહારી વાજપેયી સરકારને હચમચાવી દીધી હતી. તેજપાલે બનાવટી કંપની ઊભી કરીને સંરક્ષણને લગતા કોન્ટ્રાક્ટ મેળવવા ભાજપ તથા તેના સાથી પક્ષોના નેતાઓનો સંપર્ક કરેલો. ભાજપના તત્કાલીન પ્રમુખ બાંગારું લક્ષ્મણ અને સમતા પાર્ટીનાં પ્રમુખ જયા જેટલીએ તહેલકાના રિપોર્ટર્સ પાસેથી લાંચ લીધેલી ને બદલામાં મદદ કરવાનું વચન આપેલું. બીજા પણ ઘણા નાના નાના નેતાના પાપ કેમેરામાં કેદ થયેલાં.

બાંગારું લક્ષ્મણ, જયા જેટલી વગેરેએ દેશ સાથે ગદ્દારી કરી હોવાના કારણે લોકોમાં ભારે આક્રોશ હતો ને તેની કિંમત ૨૦૦૪માં ભાજપે લોકસભાની ચૂંટણીમાં હાર સાથે ચૂકવી હતી. ભાજપે તહેલકાનું ઓપરેશન કોંગ્રેસના ઈશારે કરાયેલું એવા આક્ષેપો કરેલા પણ લોકોના ગળે વાત નહોતી ઉતરી. વાજપેયીએ લક્ષ્મણને ઘરભેગા કરેલા ને જ્યોર્જ ફર્નાન્ડિઝને પણ સંરક્ષણ મંત્રીપદેથી હટાવી દીધેલા પણ લોકો તહેલકા કાંડને ભૂલ્યા નહોતા. ભાજપના નેતાઓને આ કારણે તેજપાલ નહોતા ગમતા.

તેજપાલ ભેરવાયા ત્યારે મનોહર પર્રિકર ગોવાના મુખ્યમંત્રી હતા. પર્રિકર સંઘના માણસ ને બાંગરુંના ચેલા હતા તેથી ગુરુદક્ષિણા ચૂકવવા તેજપાલને જાતીય સતામણીના કેસમાં ફસાવી દીધા એવી વાતો ચાલેલી. તેજપાલે પણ આક્ષેપ કરેલો કે, પોતાનો અવાજ દબાવવા ભાજપે ફસાવ્યા છે. પોતે ભાજપ સામે સ્ટિંગ ઓપરેશન કર્યું તેનો બદલો ભાજપે ફિટ કરીને લીધો એવું તેજપાલ પોતે અને તેમના મળતિયા કહેતા પણ આ વાતો બકવાસ હતી.

પહેલી વાત એ કે, તહેલકા કાંડના ૧૨ વર્ષ પછી તેજપાલ સામે કેસ થયો ને બીજી વાત એ કે, તેજપાલે ગંદી હરકતો કરી હોવાના સીસીટીવી સહિતના પુરાવા ઉપલબ્ધ હતા. ભાજપે તેજપાલની ધરપકડ કરવામાં ઉત્સાહ બતાવેલો પણ તેના કારણે ફિટ કર્યાનો આક્ષેપ ના કરી શકાય. ભાજપની સરકારો બધા કેસોમાં આવો ઉત્સાહ નથી બતાવતી એ અલગ વાત છે પણ તેજપાલે કુકર્મ કર્યું તેમાં ભાજપને તક મળી એ જોતાં ભાજપ પર દોષારોપણ ના કરી શકાય. તેજપાલે પોતે ‘અયોગ્ય વર્તન’ કર્યું હોવાનું પણ કોર્ટમાં સ્વીકારેલું એ જોતાં ભાજપને દોષ ના આપી શકાય.

તેજપાલે ભલે ‘અયોગ્ય વર્તન’ કર્યું હોવાનું કહ્યું પણ તેમનું વર્તન અક્ષમ્ય હતું. રિપોર્ટર યુવતી તેજપાલની દીકરીની ઉંમરની હતી ને દીકરીની મિત્ર હતી. તેજપાલ તો તેના માટે પિતા સમાન હતા. મિત્રના પિતાની છત્રછાયામાં પોતે એકદમ સલામત હોવાનું માનીને એ નોકરી કરતી હતી. આ યુવતી સાથે ‘અયોગ્ય વર્તન’ કરીને તેજપાલે વિશ્વાસઘાત કર્યો હતો ને પોતે હળાહળ અનૈતિકતા આચરી હતી. આ વર્તને તેજપાલના ચાવવાના અને બતાવવાના જુદા જુદા હોવાનું પણ સાબિત કર્યું હતું.

‘તહેલકા’ દ્વારા તેજપાલ રાજકારણીઓની અનૈતિકતા અને ભ્રષ્ટાચાર સામે લડવાની વાતો કરતા, સામાજિક અનૈતિકતાની વાતો પણ કરતા હતા. નોકરીના સ્થળે સ્ત્રીઓનું શારીરિક શોષણ થાય એ મુદ્દે તેજપાલે ઘણી સ્ટોરીઝ કરેલી ને આ દૂષણને રોકવા ઝુંબેશ ચલાવવાની વાતો પણ કરેલી. આખી દુનિયાને આ જ્ઞાન આપનારા તેજપાલે પોતે જ પોતાનાથી ૩૦ વર્ષ નાની છોકરીનું શારીરિક શોષણ કરવાની કોશિશ કરી એ અક્ષમ્ય કહેવાય એ જોતાં તેમને થયેલી સજા બહુ ઓછી છે. કોર્ટની મર્યાદા છે કે, દરેક અપરાધ માટે સંસદે બનાવેલા કાયદાથી વધારે સજા ના આપી શકાય તેથી કોર્ટે પોતાનું કામ કર્યું પણ આ દેશની પ્રજાએ તેમને માફ ના કરવા જોઈએ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, શુક્રવાર, તા. ૭–૮–૨૦૨૬, ભદ્રા

- ભારતીય દિનાંક ૧૬, માહે શ્રાવણ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, આષાઢ વદ –૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે આષાઢ, તિથિ વદ –૯
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૮
- નક્ષત્ર કૃતિકા સાંજે ક. ૧૮–૪૨ સુધી, પછી રોહિણી
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભમાં (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સાંજે ક. ૧૭–૩૨.
- ઓટઃ ક. ૧૧–૫૭, મધ્યરાત્રે ક. ૦૦–૩૮
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – નવમી. ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭–૨૦ થી બપોરે ક. ૧૩–૫૯. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા, વાહન હાથી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું પૂજન વિશેષરૂપે, ઉંબરાના વૃક્ષનું પૂજન, અગ્નિદેવતાનું પૂજન, ગુલરના ઔષધીય પ્રયોગો, ૐ અગ્નયે નમઃના મંત્ર જાપ કરવા. માલ વેંચવો, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પશુ લેવડદેવડ, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, સપ્તશતી પાઠ વાંચન, હવન.
- આચમનઃ સૂર્ય–શનિ ત્રિકોણ આગળ ધપવાની ઈચ્છાવાળા, ચંદ્ર–શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર–હર્ષલ યુતિ ચસ્કેલું મન.
- ખગોળ જ્યોતિષઃ સૂર્ય–શનિ ત્રિકોણ, ચંદ્ર–શુક્ર ત્રિકોણ, ચંદ્ર–રાહુ ચતુષ્કોણ, ચંદ્ર–હર્ષલ યુતિ. ચંદ્ર કૃતિકા યુતિ. ચંદ્ર ક્રાંતિવૃત્તથી મહત્તમ ઉત્તરે ૫ અંશ ૧૬ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–કર્ક, મંગળ–મિથુન, માર્ગી બુધ–કર્ક, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# મોદી અને નેતન્યાહુ વચ્ચે ફોન પર વાતચીત

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ વચ્ચે ગુરુવારે ટેલિફોન પર વાતચીત થઇ હતી. વડા પ્રધાન કાર્યાલય(પીએમઓ) અનુસાર બંને નેતાઓએ ભારત-ઇઝરાયલ સંબંધો અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અંગે ચર્ચા કરી હતી. વડા પ્રધાન કાર્યાલય અનુસાર બંને નેતાઓએ ભારત-ઇઝરાયલ સ્પેશિયલ સ્ટ્રેટેઝિક પાર્ટનરશિપમાં થઇ રહેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. તેમજ બંને દેશોના પરસ્પર લાભ માટે વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગને વધુ મજબૂત બનાવવાના તેમના સંકલ્પને પુનરાવર્તિત કર્યો હતો.

વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયામાં તાજેતરના ઘટનાક્રમો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. પીએમઓએ કહ્યું કે વડા પ્રધાન મોદી અને વડા પ્રધાન નેતન્યાહુ ભવિષ્યમાં પણ નિયમિત સંપર્કમાં રહેવા માટે સંમત થયા હતા. અત્રે નોંધનીય છે કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ છેલ્લા પાંચ મહિના કરતાં વધુ સમયથી ચાલી રહ્યો છે, પરંતુ હજુ તેનો કોઇ કાયમી ઉકેલ આવ્યો નથી.

# અગ્નિ-૪ મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હીઃ ભારતે ગુરુવારે ઓડિશાના ચાંદીપુરમાં ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જ પરથી બેલિસ્ટિક મિસાઇલ અગ્નિ-૪નું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યું હોવાના સમાચાર જાણવા મળ્યાં છે.મિસાઇલનું પરીક્ષણ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે મધ્યમ રેન્જની બેલિસ્ટિક મિસાઇલ ‘અગ્નિ-૪’નું ૬ ઓગસ્ટના રોજ ઓડિશાના ચાંદીપુરમાં ઈન્ટિગ્રેટેડ ટેસ્ટ રેન્જથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રક્ષેપણથી તમામ ઓપરેશનલ અને ટેકનિકલ પરિમાણો માન્ય થયા. આ પરીક્ષણ સ્ટ્રેટેજિક ફોર્સિસ કમાન્ડના નેજા હેઠળ કરવામાં આવ્યું હતું, તેવું મંત્રાલયે જણાવ્યું હતું.

# અતીક અહેમદના નાના પુત્રનું અકસ્માતમાં મોત

ઝાંસીઃ ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં ગુરુવારે ગૅન્ગસ્ટરમાંથી રાજકારણી બનેલા અતીક અહેમદના ૨૦ વર્ષીય સૌથી નાના પુત્ર અબાન અહેમદ અને તેના મિત્રના એક ભયંકર માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર કારમાં સવાર અન્ય ત્રણ લોકો અકસ્માતમાં ઘાયલ થયા છે. તેમની ઝાંસી મેડિકલ કોલેજમાં સારવાર ચાલી રહી છે. સવારે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ ડ્રાઇવરે નિયંત્રણ ખોઇ બેસતા એક એસયુવી રોડ ડિવાઇડર સાથે અથડાઇ હતી.

## પ્રજામત

### મકાન ખરીદનાર ધ્યાન આપે

મુંબઈમાં મકાન હવે લાખોમાં નહીં, પરંતુ કરોડો રૂપિયામાં બોલાય છે. નામચીન બિલ્ડરોના પ્રોજેક્ટ જોવા મળે છે. ક્યારેક પઝેશન બે વર્ષે, ત્રણ વર્ષે એ રીતે બુકિંગ થાય છે. ખરીદદારે ખાસ ધ્યાન પાર્કિંગ વિશે રાખવું જોઈએ. તેમણે બિલ્ડર પાસેથી લખાવી લેવું જોઈએ કે તેમને પાર્કિંગ ક્યાં મળશે. કોઈ-કોઈ મોટા બિલ્ડરો બેઝમેન્ટમાં પાર્કિંગ આપે છે અને ત્યાર પછી ઉપરનું પાર્કિંગ પ્રીમિયમમાં વેચે છે. ખરીદનાર આ બાબતે ધ્યાન આપે તો પસ્તાવાનો વારો ન આવે.

**ફખરુદ્દીન ખાનભાઈ ચીતલવાલા**
**ભાયખલા**

### માત્ર વિડિયો નહીં, માનવતા પણ બતાવીએ

તાજેતરમાં મુંબઈ સહિત દેશના વિવિધ ભાગોમાં મારામારી, હુમલા અને અન્ય દુઃખદ ઘટનાઓના બનાવો સામે આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં ઘણા લોકો મદદ કરવા કરતાં મોબાઇલમાં વીડિયો બનાવવામાં વધુ વ્યસ્ત જોવા મળે છે. આપણે સૌએ યાદ રાખવું જોઈએ કે મુશ્કેલીમાં મુકાયેલી વ્યક્તિને સમયસર મળેલી મદદ તેનો જીવ બચાવી શકે છે. જો આપણે માત્ર દર્શક બનીને ઊભા રહીએ તો ગુનેગારોમાં હિંમત વધે છે અને સમાજમાં ભયનું વાતાવરણ સર્જાય છે. આજે કોઈ અજાણી વ્યક્તિ ભોગ બની રહી છે, પરંતુ આવતી કાલે આપણા પરિવારનો સભ્ય, મિત્ર કે નજીકની વ્યક્તિ પણ આવી ઘટનાનો ભોગ બની શકે છે. આથી તમામ નાગરિકોને અપીલ છે કે

- પોતાની સલામતીનું ધ્યાન રાખીને શક્ય હોય એટલી મદદ કરો
- તરત જ પોલીસ અથવા અન્ય ઇમર્જન્સી સેવાઓને જાણ કરો
- આસપાસના લોકોને અવાજ આપો અને સહયોગ એકત્ર કરો
- માત્ર વીડિયો બનાવવામાં સમય ન બગાડો, પ્રથમ પ્રાથમિકતા પીડિતની મદદ હોવી જોઈએ
- કાયદો પોતાના હાથમાં ન લો, પરંતુ કાયદેસર રીતે પોલીસને સહકાર આપો

સજાગ નાગરિક જ સુરક્ષિત સમાજનું નિર્માણ કરે છે. ચાલો, માત્ર દર્શક નહીં, જવાબદાર નાગરિક બનીએ.

**-જયંત જોશી**

### ‘મુંબઈ સમાચાર’ અમર રહો

મુંબઈ સમાચારના ૨૦૫મા જન્મદિવસનું શ્રેય તંત્રી, ઉપતંત્રી તથા અન્ય સ્ટાફના પ્રામાણિક અને નિષ્ઠાવાન કાર્યનું મીઠું ફળ છે. આ પેપર અઠવાડિયાના સાત દિવસ વિવિધ સાહિત્ય પીરસીને વિવિધ સ્તરના લોકોને જ્ઞાન અને મનોરંજન પીરસતું દેશ-વિદેશનું લોકમાન્ય, લોકપ્રિય વર્તમાનપત્ર છે. આ પેપરની ‘સુખનો પાસવર્ડ’ કૉલમ સર્વને પ્રિય છે તથા એ નીતિમત્તા શીખવતી પાઠશાળા છે. આ કૉલમે મને ઘણા પ્રસંગે માર્ગદર્શન આપ્યું છે. આ પૃથ્વીલોકમાં જ્યાં સુધી સૂરજ અને ચાંદ ચમકતા રહેશે ત્યાં સુધી ‘મુંબઈ સમાચાર’ ચમકતું રહેશ. અમારું મુંબઈ સમાચાર અમર રહો.

**-ભૂપેન્દ્ર રતિલાલ દોશી, પૂના**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

– તંત્રી

પહેલા પાનાનું ચાલુ

### શિવસેનામાં

લોકતાંત્રિક રીતે કામ કરવાની જરૂર છે.

ઉદ્ધવ ઠાકરેના જૂથના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે આ મુદ્દો ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં નથી આવતો, પણ તે રાજકીય પક્ષને પોતાનું (પાર્ટીનું) બંધારણ સુધારવા કહી શકે છે. અનેક એવા રાજકીય પક્ષ છે કે જેમાં છેલ્લાં અનેક વર્ષથી સંગઠન સ્તરે (આંતરિક) ચૂંટણી નથી યોજાઇ. ચૂંટણી પંચ પાસે પક્ષનું બંધારણ યોગ્ય છે કે નહિ, તે નક્કી કરવાની સત્તા નથી.

સિબલે જણાવ્યું હતું કે પક્ષના (શિવસેનાના) બન્ને જૂથે પક્ષનું ૨૦૧૮નું બંધારણ સ્વીકાર્યું હતું અને તેઓ વર્ષો સુધી તેના આધારે કામગીરી કરતા હતા. શિંદે જૂથ પાસે વિધાનસભ્યોની બહુમતી હતી, જ્યારે ઠાકરે જૂથ પાસે સંગઠનના પ્રાથમિક સભ્યોની બહુમતી હતી. ઠાકરે જૂથ પાસે ૧૯.૪ લાખ પ્રાથમિક સભ્યોનો ટેકો હતો, જ્યારે શિંદે જૂથ પાસે માત્ર ૪.૪૮ લાખ પ્રાથમિક સભ્યોનો ટેકો હતો.

તેમણે જણાવ્યું હતું કે એકનાથ શિંદેએ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા તે પછી તેમનું વિધાનસભામાંનું સંખ્યાબળ ૩૧થી વધીને ૫૬ થયું હતું. લોકોને સત્તા લોહચુંબકની જેમ આકર્ષે છે.

મહારાષ્ટ્રના બન્ને રાજકીય જૂથ વચ્ચે પક્ષના ચિહ્ન ‘ધનુષ્ય અને બાણ’ને મુદ્દે પણ ખેંચતાણ ચાલી રહી છે.

સર્વોચ્ચ અદાલતે આ કેસની વધુ સુનાવણી ૧૧ ઑગસ્ટ પર મુલતવી રાખી હતી.

દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનની બનેલી બૅન્ચ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનાને ‘ધનુષ્ય અને તીર’નું ચિહ્ન ફાળવવાના ચૂંટણી પંચના આદેશને પડકારતી ૨૦૨૪માં કરાયેલી બે અરજીની અંતિમ સુનાવણી કરી રહી છે.

ચૂંટણી પંચે એકનાથ શિંદેની શિવસેનાને ‘ખરી શિવસેના’ ગણતા ૨૦૨૩ની ૧૭ ફેબ્રુઆરીએ લીધેલા નિર્ણયને પણ સર્વોચ્ચ અદાલતમાં પડકારાયો હતો.

અગાઉ, ઉદ્ધવ ઠાકરેના જૂથના વકીલ કપિલ સિબલે જણાવ્યું હતું કે ચૂંટણી પંચે આ કિસ્સામાં પક્ષના બંધારણની અવગણના કરી હતી અને તેને ૨૦૧૩ના માર્ચમાં સુધારેલું બંધારણ અપાયું હતું. આ પ્રકરણમાં પક્ષપલટાનો મુદ્દો ઊભો થાય છે. ચૂંટણીનું ચિહ્ન હંમેશાં રાજકીય પક્ષની માલિકીનું જ હોય છે. શિવસેનાના ૨૦૧૮ના રેકૉર્ડ્સમાં એકનાથ શિંદેને ‘પક્ષ પ્રમુખ’ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની શિવસેનાની રાષ્ટ્રીય કારોબારીના સભ્ય તરીકે જ ગણાવાયા હતા. (એજન્સી)

### યુપીઆઇ

(એમડીઆર) વસૂલવાથી અટકાવે છે. આરટીજીએસ અને એનઇએફટી મારફતે કરવામાં આવતા રિયલ ટાઈમ પેમેન્ટ માટે સર્વિસ ચાર્જ આપવો પડે છે જોકે, યુપીઆઈ ટ્રાન્જેક્શનને અત્યાર સુધી આવા ચાર્જમાંથી મુક્તિ આપવામાં આવી છે. પેમેન્ટ અને સેટલમેન્ટ સિસ્ટમ્સ એક્ટમાં પ્રસ્તાવિત ફેરફારો કરવેરા પરના વ્યાપક કાયદાનો એક ભાગ છે, જે મંગળવારે ગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો.બપોરે ૨ વાગ્યે ગૃહ ફરી શરૂ થયા પછી લોકસભામાં ધ્વનિ મતદાન દ્વારા બિલ પસાર કરવામાં આવ્યું હતું. સંસદની કાર્યવાહી ફરી શરૂ થતાં જ નાણા પ્રધાન નિર્મલા સીતારમણે ટેક્સેશન એન્ડ અધર લોઝ (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૬ રજૂ કર્યું હતું. જેનો હેતુ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ,૨૦૦૭ અને ઈન્કમ ટેક્સ એક્ટ,૨૦૨૫મા સંશોધન કરવાનો હતો અને ફાઈનાન્સ એક્ટ, ૨૦૨૬માં ફેરફાર કરવાનો હતો જેથી તેના પર વિચાર કરી શકાય સરકારનો હેતુ ગ્રાહકો અને નાના વ્યવસાયો માટે ડિજિટલ પેમેન્ટ સર્વિસ પર નાના ચાર્જ વસૂલવાનો છે, જ્યારે ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ચલાવતી બેન્કો, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ અને ચુકવણી માળખાગત કંપનીઓ માટે ટકાઉ આવક મૉડેલ સુનિશ્ચિત કરવાનો છે.

### એફસીઆરએ

કડક બનાવવાનો છે. જેમાં એક શક્તિશાળી નવી ઓથોરિટી બનાવવાનો પ્રસ્તાવ છે જે એ બિન-લાભકારી સંસ્થાઓની સંપત્તિ જપ્ત કરી શકશે અને તેનું સંચાલન કરી શકશે જેનું લાઈસન્સ રદ થઈ ગયું છે.

તેમણે સંસદ પરિસરમાં પત્રકારોને કહ્યું હતું કે અમે નવા એફસીઆરએ બિલને લઈને પોતાની આશંકાઓ ગૃહમંત્રીને જણાવી છે. તેમણે અમને ખાતરી આપી હતી કે આ બિલ છેલ્લી તારીખથી અમલમાં આવશે નહીં.

તેમને જયારે પૂછવામાં આવ્યું હતું કે શું ગૃહપ્રધાને સંસદમાં એફસીઆરએ સંશોધન બિલ પર ચર્ચા અને તેને પસાર કરવા માટે કોઈ તારીખ જણાવી છે તો તેના જવાબમાં લાલદુહમાએ જણાવ્યું હતું કે શાહે તેમને કહ્યું હતું કે પ્રસ્તાવિત કાયદા પર ૧૨ ઓગસ્ટના રોજ ગૃહમાં ચર્ચા કરવામાં આવશે. આ બિલ પચીસ માર્ચના રોજ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

### દેશમાં બાયોગૅસનું

કે ‘ગોબરધન સ્કીમ’ દ્વારા દેશના કૉમ્પ્રેસ્ડ બાયોગૅસ ક્ષેત્રને રાષ્ટ્રીય સ્તરે પહોંચાડવા માટે પાઇપલાઇનનું આંતરિક માળખું વિકસાવાશે અને તેના માટે કરજ કે અન્ય રીતે આર્થિક સહાય કરાશે. (એજન્સી)

### જેન–ઝીની

અભિપ્રાય ધરાવતા લોકો એક જગ્યાએ ભેગા થાય છે અને ચર્ચા બાદ સર્વસંમતિ સાધે છે. તેમણે જણાવ્યું હતું કે જો કોઇ કારણસર સમસ્યાને સાંભળવામાં ન આવે, તો લોકો આંદોલનનો માર્ગ અપનાવે છે. આમ છતાં, આ બધાનો હેતુ વિભાજનનો નહિ, પરંતુ સર્વસંમતિ સાધવાનો જ હોવો જોઇએ. જેન ઝીની સમસ્યા સાચી હતી અને મને તેઓની પ્રામાણિકતામાં વિશ્વાસ છે.મોહન ભાગવતે એક સંસ્કૃત શ્લોકનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સાચો નેતા જ્ઞાની હોવો જોઇએ, બીજાના સારા ગુણના વખાણ કરતો, સફળતામાં અન્ય લોકોને સહભાગી બનાવતો અને લડાઇના સમયે સારા લડવૈયાની જેમ લડતો હોવો જોઇએ. તેમણે જણાવ્યું હતું કે હું મારી જાતને નેતા નથી ગણતો. હું મારી જાતને એક કાર્યકર ગણાવું છું. સાચી નેતાગીરી દ્વારા અન્ય સારા નેતાઓ તૈયાર થવા જોઇએ.

આરએસએસના વડાએ જણાવ્યું હતું કે સમસ્યા ઉકેલવા માટે હંમેશાં પ્રથમ પગલું ‘મંત્રણા’ કરવાનું હોવું જોઇએ. મંત્રણા નિષ્ફળ જાય, તો પછી શું કરવું, તે બાદમાં વિચારવું જોઇએ. અગાઉની પેઢીના લોકો પોતાના વડીલોની વાત સામો સવાલ કર્યા વિના માની જતા હતા, પરંતુ જેન ઝી ‘યોગ્ય જવાબ’ માગે છે.તેમણે જણાવ્યું હતું કે સોશ્યલ મીડિયા પર પ્રતિબંધ મૂકવો એ કંઇ સમસ્યાનો ઉકેલ નથી, પરંતુ સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે સ્વયં-શિસ્ત રાખવું જરૂરી છે. લોકોનો અભિગમ ન બદલાય ત્યાં સુધી કાયદા અને નિયમની અસર નથી થતી. લોકોએ સોશ્યલ મીડિયામાં આવતી માહિતી સાચી છે કે નહિ, તે તપાસ્યા વિના તેને સાચી માની લેવી ન જોઇએ. (એજન્સી)

### ઈરાન હોર્મુઝ ખાડીમાં

હોવાથી તહેરાન દ્વારા તેઓ પાસેથી ટૉલ વસૂલી શકાય છે.ઇરાન વેપારી જહાજમાંના માલસામાનના મૂલ્યને આધારે પાંચથી સાત ટકા ટૉલ વસૂલવા માગે છે, જ્યારે ઓમાન ત્રણ ટકા ટૉલ વસૂલવાની વાત કરી રહ્યું છે.વિશ્વમાં દરિયાઇ માર્ગે જતાં ખનિજ તેલમાંનું વીસ ટકા ઑઇલ હોર્મુઝ ખાડીમાંથી જ લઇ જવાય છે. તહેરાન જો વેપારી જહાજો પાસેથી સાત ટકા ટૉલ વસૂલ કરવાનું શરૂ કરે, તો તેને દરરોજની ૩૮.૫ કરોડ ડૉલરની અને દર વર્ષે ૧૦૦ અબજ ડૉલરની આવક થઇ શકે છે.

### બળાત્કારના કેસમાં

હતું કે આ ઘટના ૧૩ વર્ષ પહેલાં બની હતી અને ત્યાર બાદ તેણે કોઇ અન્ય ગુનો કર્યો નહિ હોવાથી ઓછી સજા કરાઇ છે. અમે આશા રાખીએ છીએ કે ઘટનાના ૧૩ વર્ષ બાદ બન્ને પક્ષકાર (બળાત્કારનો ભોગ બનેલી મહિલા અને તેજપાલ) હવે સામાન્ય જીવન જીવતા હશે. અદાલતે તરુણ તેજપાલને કરેલા રૂપિયા ૧૦,૨૧,૦૦૦ના દંડની રકમ બળાત્કારનો ભોગ બનેલી મહિલાને આપવા પણ આદેશ આપ્યો હતો. તહેલકાના ભૂતપૂર્વ તંત્રીએ ક્ષમા માટે અદાલતને વિનંતિ કરી હતી અને જણાવ્યું હતું કે હું ‘રાજકીય કિન્નાખોરી’નો ભોગ બન્યો છું અને બે દીકરીનો બાપ છું. ગોવા સરકારના વકીલ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ગુનેગારને વધુમાં વધુ સજા કરવા આદેશ આપવા અદાલતને વિનંતિ કરી હતી. તરુણ તેજપાલે જણાવ્યું હતું કે હું વડી અદાલતના આ આદેશને સર્વોચ્ચ અદાલતમાં પડકારીશ. (એજન્સી)

### સીજેપી આવતા

પત્રકાર પરિષદને સંબોધિત કરી રહ્યા હતા. બુધવારે દીપકેના નિવાસસ્થાને કોર ટીમની બેઠકો યોજાઈ હતી. ‘ક્યા બોલતી પબ્લિક’ અભિયાન દરમિયાન, અમને જાણવા મળશે કે દેશની વર્તમાન પરિસ્થિતિ વિશે લોકો શું વિચારે છે અને તેઓ કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, તેમણે કહ્યું. કેન્દ્રીય પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને વિદ્યાર્થી આંદોલનની સૌથી મોટી સિદ્ધિ ગણાવતા દીપકે કહ્યું, ‘‘છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં આ સરકારે લોકોના મનમાં જે ભય પેદા કર્યો હતો, તે હવે સમાપ્ત થઈ ગયો છે. લોકો હવે રસ્તા પર ઊતરશે.

### ૨૪ નહીં, બે કલાકમાં

પાલન માટેની સમયમર્યાદા સખત કરવામાં આવી છે. જે હેઠળ યોગ્ય સરકાર અથવા કોર્ટના આદેશથી મળેલા માન્ય અને સકારણ સૂચનાના આધારે ગેરકાનૂની માહિતી હટાવવાની સમયમર્યાદા ૩૬ કલાકથી ઘટાડીને ૩ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત, ફરિયાદોના નિવારણ માટેની સમયમર્યાદા ૭૨ કલાકથી ઘટાડીને ૩૬ કલાક અને નગ્નતા/કોઈની ઓળખ ચોરીને બોગસ પ્રોફાઇલ બનાવવી જેવી વિશેષ સંવેદનશીલ બાબતો માટે સમયમર્યાદા ૨૪ કલાકથી ઘટાડીને બે કલાક કરવામાં આવી છે, એમ સરકારી નિવેદનમાં જણાવાયું છે.

### કાયદાનું પાલન

મંત્રી અશ્વિની વૈષ્ણવે ગુરુવારે મેટા ગ્લોબલ ટીમ સાથે મુલાકાત કરી હતી અને ત્યારબાદ ટેક્નિકલ ટીમો સાથે મંત્રાલયની ચર્ચાઓ ચાલુ રહેશે. ૨૦૧૧માં મેટા (તે સમયે ફેસબુક)માં જોડાતા પહેલા મેટાના ગ્લોબલ અફેર્સ હેડ જોએલ કપલાન જ્યોર્જ ડબલ્યુ બુશ સરકારમાં સેવા આપી ચૂક્યા છે. તેમણે વાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ ફોર પોલિસી તરીકે સેવા આપી હતી. બુધવારે કપલાન અને તેમની ટીમે આઇટી સચિવ એસ કૃષ્ણન અને પછી આઇટી મંત્રીને મળ્યા હતા. બુધવારે યુએસ ટેક જાયન્ટના અધિકારીઓ વૈષ્ણવને મળ્યા પછી સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે મેટાએ મોદીની પોસ્ટને અસ્થાયી રૂપે દૂર કરવા તેમજ બાળ જાતીય શોષણના કન્ટેન્ટથી લઈને ડીપફેક અને રૂપિયા લઈને ચોક્કસ કન્ટેન્ટને પ્રોત્સાહન આપવા સુધીની નિષ્ફળતાઓ માટે માફી માગી છે.

### ૭૪.૫ કરોડ

સાંસદ સંજય સિંહ અને ડાબેરી પક્ષના સાંસદ ડો. વી. શિવદાસને રાજ્યસભામાં વડાપ્રધાનની વિદેશ મુલાકાતો અંગે એક અતારાંકિત પ્રશ્ન રજૂ કર્યો હતો. સાંસદોએ વર્ષ અને મુલાકાતો દ્વારા વિભાજિત ખર્ચ, હસ્તાક્ષરિત સમજૂતી કરાર અને ૨૦૨૧ થી અત્યાર સુધી દેશમાં વિદેશી સીધા રોકાણના પ્રવાહની વિગતો માગી હતી.

વિદેશ રાજ્યમંત્રી પબિત્રા માર્ગિરટાએ રાજ્યસભામાં લેખિત જવાબ રજૂ કર્યો. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૧થી પ્રધાનમંત્રી દ્વારા કરવામાં આવેલી તમામ વિદેશી મુલાકાતો અને તેના પર થયેલા કુલ ખર્ચની વ્યાપક વિગતો પૂરી પાડવામાં આવી છે.

જેમાં સરકારે ભૂતકાળની યાત્રાના ખર્ચના આંકડા પણ રજૂ કર્યા હતા. જેમાં વર્ષ ૨૦૧૧ માં અમેરિકાની મુલાકાત પર ₹૧૦.૭૪ કરોડ, ૨૦૧૩ માં રશિયાની મુલાકાત પર ₹૯.૯૫ કરોડ, ૨૦૧૧ માં ફ્રાન્સની મુલાકાત પર ₹૮.૩૩ કરોડ અને ૨૦૧૩ માં જર્મનીની મુલાકાત પર ₹૬.૦૨ કરોડ ખર્ચવામાં આવ્યા હતા.

# પીક અવર્સમાં મધ્ય રેલવેની ટ્રેનસેવા પ્રભાવિત

મુંબઈઃ શહેરની ‘લાઈફલાઈન’ ગણાતી લોકલ ટ્રેન સેવા મધ્ય રેલવે સવારે ફરી એકવાર ખોરવાઈ હતી. થાણે સ્ટેશન પર એક લોકલ ટ્રેનમાં ટેકનિકલ ખામી સર્જાતા સેન્ટ્રલ રેલવેની અપ સ્લો લાઈન પર ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો, જ્યારે અન્ય બનાવમાં પ્રવાસીની તબિયત લથડ્યા પછી એમ બે ઘટનાના કારણે સવારે પીક અવર્સ દરમિયાન ઓફિસ જતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ સહિત હજારો મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

મળતી માહિતી મુજબ થાણે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર ગુરુવારે સવારે ૮:૪૨ વાગ્યે પહોંચેલી ઝ-૩૬ સબર્બન લોકલ ટ્રેનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. ખામીના કારણે આ ટ્રેનને રદ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેને સમારકામ માટે કુર્લા કાર શેડમાં મોકલવામાં આવી હતી. ટ્રેનમાં ખામી સર્જાયા બાદ તે પ્લેટફોર્મ નંબર ચાર પર ૮:૪૨ વાગ્યાથી ૯:૦૩ વાગ્યા સુધી એટલે કે લગભગ ૨૧ મિનિટ સુધી ઊભી રાખવામાં આવી હતી. જેના કારણે અપ સ્લો લાઇન પર પાછળ આવતી અનેક લોકલ ટ્રેનોને રોકવી પડી હતી અને ટ્રેન વ્યવહાર પર તેની અસર પડી હતી.

આ ટેકનિકલ ખામીના કારણે અપ સ્લો લાઈન પર ચાલતી લોકલ ટ્રેનોમાં ૪૦થી ૪૫ મિનિટ મોડી પડી હતી. સવારે કામકાજના સમયે મોટી સંખ્યામાં મુસાફરો ટ્રેનની રાહ જોતા જોવા મળ્યા હતા. થાણે, મુલુંડ, ભાંડુપ, કાંજુરમાર્ગ, વિક્રોલી અને ઘાટકોપર જેવા સ્ટેશનો પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી હતી.

દરમિયાન આજે જ એક અલગ ઘટનામાં ડાઉન સ્લો લોકલ ટ્રેનમાં મુસાફરી કરી રહેલા એક મુસાફરની તબિયત પરેલ સ્ટેશન પર અચાનક ખરાબ થઇ હતી. કલ્યાણ (ઊં-૨૫) લોકલ ટ્રેન પરેલ સ્ટેશન પર ઊભી હતી ત્યારે મુસાફરની તબિયત બગડી હોવાની માહિતી મળતા જ સરકારી રેલવે પોલીસ (જીઆરપી), ડેપ્યુટી સ્ટેશન મેનેજર અને રેલવે સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુસાફરને ડેપ્યુટી સ્ટેશન મેનેજરની ઓફિસમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. રેલવે સ્ટાફે મુસાફરને વધુ સારવાર માટે સાયન હોસ્પિટલ લઈ જવાની સલાહ આપી હતી, પરંતુ મુસાફરે હોસ્પિટલમાં દાખલ થવાનો ઇનકાર કર્યો હતો. ■

# મજાસ બસ ડેપોમાં છતનું પ્લાસ્ટર તૂટી પડતાં બેસ્ટ વેટ-લીઝ ઓપરેટરના ત્રણ મિકેનિક જખમી

મુંબઈઃ જોગેશ્રીના મજાસ બસ ડેપોમાં સ્ટોર રૂમ-કમ-રેસ્ટ રૂમની છત પરથી પ્લાસ્ટરના ટુકડા તૂટી પડતાં બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) વેટ-લીઝ બસ ઓપરેટર માતેશ્વરી અર્બન ટ્રાન્સપોર્ટ સાથે કામ કરતા ત્રણ મિકેનિક જખમી થયા હોવાનો બનાવ બન્યો હતો. આ ઘટના સવારે લગભગ ૬.૪૫ વાગ્યે બની હતી જ્યારે છત પરથી પ્લાસ્ટર અચાનક રૂમની અંદર પડી ગયું હતું, જેમાં ઓપરેટરના ઍન્જિનિયરિંગ વિભાગના ત્રણ મિકેનિક જખમી થયા હતા. તેમને જોગેશ્વરીમાં આવેલી ટ્રોમા કેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# મહારાષ્ટ્રમાં ૧૫,૪૦૭ બોગસ ક્લેમઃ એસઆઈટીને તપાસ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારના આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (એબીએમજેએવાય) અને મહાત્મા જ્યોતિરાવ ફુલે જન આરોગ્ય યોજના (એમજેપીજેએવાય) હેઠળ વર્ષ ૨૦૨૪થી ૨૦૨૬ દરમિયાન ૧૫,૪૦૭ શંકાસ્પદ આરોગ્ય વીમા ક્લેમ્સ કરાયા હોવાની ચોંકાવનારી બાબત બહાર આવ્યા બાદ સફાળી જાગેલી મહારાષ્ટ્ર સરકારે તેની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. ગઈકાલે જાહેર કરાયેલા સરકારી ઠરાવ મુજબ રાજ્યભરમાં વિવિધ જિલ્લાઓમાં ગેરરીતિઓની આશંકા વ્યક્ત થતાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં ૧૦ જુલાઈએ યોજાયેલી સમીક્ષા બેઠક બાદ આ બાબતની તપાસ કરવાનો નિર્ણય લેવાયો હતો. આ અગાઉ જિલ્લા સિવિલ સર્જન અને જિલ્લા આરોગ્ય અધિકારીઓને તમામ ૧૫,૪૦૭ કેસમાં લાભાર્થીઓની સ્થળ પર જઈને ચકાસણી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. હવે નાશિક વિભાગીય કમિશનર પ્રવીણ ગેડમના નેતૃત્વમાં એસઆઈટી આ સમગ્ર મામલાની તપાસ કરશે.

એસઆઈટીને ૩૦ દિવસમાં પોતાનો અહેવાલ સરકારને સોંપવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

# સગર્ભા ડૉગી સાથે રિક્ષામાં કુકર્મઃ ગોરેગામમાં રસોઈયો પકડાયો

## પશુ હૉસ્પિટલમાં ડૉગીને પાંચ બચ્ચાં મૃત જન્મ્યાં

મુંબઈઃ ગોરેગામમાં બનેલી હિચકારી ઘટનામાં રસોઈયાએ રસ્તાને કિનારે પાર્ક રિક્ષામાં સગર્ભા ડૉગી સાથે કુકર્મ આચર્યું હતું. ઘટનાને બીજે દિવસે પશુ હૉસ્પિટલમાં લઈ જવાયેલી ડૉગીએ આઠ બચ્ચાંને જન્મ આપ્યો હતો, જેમાંથી પાંચ મૃત્યુ પામ્યાં હતાં. મળતી માહિતી અનુસાર ઘટના સોમવારની મધરાતે ગોરેગામ પશ્ચિમના રામ મંદિર વિસ્તારમાં બની હતી. રામ મંદિર નજીક રહેતા એક પ્રાણીપ્રેમીની ફરિયાદને આધારે ગોરેગામ પોલીસે ગુરુવારે અજિત દાસ (૨૬) નામના યુવક વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. કૂક તરીકે કામ કરતા દાસને તાબામાં લઈ પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ ફરિયાદ અનુસાર સોમવારની રાતે જમ્યા પછી ફરિયાદી મધરાતે એક વાગ્યાની આસપાસ સ્કૂટર નજીકની ઈમારત પાસે પાર્ક કરવા ગયો હતો. તે સમયે રસ્તાને કિનારે પાર્ક રિક્ષામાં આરોપી યુવક એક ડૉગી સાથે નજરે પડ્યો હતો. શંકાસ્પદ જણાતાં ફરિયાદી રિક્ષા નજીક ગયો હતો અને યુવકની પૂછપરછ કરી હતી. ફરિયાદીને જોતાં જ આરોપીએ સગર્ભા ડૉગીને છોડી દીધી હતી. આરોપી ઉડાઉ જવાબ આપતો હોવાથી ફરિયાદીએ પોલીસ કન્ટ્રોલમાં કૉલ કરી માહિતી આપી હતી.■

# ડોંબિવલીમાં ઈજાગ્રસ્ત યુવતીને ઊંચકીને દોડી મહિલા ટીસી

મુંબઈઃ મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનોમાં ભારે ભીડ હોવી સામાન્ય વાત છે. આવી અતિશય ભીડને કારણે અવારનવાર મુસાફરો પ્લેટફોર્મ પર પડી જવાના કે ઈજાગ્રસ્ત થવાના બનાવો બનતા હોય છે. આવી જ એક દર્દનાક ઘટના મધ્ય રેલવેના ડોંબિવલી રેલવે સ્ટેશન પર બની હતી. જ્યાં ટ્રેનમાંથી ઊતરતી વખતે અતિશય ભીડના કારણે એક ૨૩ વર્ષીય યુવતી પ્લેટફોર્મ પર પડી ગઈ હતી, પરંતુ આ સમયે ડ્યૂટી પર તહેનાત મધ્ય રેલવેની મહિલા હેડ ટિકિટ કલેક્ટર (TC) એ પોતાની ફરજ અને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

મધ્ય રેલવેના જણાવ્યા અનુસાર, આ ઘટના ડોમ્બિવલી સ્ટેશનના પ્લેટફોર્મ નંબર પાંચ પર બની હતી. ટિકિટ ચેકિંગ હેડ ટિકિટ કલેક્ટર વૃષાલી સાવંત જાધવ ત્યાં ડ્યૂટી પર હતાં. એ દરમિયાન ટ્રેનમાંથી ઊતરતી વખતે ૨૩ વર્ષીય મુસાફર પૂજા નામની યુવતી ભીડના ધક્કાના કારણે પ્લેટફોર્મ પર પડી ગઈ હતી. તેમણે જાતે જ ઈજાગ્રસ્ત યુવતીને પોતાના ખોળામાં ઊંચકી લીધી અને દોડીને સ્ટેશન માસ્ટરની ઓફિસે પહોંચાડી. ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ યુવતીને તરત નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. નેટિઝન્સ મહિલા ટીસીની બહાદુરી અને સ્ફૂર્તિના વખાણ કરતાં નથી થાકી રહ્યા. ■

# આવતા અઠવાડિયે સાંતાક્રુઝમાં ૨૪ કલાક પાણીપુરવઠો બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરમાં સાંતાક્રુઝ અને અંધેરી વિસ્તારમાં પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે અમુક કામ હાથ ધરવામાં આવવાના છે, જેમાં આવતા અઠવાડિયામાં મંગળવારથી બુધવાર સુધીના ૨૪ કલાકમાં અંધેરીમાં પાણી ઓછા દબાણ સાથે તો સાંતાક્રુઝમાં આ સમય દરમ્યાન પાણીપુરવઠો બંધ રહેશે.

પાણીપુરવઠા વિભાગના જણાવ્યા મુજબ પાણીપુરવઠામાં સુધારણા કરવા માટે વિવિધ ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવવાની છે, જેમાં ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની વૈતરણા પાઈપલાઈન આંશિક રીતે ખંડિત કરવામાં આવવાની છે, જેનું કામ મંગળવાર, ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યાથી બુધવાર, ૧૨ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ સવારે ૧૦ વાગ્યા સુધી હાથ ધરવામાં આવશે.

કબીર નગર, બામણવાડા, પારસીવાડા, એરપોર્ટ વિસ્તાર, તરુણ ભારત કોલોની, ઈસ્લામપુરા, દેઉલવાડી, ઘાટીવાડા, ચકલા, પી એન્ડ ટી કોલોની (ઓછા દબાણથી પાણી પુરવઠો બપોરે ૦૨.૦૦ થી ૫.૩૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે).

કોલડોંગરી, જૂની પોલીસ લેન, વિજય નગર (સહાર રોડ), મોગરાપાડા (ઓછા દબાણથી પાણી પુરવઠો સાંજે પાંચ વાગ્યાથી રાત્રે ૧૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે)

બુધવાર, ૧૨મી ઓગસ્ટ ૨૦૨૬ - સહાર વિલેજ, સુતાર પાખડી, કાર્ગો કોમ્પ્લેક્સ (ઓછા દબાણથી પાણી પુરવઠો સવારે પાંચ વાગ્યાથી સવારે આઠ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે).સાંતાક્રુઝમાં મંગળવાર અને બુધવાર પાણી બંધ રહેશે, જેમાં ડોમેસ્ટિક એરપોર્ટ, હેંગર સ્ટાફ કોલોની, એર ઈન્ડિયા કોલોની, સાંતાક્રુઝ (પૂર્વ), બાંદ્રા રેલ્વે ટર્મિનસ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્સ ખાતે પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. બુધવારે સાંતાક્રુઝ (પૂર્વ), ખાર (પૂર્વ), બાંદ્રા (પૂર્વ)ને પાણી પુરવઠો સંપૂર્ણપણે બંધ રહેશે. ■

# રસ્તા પર જન્મદિનની ઉજવણી કરી ઍરગનથી ફાયરિંગઃ ૧૦ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીમાં મધરાતે રસ્તા પર જન્મદિનની ઉજવણી વખતે ભારે ધમાલ કરીને ઍરગનથી ફાયરિંગ કરવામાં આવ્યાનો વીડિયો વાયરલ થતાં પોલીસે ૧૦ શકમંદને તાબામાં લઈ તપાસ હાથ ધરી હતી.

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં આકાશ નામના યુવકનો જન્મદિન ઊજવતા મિત્રો નજરે પડે છે. રસ્તાની વચ્ચે ઈનોવા કાર ઊભી રાખવામાં આવી છે. તેના બોનેટ પર પાંચથી છ કેક મૂકીને ઉજાણી કરતા યુવાનોમાંથી એક હવામાં ગોળીબાર કરતો વીડિયોમાં નજરે પડે છે. આ વીડિયોની પોલીસે ગંભીર નોંધ લઈ તપાસ હાથ ધરી હતી. તપાસમાં જણાયું હતું કે ઘટના બુધવારની મધરાતે ૧૨.૩૦ વાગ્યાની આસપાસ બોરીવલી પશ્ચિમમાં ગોરાઈ વિસ્તારની સુવિદ્યા સ્કૂલ નજીકની એક સોસાયટી બહાર બની હતી. સોસાયટીમાં રહેતા આકાશ રામકૃપાલ ગુપ્તા (૨૬)ના જન્મદિનની મિત્રો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. રસ્તાની વચ્ચે કાર પાર્ક કરીને કેક કાપવામાં આવ્યો હતો. જોર જોરથી બૂમો પાડીને યુવાનોએ ધમાલ મચાવી હતી. તપાસમાં જણાયું હતું કે જતીન નવીન શર્મા (૨૬) તેની ઍરગન લાવ્યો હતો. એ ઍરગનમાંથી વિજેશ ઉપાધ્યાયે (૨૬) હવામાં ગોળીબાર કર્યો હતો. ગોળીબારના અવાજથી રહેવાસીઓમાં ડર ફેલાયો હતો.

વીડિયો અને રહેવાસીઓની પૂછપરછ બાદ બોરીવલી પોલીસે આ મામલે ગુનો નોંધ્યો હતો. તપાસ માટે આકાશ, જતીન અને વિજેશ સહિત ૧૦ જણને તાબામાં લેવાયા હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# બાન્દ્રાના ફૂટબોલ મેદાનનું આરક્ષણ બદલવા સામે વિરોધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ખુલ્લી જગ્યા અને મેદાનો બહુ બચ્યાં નથી ત્યારે બાન્દ્રાના આંતરરાષ્ટ્રીય દરજ્જાના ફૂટબોલ મેદાનનું આરક્ષણ બદલવામાં આવવાનું છે, તેને લગતો પ્રસ્તાવ મંજૂરી માટે આવવાનો છે. તેની સામે મુંબઈ કૉંગ્રેસે પાલિકા કમિશનરની મુલાકાત લઈને પોતાનો વિરોધ દર્શાવ્યો છે. પાલિકાના કૉંગ્રેસના ગ્રૂપ લીડર અશરફ આઝમીના નેતૃત્વમાં ગુરુવારે પક્ષના તમામ નેતાઓએ પાલિકા કમિશનર અશ્વિની ભીડેની મુલાકાત લઈને તે સંદર્ભમાં એક નિવેદન રજૂ કર્યું હતું. તેમના કહેવા મુજબ બાન્દ્રાનું નેવિલ ડિસોઝા ફૂટબોલ મેદાનનું રિઝર્વેશન રમતના મેદાન પરથી બદલીને તે પ્રદર્શન/સંમેલન કેન્દ્ર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો છે, તેની સામે કૉંગ્રેસનો વિરોધ છે. આ મેદાન ફક્ત જમીનનો ટુકડો નથી પણ મુંબઈના ફૂટબોલપ્રેમીઓ માટે એક મહત્ત્વનું સ્થાન છે. અહીં લગભગ ૪૦૦ યુવા ક્લબ અને ૩૦૦ સિનિયર ક્લબના માધ્યમથી દર વર્ષે ૮,૦૦૦થી ૧૦,૦૦૦ યુવા ફૂટબોલ પ્લેયરો પ્રેક્ટિસ કરે છે. ■

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ખોટકાયેલી ટ્રક સાથે કાર ટકરાતાં બે જણનાં મોતઃ મહિલા ગંભીર

થાણેઃ સમૃદ્ધિ એક્સપ્રેસવે પરથી પસાર થતી વખતે અચાનક બંધ પડી ગયેલી ટ્રક સાથે પાછળથી પુરપાટ વેગે આવેલી કાર ટકરાતાં બે જણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે મહિલા ગંભીર રીતે ઘવાઈ હતી.

ટિટવાલા પોલીસ અનુસાર મૃતકોની ઓળખ કાર ડ્રાઈવર હરીશ ટંડન (૪૦) અને ટ્રકના ક્લીનર ડબ્બુ (૧૮) તરીકે થઈ હતી. કારમાં હાજર મહિલા કંચન સોનાવણે અકસ્માતમાં ગંભીર રીતે ઘવાઈ હતી. સારવાર માટે તેને ભિવંડીની ઈન્દિરા ગાંધી મેમોરિયલ (આઈજીએમ) સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના ગુરુવારના મળસકે ૩.૧૫ વાગ્યાની આસપાસ એક્સપ્રેસવે પર શાહપુર નજીક બની હતી. મોટી ગૂડ્સ ટ્રક એકાએક ખોટકાતાં રસ્તાની વચ્ચે બંધ પડી ગઈ હતી. ટ્રક ડ્રાઈવર જોગેન્દર ભઘેલ અને ક્લીનર ડબ્બુ ટ્રકમાં શી ખામી છે તે તપાસવા નીચે ઊતર્યા હતા.

કહેવાય છે કે ક્લીનર ડબ્બુ પાછળથી આવતાં વાહનોના ડ્રાઈવરોને સચેત કરવા બૅટરી સાથે ટ્રકની પાછળના ભાગમાં ઊભો હતો, જ્યારે ડ્રાઈવર ટ્રકની આગળ એન્જિનમાં ચકાસણી કરતો હતો. તે સમયે પુરપાટ વેગે આવેલી કાર ટ્રક સાથે ભટકાઈ હતી.

કાર એટલા જોરથી ટકરાઈ હતી કે ટંડન અને ડબ્બુનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે કારમાં હાજર કંચન જખમી થઈ હતી. જોકે ટ્રકડ્રાઈવર જોગેન્દર અકસ્માતમાં હેમખેમ બચી ગયો હતો.

અકસ્માતની જાણ થતાં ટિટવાલા પોલીસ, મહારાષ્ટ્ર સિક્યોરિટી ફોર્સ (એમએસએફ) અને રોડ પેટ્રોલ વેહિકલ (આરપીવી) ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતગ્રસ્ત કાર અને ટ્રકને હાયડ્રા ક્રેનની મદદથી રસ્તાને કિનારે ખસેડવામાં આવી હતી. આ પ્રકરણે ટિટવાલા પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માત ખરેખર કઈ રીતે થયો તેની તપાસ પોલીસ કરી રહી છે. ■

## મરાઠા અનામત વિવાદ

# ‘૨૦૨૯માં તમે અમારા હાથમાં હશો’, મહાયુતિને જરાંગેની ચેતવણી

પુણે : મરાઠા અનામત આંદોલનકારી મનોજ જરાંગેએ ગુરુવારે ‘મહાયુતિ’ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે અનેક ચૂંટાયેલા પ્રતિનિધિઓના કુણબી જાતિના પ્રમાણપત્રો રદ થયા બાદ સરકાર પર મરાઠા સમુદાય વિરુદ્ધ કાવતરું રચવાનો આરોપ મૂક્યો હતો.

મરાઠવાડાની મરાઠા સમુદાયની ચાર મહિલા જનપ્રતિનિધિઓના ‘કુણબી’ જાતિ પ્રમાણપત્રોને જાતિ ચકાસણી સમિતિ દ્વારા અમાન્ય ઠેરવવામાં આવ્યા બાદ આ તીખી ટિપ્પણીઓ કરવામાં આવી હતી.આ ઘટનાક્રમે મરાઠા અનામત અને કુણબી દસ્તાવેજોના મુદ્દાને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે.

જાલનામાં પત્રકાર પરિષદને સંબોધતા જરાંગેએ આક્ષેપ કર્યો હતો કે મરાઠા સમુદાયને નબળો પાડવા માટે સરકાર જાણીજોઈને જાતિના પ્રમાણપત્રો જારી કરી રહી છે અને બાદમાં તેને રદ કરી રહી છે. એક મહત્ત્વપૂર્ણ રાજકીય વળાંકમાં, જરાંગેએ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની સીધી ટીકા કરી અને કહ્યું કે છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રથમ વખત છે જ્યારે તેઓ નાયબ મુખ્ય પ્રધાનનું નામ જાહેરમાં લઈ રહ્યા છે. જરાંગેએ આક્ષેપ કર્યો કે સત્તાધારી ગઠબંધને મરાઠા સમુદાય વિરુદ્ધ સુનિયોજિત રણનીતિ અપનાવી છે અને ચેતવણી એ કે આગામી વિધાનસભા ચૂંટણીમાં તેનાં રાજકીય પરિણામો ભોગવવા પડશે.

તેમણે કુણબી પ્રમાણપત્રો રદ કરવા અને જ્યોતિ દહીહંડે કેસ મુદ્દે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર પણ નિશાન સાધ્યું હતું.

જરાંગેએ મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલે પર કુણબી પ્રમાણપત્રો રદ કરાવવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો અને તેમની નાર્કો-એનાલિસિસ તપાસ કરવાની માગ કરી હતી. ■

# રત્નાગિરિમાં મહેસૂલ અધિકારી લાંચ લેતાં પકડાયો

થાણેઃ રત્નાગિરિ જિલ્લામાં જમીન રેકોર્ડમાં એન્ટ્રી માટે લાંચ માગવા અને સ્વીકારવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ મહેસૂલ અધિકારીની ધરપકડ કરી હતી.

મર્ચન્ટ નેવીના ૪૮ વર્ષના નિવૃત્ત જવાન એવા ફરિયાદીએ રત્નાગિરિ જિલ્લામાં મૌજે સાવર્ડે ખાતે તેની પત્નીના નામે ૨૧૮ સ્કવેર મીટરની જમીન ખરીદી હતી. જમીન રેકોર્ડમાં તેની એન્ટ્રી અંગે સ્થાનિક તલાઠીએ આપેલી સૂચનાને અનુસરીને ફરિયાદી સત્તાવાર મંજૂરી માટે ૩ ઑગસ્ટે સર્કલ ઓફિસરને મળ્યો હતો.

જોકે સર્કલ ઓફિસર એ કામ માટે પાંચ હજાર રૂપિયાની લાંચ માગી હતી. ફરિયાદીને લાંચ આપવી ન હોવાથી તેણે એસીબીના રત્નાગિરિ યુનિટનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી.(પીટીઆઇ)■












LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વિદ્યાવિહારનો આરઓબી સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયામાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લાંબા સમયથી રાહ જોવાતો વિદ્યાવિહાર ફ્લાયઓવર પ્રોજેક્ટ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ગયો છે, જેમાં મોટા ભાગનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. હવે માત્ર બે સ્પાનનું કૉંક્રિટ કાસ્ટિંગ બાકી છે. બાકીનું કામ ૩૧ ઑગસ્ટ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. એ બાદ પાલિકા લોડ ટેસ્ટિંગ અને અન્ય ફરજિયાત ટેક્નિકલ સેફ્ટીને લગતી બાબતોની તપાસ કરશે. સુરક્ષાના તમામ પાસાઓ સફળતાપૂર્વક ક્લિયર કર્યા પછી જ ફ્લાયઓવરને વાહનોની અવરજવર માટે ખોલવામાં આવશે અને કદાચિતઆઠ સપ્ટેમ્બર પછી ખુલ્લો મૂકવામાં આવે એવી શકયતા હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

આ કનેક્ટર વિદ્યાવિહાર પૂર્વમાં રામકૃષ્ણ ચેમ્બુરકર માર્ગને પશ્ચિમમાં લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ સાથે જોડે છે અને તેમાં રેલવે ટ્રેક પર ૧૦૦-મીટરનો પટ્ટો આવે છે. આ બ્રિજ વિદ્યાવિહાર રેલવે સ્ટેશનના ફૂટપાથ પર સીધો પ્રવેશ પણ આપશે અને તેથી રાહદારીઓ માટે કનેક્ટિવિટીમાં પણ સુધારો થશે. પાલિકાના બ્રિજ વિભાગના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે બે સ્પાનના કૉંક્રિટ કાસ્ટિંગને બાદ કરતાં મોટા ભાગનું કામ પૂર્ણ થઈ ગયું છે. કામ પૂર્ણ થયા પછી બ્રિજને ટ્રાફિક માટે ખોલતા પહેલા લોડ ટેસ્ટ અને ટેક્નિલ સેફ્ટીની તપાસ કરવામાં આવશે. આ બ્રિજ ખુલ્લો મુકાયા બાદ ટ્રાફિકને રોકવા માટે પાલિકાએ બ્રિજની બંને બાજુએ એપ્રોચ રોડ પહોળા કરવાનું શરૂ કર્યું છે. પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે ગુરુવારે કામની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને અડચણો અસરગ્રસ્ત સંસ્થાઓ, ફૂટપાથ અને વૃક્ષ સંબંધિત સમસ્યાઓને દૂર કરવા નિર્દેશ આપ્યો હતો.

સગીરાને બંધક બનાવી દુષ્કર્મ આચરવાનો કેસ

# આરોપીએ પોલીસ લોકઅપમાં નરમ ગાદલું, પિત્ઝાની કરી માગણી

નાગપુરઃ નાગપુરમાં ભાડાના ઘરમાં ૧૬ વર્ષની સગીરાને બંધક બનાવી તેની સાથે દુષ્કર્મ આચરવા બદલ ધરપકડ કરાયેલા થાણેના ૧૯ વર્ષના યુવકે પોલીસ લોકઅપમાં નરમ ગાદલું, પિત્ઝા અને મચ્છર મારવાની દવાની માગણી કરી હતી તેમ જ લોકઅપની સ્થિતિ અંગે ફરિયાદ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી નિર્મય માધવ પાખરેએ તેના અને સગીરાના મોબાઇલનો પાસવર્ડ જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો. આરોપીએ સગીરાને ઘરમાં બંધક બનાવી હતી ત્યારે તેનો મોબાઇલ લઇ લીધો હતો અને તેનો પાસવર્ડ બદલી નાખ્યો હતો.

ધરપકડ બાદ આરોપીએ લોકઅપની સ્થિતિ અંગે ફરિયાદ કરી હતી અને કહ્યું હતું કે લોકઅપની દીવાલો ગંદી છે અને ટોઇલેટ અસ્વચ્છ છે, એમ હુડકેશ્વર પોલીસે જણાવ્યું હતું.

આરોપીએ નાસ્તામાં પિત્ઝા, ઉચ્ચ ગુણવત્તાનું ભોજન, નરમ ગાદલું અને મચ્છર મારવાની દવાની માગણી કરી હતી. આરોપીએ શરૂઆતમાં તબીબી તપાસ કરાવવા માટે ઇનકાર કરી દીધો હતો, પણ તેને બાદમાં ટેસ્ટ માટે લઇ જવામાં આવ્યો હતો. નોંધનીય છે કે આરોપી નિર્મયે ગયા વર્ષે ફૅક ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ બનાવ્યું હતું. નિર્મયે ઇન્સ્ટાગ્રામ પર પીડિતા સાથે મિત્રતા કરી હતી અને બંને ચેટિંગ કરવા લાગ્યાં હતાં. પીડિતાએ પોતાના અંગત ફોટા આરોપીને શૅર કર્યા હતા. આરોપી બાદમાં પીડિતાના ફોટા ઓનલાઇન સર્ક્યુલેટ કરવાની ધમકી આપી તેને બ્લેકમેઇલ કરવા લાગ્યો હતો. તેણે પીડિતા સાથે હોટેલમાં દુષ્કર્મ આચર્યું હતું. આરોપીએ તેને દિઘોરી ખાતે ઘરમાં બોલાવી હતી, જ્યાં તેને ૩૦ કલાક સુધી બંધક બનાવી રાખી હતી અને તેના હાથ-પગ બાંધી વારંવાર તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

નાગપુરથી ૨ ઑગસ્ટે પીડિતા ગુમ થતાં પરિવારજનોએ હુડકેશ્વર પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ટેક્નિકલ બાબતોને અભ્યાસ કર્યા બાદ પીડિતાનું લોકેશન ટ્રેસ કર્યું હતું.

સોમવારે રાતે દિઘોરી વિસ્તારમાં પહોંચેલી પોલીસ ઘરનો દરવાજો તોડી અંદર પ્રવેશી ત્યારે પીડિતા બેડ પર પડેલી હતી અને તેના હાથ-પગ બંધાયેલા હતા. નજીકમાં આરોપી ઊભો હતો અને તેના હાથમાં પટ્ટો હતો. પીડિતાના શરીર પર ઇજાના ૨૦થી વધુ નિશાન હતા. (પીટીઆઇ)

# ડૉક્ટરો પર હુમલાના મામલે હાઈ કોર્ટ સાત ઑગસ્ટે સેનાના કોર્પોરેટરની જામીન અરજી મંજૂર કરે તેવી શક્યતા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે તે થાણે જિલ્લાની મ્યુનિસિપલ હોસ્પિટલમાં તબીબો પર હુમલો કરનાર આરોપી શિવસેનાના કોર્પોરેટર રમેશ મ્હાત્રેને જામીન આપવા ઈચ્છે છે, પરંતુ તે કડક શરતોને આધીન રહેશે. સંબંધિત તમામ પક્ષોને સાંભળ્યા બાદ, કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવીન્દ્ર વી. ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની બેન્ચે જામીનની કેટલીક શરતો જણાવી હતી અને કહ્યું હતું કે શુક્રવારે આ અંગેનો ઔપચારિક આદેશ પસાર કરવામાં આવશે.

ચાર્જશીટ દાખલ ન થાય ત્યાં સુધી રાજકારણીને રાજ્યમાં પ્રવેશ ન કરવાના નિર્દેશ ઉપરાંત, તેમને સાક્ષીઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્ક ન કરવા અને તેઓ જ્યાં રોકાવાના હોય તે સ્થળનું સરનામું તથા સંપર્ક નંબર પૂરા પાડવા માટે પણ કહેવામાં આવશે. સુનાવણી દરમિયાન, અદાલતે ચાર્જશીટની સ્થિતિ વિશે પૂછતાં સરકારી વકીલ શિશિર હિરેએ જણાવ્યું હતું કે ફોરેન્સિક વિશ્લેષણનો અહેવાલ મળ્યા બાદ તે દાખલ કરશે.

# સીજેપીએ રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની રચના કરીઃ દીપકે સંયોજક, દાસ અને રાંકા સહ-સંયોજક બન્યા

છત્રપતિ સંભાજીનગર : સંગઠનને મજબૂત કરવાના પ્રયાસરૂપે, 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) એ ગુરુવારે તેની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની રચના કરી છે અને તેના સ્થાપક અભિજિત દિપકે (૩૦) ની રાષ્ટ્રીય સંયોજક તરીકે નિમણૂક કરી છે. સીજેપીના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસ (૨૭) અને પ્રવક્તા આશુતોષ રાંકા (૩૦) આ સંગઠનના સહ-સંયોજક રહેશે.

દિપકેના નિવાસસ્થાને યોજાયેલી સીજેપીની કોર ટીમની બે દિવસીય બેઠક પૂર્ણ થયા બાદ ેઅહીં યોજાયેલી પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. સીજેપીએ દાવો કર્યો છે કે, નજીકના ભવિષ્યમાં તેઓ રાજકીય પક્ષની સ્થાપના નહીં કરે, પરંતુ તે પાયાના સ્તરે કામ કરશે.

તેમના નિવેદન મુજબ, પોતાના રોડમેપના અમલીકરણ માટે, સીજેપી સમગ્ર ભારતમાં રાજ્ય સંકલન સમિતિઓ તેમજ લોકસભા અને શહેર-સ્તરીય સંકલન એકમોની સ્થાપના કરશે.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન સંગઠનના વિસ્તરણ વિશે વાત કરતા સૌરવ દાસે કહ્યું, ''અમે અમારી વેબસાઇટ દ્વારા સભ્યપદ અભિયાન શરૂ કરી રહ્યા છીએ. વિદ્યાર્થીઓ, યુવા વ્યાવસાયિકો અને કામદારો સંયુક્ત રીતે પોતાનો અવાજ ઉઠાવવા માટે અમારી સાથે જોડાઈ શકે છે.સીજેપી કોઈ ભંડોળ ઉઘરાવવાનું નથી એમ દાસે ઉમેર્યું હતું. જોકે તેમણે ઈશારો કર્યો હતો

# મહારાષ્ટ્રમાં એક લાખથી વધુ ટેક્સી ડ્રાઈવર મરાઠી શીખી ગયા

મુંબઈઃપરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે ૧ મે, ૨૦૨૬થી તમામ ટેક્સી અને ઓટો રિક્ષા ચાલકો માટે મહારાષ્ટ્રની સત્તાવાર ભાષા કામ પૂરતી આવડવી ફરજિયાત બનાવ્યું ત્યારથી એક લાખથી વધુ બિન-મરાઠી ડ્રાઇવરોએ સામાન્ય વાતચીત કરતા આવડે એટલું મરાઠી શીખી લીધું છે.

મંત્રાલય ખાતે સમીક્ષા બેઠક યોજ્યા બાદ સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સરનાઈકે એપ-આધારિત ટેક્સીઓ ચલાવતા ડ્રાઇવરો સહિત અન્ય ડ્રાઇવરોને ૧૫ ઓગસ્ટ સુધીમાં મરાઠી તાલીમ પૂર્ણ કરવા વિનંતી કરી હતી.મહારાષ્ટ્ર સરકારે એપ્રિલમાં જાહેરાત કરી હતી કે રાજ્યમાં ઓટો રિક્ષા અને ટેક્સી ડ્રાઇવરો મુસાફરો સાથે મરાઠીમાં વાતચીત કરી શકવા જોઈએ અને તેમના ભાષાના જ્ઞાનની ચકાસણી કરવામાં આવશે. મહારાષ્ટ્ર દિવસ (૧ મે) ના રોજ 'હિન્દુહૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે મરાઠી શિકવાણી અભિયાન' પણ શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં સ્થળાંતરિત ડ્રાઇવરો માટે મરાઠીમાં એક અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

# ભાજપ મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાના પ્રયાસમાં છેઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ ગુરુવારે શાસક ભારતીય જનતા પક્ષ (ભાજપ) પર મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાનો પ્રયાસ કરવાનો આરોપ મૂક્યો હતો. પત્રકાર પરિષદમાં ઠાકરેએ જણાવ્યું હતું કે મુંબઈ મહાનગરપાલિકા અને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા)ના ત્રણ જાહેર પ્લોટ શ્રી વિલે પાર્લે કેળવણી મંડળને ફાળવવામાં આવ્યા હતા, જે ભાજપના વિધાન પરિષદના સભ્ય સાથે જોડાયેલા હતા. આદિત્ય ઠાકરેનું કહેવું હતું કે ભાજપની નીતિ મુંબઈની ખુલ્લી જગ્યાઓ પચાવી પાડવાની છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ફેરિયા બાદ હવે

ભીડેએ ગુરુવારે પશ્ચિમ ઉપનગરમાં વિલેપાર્લેમાં સ્વામી વિવેકાનંદ રોડ, રામ ગણેશ ગડકરી રોડ, બંડૂ ગોરે માર્ગ, ગોરેગામ રેલવે સ્ટેશન રોડ, શેઠ શ્રી દેવરાજજી ગુંદેચા ચોક, ગોરેગામ સ્ટેશન પાસેની ટોમેટો ગલી, દૂધ સાગર રોડ જેવા વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન નાગરિકો સરળતાથી ચાલી શકે તે માટે તેમણે ફૂટપાથ પરના અતિક્રમણ સંપૂર્ણ રીતે હટાવવાનો નિર્દેશ આપ્યો હતો.

'કે-પશ્ચિમ' વોર્ડમાં 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન અંતર્ગત પહેલા તબક્કામાં ૩૨૦ કિલોમીટરની લંબાઈની ફૂટપાથ પરથી અતિક્રમણ હટાવીને નાગરિકોને ચાલવા માટે તેને ઉપલબ્ધ કરી આપવામાં આવવાની છે. તેમ જ પશ્ચિમ ઉપનગરમાં કુલ ૩૫૫ રોડમાંથી ૨૭ રોડ હાથમાં લેવામાં આવ્યા છે, જેમાં આ ૨૭ રસ્તા પરના ૩૭.૭ કિલોમીટરના ફૂટપાથ અતિક્રમણ મુક્ત કરવામાં આવવાના છે.

'કે-પશ્ચિમ' અને 'પી-દક્ષિણ' વોર્ડમાં ફૂટપાથ પર હાઉસિંગ સોસાયટીઓ અને ગાળાધારકો દ્વારા વાહનોની અવરજવર માટે તૈયાર કરવામાં આવેલા રૅમ્પ અનેક ઠેકાણે નાગરિકોને ચાલવા માટે માર્ગમાં અડચણરૂપ બની રહ્યા છે. ખાસ કરીને સિનિયિર સિટિઝન, મહિલા, નાનાં બાળકો અને દિવ્યાંગ બાળકોને ફૂટપાથ પરના અવરોધોને કારણે ફૂટપાથને બદલે રસ્તા પર ચાલવું પડી રહ્યું છે. તેથી કમિશનરે આ પ્રકારના રૅમ્પ તાત્કાલિક હટાવવાનો નિર્દેશ આપ્યો છે. સંબંધિતોને એક મહિનાની અંદર જાતે જ આ અતિક્રમણ હટાવીને ફૂટપાથ પૂર્વવત્ કરવાની છે. નિર્દેશનું પાલન નહીં કરનારા વિરુદ્ધમાં પાલિકા નિયમ અનુસાર આકરી કાર્યવાહી કરવાની ચેતવણી કમિશનરે આપી છે. ફૂટપાથ પર અનેક ઠેકાણે ઊભા કરવામાં આવેલા સ્ટોલધારકોને પણ પર્યાયી જગ્યા ઉપલબ્ધ કરી આપીને જગ્યા ખાલી કરવામાં આવવાની છે.

ગોરેગામ પશ્ચિમમાં રેલવે સ્ટેશન પરિસરમાં બંડૂ ગોરે રોડ પરની ફૂટપાથ પરના અતિક્રમણને પરિસરમાં ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ રહી છે, તેથી સંબંધિત વ્યવસાયધારકોનું જલદીમાં જલદી સ્થળાંતર કરવાનો કમિશનરે નિર્દેશ આપ્યો હતો. બંડૂ ગોરે રોડની લંબાઈ ૩૫૦ મીટર અને પહોળાઈ ૧૩.૪૦ મીટરની છે. આ રોડનો દરરોજ લગભગ ૭૦,૦૦૦ રેલવે પ્રવાસીઓ ઉપયોગ કરે છે. પહેલા તબક્કામાં ગોરેગામ પશ્ચિમમાં રેલવે સ્ટેશન પરિસરમાં ૪૩ વ્યવસાયધારકોના બાંધકામ હટાવીને રસ્તો પહોળો કરવામાં આવશે.

## ભાજપના નગરસેવકની

ટ્રાયલ કોર્ટ સમક્ષ તેના હાજર થવાની કોઈ શક્યતા જણાતી નથી. નિર્ધારિત સુનાવણી દરમિયાન ગેરહાજર રહેવા બદલ જારી કરાયેલ બિન-જામીનપાત્ર વોરંટ રદ કરવાનો કોર્ટે ઇનકાર કર્યો અને તેમને ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા. આકાશ પુરોહિત મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન અને ભાજપના અગ્રણી નેતા સ્વર્ગસ્થ રાજ પુરોહિતના પુત્ર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આકાશ પુરોહિતની ગુરુવારે ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઈ)

## હાઈ કોર્ટે મહારાષ્ટ્રના

જો વિરોધ કરી રહેલા તબીબો તાત્કાલિક કામ પર પાછા નહીં ફરે તો તેમનું વેતન અટકાવી દેવામાં આવશે. બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે હડતાળ દરમિયાન નાગરિક સંચાલિત હૉસ્પિટલોમાં કોઈ પણ વ્યક્તિ પોતાનો જીવ ગુમાવે તેવું તે ઈચ્છતી નથી. પોતાના અધિકારો માટે આંદોલન કરવું એ દરેકનો કાયદેસરનો અધિકાર હોઈ શકે છે, પરંતુ દર્દીઓના ભોગે નહીં, તેમ અદાલતે ઉમેર્યું હતું.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વરિષ્ઠ વકીલ એસ. યુ. કામદાર અને માર્ડના પ્રમુખ ડૉ. અથર્વ શિંદેએ અદાલતની ટિપ્પણીઓ પર સંમતિ દર્શાવી હતી અને જણાવ્યું હતું કે હડતાળ પાછી ખેંચી લેવામાં આવશે. કોર્ટ આ મામલાની વધુ સુનાવણી ૮ સપ્ટેમ્બરે કરશે.

## શિંદેની શિવસેનાનો

સુપ્રીમ કોર્ટમાં તેમની અરજીઓનો ઉલ્લેખ કરી રજૂઆત કરી હતી કે ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેના (યુબીટી) બંધારણમાં માને છે. અમને લેશમાત્ર શંકા નથી કે તેમનો ખેલ કાયદેસર રીતે ખતમ થશે. રાઉતની આ પોસ્ટમાં શિવસેનાના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે હસતા ચહેરા સાથે નજરે પડ્યા હતા. (પીટીઆઈ)

## પ્રશાંત કિશોર

વિવાદનો સામનો કરી રહી છે ત્યારે આ મુલાકાત થઈ છે. કૉંગ્રેસએ સુનેત્રા પવારને ગૂંગી ગુડિયા તરીકે વર્ણવ્યા હતાં.

કૉંગ્રેસે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ શેર કર્યા પછી બંને પક્ષો વચ્ચે રાજકીય યુદ્ધ શરૂ થયું જેમાં એનસીપી નેતા ધનંજય મુંડે બીડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પત્રકારના પ્રશ્નથી સુનેત્રા પવારને સાંભળી લેતા જોવા મળ્યા હતા. ત્યારથી બંને પક્ષ વચ્ચે શાબ્દિક યુદ્ધ ચાલી રહ્યું છે. કિશોરની રાજ્ય મુલાકાત વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં પક્ષ જે મુદ્દાઓનો સામનો કરી રહ્યો છે તેના પર ચર્ચા કરશે તેવી અપેક્ષા છે, સાથે સાથે પ્રાદેશિક અને રાજ્ય સ્તરે પક્ષને મજબૂત બનાવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.

## ટ્રેનમાં ધૂમ્રપાન

ફટકારી શકે છે. બીજી તરફ રેલવે પરિસરમાં દારૂ પી ને હંગામો મચાવનાર લોકો પર ૧૪૫ની કલમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. જે અંતર્ગત રેલવે પરિસરની બહાર કાઢવા, ટિકિટ કે પાસ જપ્ત કરવા છ મહિના સુધી જેલ અને ૫૦૦ રૂપિયા સુધીના દંડની જોગવાઈ હતી. હવે બદલાતા નિયમો અનુસાર ૨૪ કલાક સુધી સામાન્ય જેલ, ૧,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અને બંને સજા અથવા સમુદાય સેવાઓની જોગવાઈ નક્કી કરવામાં આવી છે. રેલવે પરિસરમાં સતત ઉપદ્રવ કરવા માટે ૬ મહિના સુધી જેલ કે ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ ફટકારવામાં આવશે. મુસાફરી ક્ષેત્રમાં ગેરકાયદે પ્રવેશ કરી જગ્યા ખાલી કરવાની મનાઈ ફરમાવી કલમ ૧૪૭ હેઠળ ૫૦૦ રૂપિયા સુધીનો દંડ લાગશે. રેલવે પરિસરના દુરુપયોગ પર ૩ મહિના સુધી જેલ કે ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ આપવામાં આવશે. સામાન્ય દંડ ૨,૦૦૦ રૂપિયા રહેશે અને કાર્યવાહી પહેલા ચેતવણી આપવામાં આવશે.

## આજથી ડૉક્ટરો

ચાલી રહેલા અનિશ્ચિત આંદોલનને પાછું ખેંચવાની જાહેરાત કરે છે, જે યોગ્ય કાનૂની અને નિયમનકારી પદ્ધતિ વિના બીએચએમએસ-સીસીએમપી માળખાના પ્રસ્તાવિત અમલના વિરોધમાં શરૂ કરવામાં આવ્યું હતું,'' એમ ડોક્ટરોના સંગઠને એક નિવેદનમાં જણાવ્યું હતું. આ આંદોલન ફક્ત બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને પાછું ખેંચવામાં આવ્યું છે, એમ પણ તેમાં જણાવાયું છે.

''અમારી માગણીઓનો ઉકેલ આવ્યો નથી, આ હેતુ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અટલ છે, અને સેન્ટ્રલ માર્ડ બંધારણીય, કાનૂની અને લોકશાહી માધ્યમો દ્વારા આ લડાઈ ચાલુ રાખશે. મુખ્ય પ્રધાન સાથે ચર્ચા કર્યા પછી એસોસિએશન યોગ્ય વલણ અપનાવશે અને આગળની કાર્યવાહીની જાહેરાત કરશે,'' એમ પણ આ નિવેદનમાં જણાવાયું છે. ત્યારબાદ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકાર હડતાળ અંગે હાઈ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે. હોમિયોપથીને એમએમસી હેઠળ નોંધણી કરાવવા અને એલોપથિક દવાઓ લખવાની મંજૂરી આપવાના સરકારના નિર્ણય સામે માર્ડે બુધવારથી અનિશ્ચિત હડતાળ શરૂ કરી હતી. (પીટીઆઈ)

## ભાઈઓએ જ

વિક્રોલી પશ્ચિમના રાહુલ નગરમાં ગુરુવારના મળસકે બની હતી. હુમલામાં મૃત્યુ પામેલાઓની ઓળખ સુનીલ વિશ્વકર્મા (૪૦) અને તેના પુત્ર શ્લોક વિશ્વકર્મા (૧૪) તરીકે થઈ હતી. આ પ્રકરણે પાર્કસાઈટ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર સુનીલના બન્ને ભાઈ સુરેન્દ્ર વિશ્વકર્મા અને સૂરજ વિશ્વકર્માને પોલીસે તરત જ તાબામાં લીધા હતા. આરોપી અને મૃતક સુનીલ વિક્રોલીમાં એક જ ઘરમાં પરિવાર સાથે રહેતા હતા અને છેલ્લા એક વર્ષથી ત્રણેયના પરિવારજનો વચ્ચે નાની નાની વાતને લઈ ઝઘડા થતા હતા. અમુક સમયે મામલો પોલીસ સ્ટેશને પણ પહોંચ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે બુધવારની રાતે સુનીલ તેના મોબાઈલ ફોન પર મોટા અવાજે મ્યુઝિક સાંભળતો હતો. આ બાબતે એક ભાઈએ વાંધો ઉઠાવ્યો હતો.

કહેવાય છે કે અગાઉથી ત્રણેય પરિવાર વચ્ચે ખટરાગ હતો તેમાં મોબાઈલ પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે મળસકે ઝઘડો થયો હતો. ઉગ્ર બોલાચાલી પછી પરિવારજનો મારામારી પર ઊતરી આવ્યા હતા.

રોષે ભરાયેલા આરોપીઓએ ચાકુથી હુમલો કરતાં સુનીલનો પરિવાર ગંભીર રીતે ઘવાયો હતો. રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવાયેલા સુનીલ અને શ્લોકને મૃત જાહેર કરાયા હતા, જ્યારે સુનીલની પત્ની અંજુ અને નાના પુત્ર વિવાનને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયાં હતાં.

ડીસીપી દેશમુખે જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી પુરાવા એકઠા કરવામાં આવી રહ્યા છે. ફોરેન્સિક તપાસની પ્રક્રિયા પણ હાથ ધરાઈ છે. મોબાઈલ પર મ્યુઝિક વગાડવાને મુદ્દે આ ઘટના બની હોવાનું પ્રાથમિક પૂછપરછમાં જણાયું હતું. જોકે આ મામલે આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## સાયબર ફ્રોડ

દર મહિને તેમને ૩૦થી ૩૫ હજારનો પગાર પણ આપવામાં આવતો હતો. તેમને અકાઉન્ટ ટૂ અકાઉન્ટ પૈસા ટ્રાન્સફર કેવી રીતે કરવા, તેમની પાસે કયું અકાઉન્ટ આવશે, કમ્યુનિકેશન કેવી રીતે કરવું, પૈસા કયા અકાઉન્ટમાં ડિપોઝિટ કરવા અને ટ્રાન્સફર કરવા તેમ જ કેટલા પૈસા કાઢવા તે અંગે તેમને પંદર દિવસની ટ્રેનિંગ અપાઇ હતી, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર પાયધુની પોલીસ સ્ટેશનમાં ગયા મહિને દાખલ કરવામાં આવેલા સાયબર ફ્રોડના કેસમાં અમુક આરોપીની ધરપકડ કરવામાં આવી હતી અને આ કેસની તપાસ ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૨ના અધિકારીઓ કરી રહ્યા હતા. આ કેસમાં પોલીસને કેટલાક બૅંક અકાઉન્ટ્સ મળી આવ્યા હતા, જેમાં સાયબર ફ્રોડ અને ઓનલાઇન ગેમિંગના રૂપિયા આવતા હતા. અલગ અલગ અકાઉન્ટ્સ ખરીદી તેનો ઉપયોગ આ માટે કરવામાં આવતો હોવાનું પોલીસને તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું. આથી પોલીસે આરોપીઓની પૂછપરછ કરી હતી, જેમાં એવી માહિતી સામે આવી હતી કે મુંબઈમાં અલગ અલગ નામે બૅંકમાં અકાઉન્ટ ખોલવામાં આવતા હતા અને તેને લગતી કિટ સાયબર ફ્રોડ તથા ઓનલાઇન ગેમિંગ માટે ગોવા મોકલવામાં આવતી હતી. આ અકાઉન્ટ્સ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા. આ માહિતી મળ્યા બાદ પોલીસની ટીમને ગોવા રવાના કરવામાં આવી હતી. પોલીસે ગોવામાં મંગળવારે કલંગુટ બીચ નજીક બે માળના વિલામાં રેઇડ પાડી હતી અને ત્યાંથી ૧૨ જણને તાબામાં લીધા હતા. આરોપીઓ ૧૦૦ પેનલ, રૂદ્રા નામની સાઇટનો ઉપયોગ કરીને યુઝર અકાઉન્ટ પરથી તેમની પાસેના લેપટોપ, મોબાઇલ દ્વારા ઓનલાઇન ગેમિંગ અને સાયબર ફ્રોડ મારફત આવેલી રકમ કાઢવા અને ડિપોઝિટ કરવા માટે પૂછતા હતા અને આ રકમ બાદમાં સંબંધિત અકાઉન્ટ્સમાં વાળવામાં આવતી હતી. ગુનો આચરવા માટે વાપરવામાં આવેલા બૅંક અકાઉન્ટ્સ ફ્રીઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

## હિન્દુ મરણ

**દશા નાગર વણિક**

સુરત નિવાસી હાલ અંધેરી સ્વ. હરસુખલાલ જીુભાઇ લાલાજીના પત્ની શશીકળા (ઉં. વ. ૯૮) તા. ૩-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે બિહાગ, મુદ્રકના મમ્મી. તે નૈમીશા, વનીતાના સાસુ. તે પાયલ, ગુંજન, મનનનાં દાદી. સ્વ. ચંપકલાલ તથા સાકેરલાલના નાના ભાઇના પત્ની. તે સ્વ. કલાવતી મોતીલાલ પારેખના દીકરી. ઠે. ફ્લેટ નં. ૫૮, બિલ્ડિંગ ૩૬-બી, અક્ષર કૃપા કો. ઓ. હા. સો. લી. મનીષનગર, જે. પી. રોડ, અંધેરી (વેસ્ટ).

**કપોળ**

મહુવા નિવાસી હાલ પાર્લા સ્થિત સ્વ. મનસુખલાલ હરગોવિંદદાસ દોશીના પત્ની ગં. સ્વ. નિરંજના (ઉં. વ. ૮૫) તે જાફરાબાદવાળા સ્વ. રતિલાલ તાપીદાસ સંઘવીના દીકરી. મધુસુદન, સ્વ. મહેન્દ્રભાઇ તથા સ્વ. હંસાબેનના બહેન. તે ઝરણા અજિત પારેખ તથા દિવ્યેશ દોશીના માતુશ્રી. નીપા તથા અજિત પારેખના સાસુ. સુશીલભાઇ દોશી તથા જસવંતીબેન અરુણભઇ મહેતાના ભાભી તા. ૪-૮-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. પ્રભાવંતી મથુરાદાસ કોઠારી વતન ગામ મોટી વીરાણી કચ્છ તથા હાલ ઘાટકોપરના પુત્ર ભરતભાઇ (ઉં. વ. ૬૪) તે સ્વ. લીલાધર હીરજી સોતા (વતન ગામ ઝરુ)ના મોટા જમાઇ. દક્ષાબેનના પતિ. અ. સૌ. જ્યોતિબેન પ્રતાપભાઇ, અ. સૌ. દક્ષાબેન મહેશભાઇ, અ. સૌ. સરોજબેન રાજેશભાઇ, અ. સૌ. શીતલબેન અનિલભાઇ, રાજેશભાઇના ભાઇ. અ. સૌ. સ્વાતીબેન, સ્વ. સુમિતના પિતા. સચિન મહાત્રેના સસરા તા. ૫-૮-૨૬ બુધવારના રામચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૮-૨૬ શુક્રવારના સાંજે ૪થી ૬. ઠે. બીટાવાલા હોલ, જંગલેશ્વર મહાદેવ મંદિર માર્ગ, સુભાષ નગર, અસલ્ફા વિલેજ, ઘાટકોપર (પશ્ચિમ).

**નવગામ ભાટિયા**

ધ્રોલ-જોડિયાવાળા હાલ અંધેરી, ગં. સ્વ. ઇન્દુબેન વેદ (ઉં. વ. ૮૪) તે સ્વ. રણજીતસિંહના પત્ની. તે સ્વ. જમનાદાસ વિરજી વેદના પુત્રવધૂ. તે સ્વ. નરોત્તમદાસ દામોદરદાસ સંપટના પુત્રી. તે ભરતભાઇ, સ્વ. જનક તથા અ. સૌ. ભારતી ભરત ઉદેશીના કાકી. તે કિશનભાઇ, સુરેશભાઇ, જયંતભાઇ, દિલીપભાઇ, હસમુખભાઇ, રાજુ ભાઇ, તરુણભાઇ, સ્વ. નીરૂબેન, સ્વ. ઉર્મિલાબેન તથા મીનીબેનના મોટા બહેન બુધવાર, તા.૫-૮-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૮-૮-૨૬ના સાંજે ૫થી ૭.ઠે. વિલેપાર્લે મેડિકલ કલબ, ૧૩-બી, સંત જ્ઞાનેશ્વર રોડ, જુહુ મુંબઇ-૪૯. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

નાજુ અસપી ગગરાત તે મરહુમ અસપીના ધન્યાની. તે મરહુમો ફ્રેની મીનોચેર દાદ. તે નાઝનીન ને રયોમંદના માતાજી. તે નેવીલ ને પરીઝાદના મામી. તે મરહુમો દોલત બમનશા ગગરાતના વહુ. (ઉં. વ. ૮૧) રે. ઠે. ૩૧, વેસ્ટ વ્યુ, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૭-૮-૨૬ના દીને બપોરે ૩.૪૫ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં.

પેરીન મંચેરશાહ શાહુના તે મરહુમો મેહેરબઇ મનચેશા શાહુના દીકરી. તે મરહુમ રોશનના બહેન. તે યઝદીના માસી. તે નરીમાનના સાલી. (ઉં. વ. ૯૩) રે. ઠે. પ્લોટ ૧૯/૨૦ બી - ૩૦૩, ધવલગિરિ, શેર પંજાબ સોસાયટી, મહાકાલી કોઝવે રોડ, અંધેરી (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૮-૮-૨૬ના દિને બપોરે ૩.૪૫ વાગે ડુંગરવાડી અગિયારી પર છેજી.

## જૈન મરણ

**ઝાલાવાડી વિશા શ્રી. મુ. જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી અ. સૌ. અશ્વિનાબેન નવીનચંદ્ર કોઠારી (ઉં. વ. ૭૫) તા. ૫-૮-૨૬ બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. તે મિલન તથા રીમ્પલના માતુશ્રી. ફાલ્ગુની તથા કૌશલકુમારના સાસુ. ધ્રુવિનના દાદી. હિતાર્થના નાની. તે અરવિંદભાઇ, કિશોરભાઇ તથા પ્રતિભાબેનના ભાભી. તે શારદાબેન નગીનદાસ દોશીના સુપુત્રી. બન્ને પક્ષનું બેસણું રવિવાર, તા. ૯-૮-૨૬ના બપોરે ૩-૩૦થી ૫. ઠે. વર્ધમાન સ્થાનકવાસી હોલ, શંકરમંદિર સામે, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મૂળ વતન પાળિયાદ, હાલ બોરીવલી, વિમળાબેન મનસુખલાલ શાહ (બારભાયા) (ઉં. વ. ૯૩) તે પિયરપક્ષે વઢવાણ નિવાસી ત્રિભોવનદાસ ગોવિંદજી ગાંધીના દીકરી તા. ૪-૮-૨૬ના મંગળવારે અરિહંતશરણ થયેલ છે. તે પ્રફુલ, મિનાક્ષી, અરૂણા, હરેન્દ્ર, હેમંતના માતા. સુવર્ણા, નીના, ચારુ, હર્ષદકુમાર, સ્વ. મુકેશકુમારના સાસુ. સેજલ, દિશા, મેઘાના વડસાસુ. મેહુલ, ધવલ, ભાવિક, મંથન, બેલા, સિદ્ધિ, શીતલ, કિંજલ, વિવેક, નિકિતાના બા. પ્રાર્થનાસભા ૮-૮-૨૬, શનિવારના સવારે ૧૦ થી ૧૨. સ્વામીનારાયણ મંદિર, અજમેરા ગ્લોબલ સ્કૂલની સામે, યોગીનગર, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વે.મૂ. જૈન**

ધોલેરા નિવાસી વિરમગામ હાલ ડોમ્બિવલી, માતુશ્રી ઝવેરીબેન નાનાલાલ નાગરદાસ શાહના સુપુત્ર કમલેશના ધર્મપત્ની અ. સૌ. સંધ્યાબેન (ઉં. વ. ૬૭) તા. ૪/૮/૨૬ મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. હર્ષદભાઈ, મહેન્દ્રભાઈ, સુશીલાબેન કાંતિલાલ શાહ, ભાવનાબેન શાંતિલાલ શાહ, ઇલાબેન સતીષકુમાર શાહના નાનાભાઈના ધર્મપત્ની. જીગર તથા પૂજાના માતુશ્રી. અમિષા તથા આનંદકુમાર મહેન્દ્રભાઈ શેઠના સાસુ. બાબુલાલ રામલાલ શાહ (ગામ કડી, હાલ વડોદરા)ની દીકરી. તેમની સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશાશ્રીમાળી વૈષ્ણવ વણિક**

ઢસા નિવાસી હાલ થાણે, સ્વ. ધીરજબેન વ્રજલાલભાઈ સંઘરાજકાના પુત્ર ચેતનભાઈ વ્રજલાલભાઈ સંઘરાજકા (ઉં. વ.૬૧) તે જયશ્રીબેનના પતિ. હર્ષિતના પિતા. સ્વ. દીપકભાઈ અને નીતાબેન શૈલેષભાઈ મોદીના ભાઈ. મીનાબેનના દિયર, વડોદરા નિવાસી સ્વ. પુષ્પાબેન રેણુકાન્ત પ્રાણજીવનભાઈ સુરતીના જમાઈ. તા. ૦૫/૦૮/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડા (ખા.ફ.) ના કુસુમબેન વલ્લભજી ગંગર (ઉં. વ. ૮૦) તા.૪-૮-૨૬ના અવસાન પામેલ છે. જવેરબેન જેવત ના પુત્રવધુ. વલ્લભજી ના ધર્મપત્ની. બીના, વિપુલ, રાજુના માતુશ્રી. ડોણ નેણબાઈ મેઘજી જીવરાજના પુત્રી. મણીલાલ, ચંદ્રકાંત, વિનેશ, ખેતબાઈ શામજી, રાયણ કેસરબેન નાનજી, બાડા હેમલતા વસનજી, બિદડા વનિતા જયંતિલાલના બેન. પ્રા. શ્રી મા.ક.મૂ.પૂ.શ્વે..જૈન સંઘની શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા, ટા. ૪ થી ૫.૩૦. ચક્ષુદાન કરેલ છે.

નાની તુંબડીના પુષ્પાબેન પ્રેમજી શામજી દેઢિયાના સુપુત્રી અ.સૌ. નીતા હરીશ ભલ્લા (ઉદયપુર-રાજ./દહીંસર) (ઉં. વ. ૫૯) તા. ૪.૮.૨૬ના અવસાન પામેલ છે. હિરસિંહ ભલ્લાના ધર્મપત્ની. રશ્મીના મમ્મી. સ્વ. જયા, મીના, ભદ્રા, દિપક, વીણાના બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. નિ. હિરસિંહ ભલ્લા : ૪૦૪, સદ્‌ગુરૂ હાઈટ્સ-૧, અશોકવન, દહીંસર (ઈસ્ટ).

કુંદરોડીનાં ગોવિંદજી નેણશી છેડા (ઉં. વ. ૮૩) તા. ૫-૮-૨૬, બુધવારનાં અરિહંતશરણ પામેલ છે. ઉંમરબાઇ નેણશી દેરાજના પુત્ર. અમૃતબેનના પતિ. રીટા, પ્રફુલના પિતા. મુલબાઇ, હેમકુંવરબાઇ, કંચનબેનના ભાઇ. કપાયાના હીરબાઇ હીરજી સંગોઇના જમાઇ. પ્રા. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), ટા. ૨ થી ૩.૩૦.

લઠેડીના મણીલાલ ગડા (ઉં. વ. ૭૬) તા. ૫-૮-૨૬ ના અવસાન પામેલ છે. ચંચલબેન નાગજીના પુત્ર. લીલાવંતીના પતિ. ભાવેશના પિતા. શાંતિલાલ, લક્ષ્મીચંદ, પ્રવીણ, વિજયાબેન, ઝવેરીબેન, લીલાવંતી, જયવંતીના ભાઇ. પુરબાઇ દેવશીના જમાઇ. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂ.પૂ. જૈન સંઘ, શ્રી નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ટા. ૧.૩૦ થી ૩.

ભુજપુરનાં સાકરબેન રવજી ગાલા (ઉં.વ. ૮૪) તા. ૫-૮-૨૬નાં અવસાન પામેલ છે. કુંવરબાઇ નરશીના પુત્રવધુ. રવજીના પત્ની. દેશલપુર મમીબાઇ માલશીના દેઢીયાના સુપુત્રી. વિનોદ, અરવિંદ, રાજુ, જ્યોત્સનાના માતુશ્રી. લખમશી, દેશલપુર ખેતબાઇ પુંજાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિનોદ ગાલા, ૫૦૨, ફ્રેનકીન કેપીટલ, રામ મારૂતિ રોડ, થાણે (વે).

**ઝાલાવાડી દશા શ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

ચોટીલા નિવાસી હાલ ભાયંદર સ્વ. સમજુબેન મગનલાલ શાહના સુપુત્ર જયંતીલાલ શાહ (નાનુ કાકા) (ઉં. વ. ૮૮) તે સ્વ. મંજુલાબેનનાં પતિ. વિરેન શાહ, સ્વ. રાજેશભાઇ, દીનાબેન અતુલકુમાર વોરાના પિતાશ્રી. સ્વ. મનસુખલાલભાઇ, સ્વ. હરીભાઇ, સ્વ. લક્ષ્મીચંદભાઇ, સ્વ. શાંતિલાલભાઇના નાનાભાઇ. વેવાઇ પક્ષે સ્વ. ચંપાબેન મણીલાલ કુવાડીયાના જમાઇ તા. ૫-૮-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક






**CHARACTER INTERACTIONS**

Get closer to Disney, Pixar, and Marvel Characters on your enchanting voyage. Keep a look out for Mickey Mouse and his pals from surprise visits to designated places throughout the ship.



**SIGNATURE DISNEY DINING**

Every meal is an unforgettable experience aboard the *Disney Adventure*. Enjoy regional flavors from casual dining restaurants and three uniquely immersive dinner experiences, all thoughtfully curated for you.



**WORLD-CLASS ENTERTAINMENT**

The only cruise line to offer fireworks at sea with *The Lion King: Celebration in the Sky*, narrated by globally acclaimed star Shah Rukh Khan. This spirited evening show is sure to be a highlight of any voyage.

This endorsement by Shah Rukh Khan is only for the *Disney Adventure* and *Disney Cruise Line*.

Your Next Family Holiday Starts Here!

**Book your 3-night Disney Adventure today, staring from just US$ 220 per person, per night.***

ARKTRAVELGROUP
Since 1981.

ARKCruises
Worldwide Cruises

**Contact us for further details**

Email : mouneera@thearktravelgroup.com • netra@thearktravelgroup.com

Phone : 022-69024427

*Terms & Conditions apply*

Ships' Registry: The Bahamas

Artist Concept Only. ©Disney ©Disney/Pixar © 2026 MARVEL

## પ્રતિબંધના પહેલા દિવસે ગુજરાતમાં ૧૦૦૦ કિલો એનાલોગ પ્રોડક્ટ્સનો નાશ કરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગુરુવારથી એનાલોગ ડેરી પ્રોડેક્ટ્સ પરના પ્રતિબંધનો અમલ કરવામાં આવ્યો હતો. આરોગ્ય વિભાગ દ્વારા મળતી માહિતી અનુસાર સાંજે પાંચ વાગ્યા સુધીમાં લગભગ ૧૩૪ જેટલા વેચાણના એકમોનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું અને લગભગ ૧૦૫૩ કિલોગ્રામ જેટલા એનાલોગ્સ પ્રોડેક્ટ્સનો નાશ કરવામાં આવ્યો હતો, જેની કિંમત અંદાજિત ૨,૮૨,૫૫૦ થતી હોવાની માહિતી મળી છે. આ સાથે ૨૯ નમૂના પરિક્ષણ માટે લેવાયા હોવાની માહિતી પણ મળી હતી.

જામનગર મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ગુરુવારથી એનાલોગ ચીઝ, બટર અને પનીર જેવી પ્રોડક્ટ્સ પર લાગુ કરાયેલા પ્રતિબંધની કડક અમલવારી શરૂ કરવામાં આવી છે. આ અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની દુકાનો, રેસ્ટોરન્ટ, ફાસ્ટ ફૂડ સેન્ટરો અને અન્ય ખાદ્ય વ્યવસાયિક એકમોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

ચેકિંગ દરમિયાન શહેરના પિઝા શોપ ખાતે અંદાજે ૧૨ કિલો એનાલોગ પનીર મળી આવ્યું હતું. ફૂડ વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને જપ્ત કરાયેલ પનીરનો સ્થળ પર જ નાશ કર્યો હતો તેમજ સંબંધિત સંચાલકોને નિયમોનું પાલન કરવા સૂચના આપવામાં આવી હતી.

## રેડ સીમાં ભારતીય માલવાહક જહાજ પર વિસ્ફોટક હુમલોઃ સલાયાના ૧૩ સહિત તમામ ૧૪ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

જામનગર/સલાયાઃ રેડ સીમાં યમનના હોડેઇડાહ નજીક ભારતીય માલવાહક જહાજ એમએસવી ફેઝ નૂરે ઓલિયા પર થયેલા વિસ્ફોટક હુમલાથી દરિયાઈ પરિવહન ક્ષેત્રમાં ચિંતા વ્યાપી છે. અજાણી વિસ્ફોટકોથી ભરેલી બોટ જહાજ સાથે અથડાતા જહાજમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે થોડા જ સમયમાં માલવાહક જહાજ દરિયામાં ડૂબી ગયું હતું.

મળતી માહિતી મુજબ, જહાજમાં જનરલ કાર્ગો ઉપરાંત ૧૮ એમ્બ્યુલન્સ લઈ જવામાં આવી રહી હતી. જોકે રાહતની વાત એ છે કે જહાજમાં સવાર તમામ ૧૪ ક્રૂ મેમ્બર્સનો સુરક્ષિત બચાવ કરવામાં આવ્યો છે અને કોઈ જાનહાનિ કે ગંભીર ઈજાના સમાચાર નથી.

ક્રૂમાં ૧૩ ભારતીય ખલાસી દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા શહેરના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે એક ક્રૂ મેમ્બર યમનનો નાગરિક છે. ઘટનાની જાણ થતાં યમન કોસ્ટ ગાર્ડ દ્વારા તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરી તમામ ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત રીતે મોખા પોર્ટ પહોંચાડવામાં આવ્યા હતા. યમન સરકારના પ્રાથમિક દાવા મુજબ આ હુમલો હુથી સંગઠન દ્વારા કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. જોકે સમગ્ર ઘટનાની વધુ તપાસ ચાલી રહી છે.

આ જહાજના માલિક સલાયાના જાણીતા વહાણવટા ઉદ્યોગકાર મુનાફ હાજી અબ્દુલ્લાહ ભાયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે સલાયાના વહાણવટા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓ અને પરિવારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દરમિયાન, તમામ ભારતીય ખલાસીઓને સુરક્ષિત રીતે વતન પરત લાવવા માટે જરૂરી પ્રક્રિયા શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## ગુજરાતમાં ફરી સર્જાશે વરસાદી માહોલ, શનિ-રવિ ભારે વરસાદની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જુલાઈ મહિનામાં રાજ્યમાં ઘણા જિલ્લામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હતો. અમુક જિલ્લાના તાલુકાઓમાં પૂર જેવી સ્થિતિ ઊભી થઈ હતી. ત્યારે લગભગ એકાદ અઠવાડિયાના વિરામ બાદ ફરી રાજ્યભરમાં વરસાદ પડવાની સંભાવના હવામાન ખાતાએ વ્યક્ત કરી છે.

ભારતીય હવામાન વિભાગે આગામી સાત દિવસ, એટલે કે ૧૨ ઓગસ્ટ સુધી સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. આ સાથે ૮ અને ૯ ઓગસ્ટના રોજ ઉત્તર ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડવાની સંભાવના પણ દર્શાવી છે.

આગાહી અનુસાર ૮ ઓગસ્ટના રોજ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના છે. ૯ ઓગસ્ટના રોજ, સાબરકાંઠા અને અરવલ્લી ઉપરાંત બનાસકાંઠા અને વાવ-થરાદમાં પણ ભારે વરસાદની સંભાવના છે. હવામાન ખાતાએ આ જિલ્લાઓ માટે બે દિવસનું યલો એલર્ટ જાહેર કર્યું છે.

આ ઉપરાંત દક્ષિણ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના પણ ઘણા જિલ્લામાં આગામી સાત દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ રહેશે અને પવન અને વીજળીના કડાકા સાથે છુટોછવાયો વરસાદ વરસશે, તેવી આગાહી કરવામાં આવી છે.

સોના કિતના સોના હૈઃ

## અમદાવાદ-સુરત એરપોર્ટ પર બે વર્ષમાં ₹ ૨૨૮ કરોડનું સોનું સરકારી તિજોરીમાં જમા થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના અને સુરતના ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ૨૨૮ કરોડનું દાણચોરીનું સોનું જપ્ત કરીને સરકારી તિજોરીમાં જમા કરી દીધું છે. કસ્ટમના ટોચના સૂત્રોએ જણાવ્યું હતું કે એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ના સમયગાળા દરમિયાન કુલ ૧૩૫ કિલોગ્રામ સોનું પકડવામાં આવ્યું છે અને જે તે સમયે ૧૦ ગ્રામના ૮૦,૦૦૦ થી ૮૫ હજારનો ભાવ માર્કેટમાં ચાલી રહ્યો હતો અને તે મુજબ રૂ. ૧૧૦ કરોડનું સોનું પકડવામાં આવ્યું છે. ત્યારબાદ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન ૯૫ કિલોગ્રામ ગોલ્ડ પકડવામાં આવ્યું છે, જેની માર્કેટવેલ્યૂ આગળના વર્ષ કરતાં વધારે માનવામાં આવે છે. તેની પાછળનું કારણ એવું છે કે એપ્રિલથી માર્ચ ૨૬ સુધીના સમયગાળામાં સોનાનાં ભાવ વધીને સવા લાખ રૂપિયા સુધી પહોંચી ગયા હતા અને જે ગોલ્ડ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ દરમિયાન પકડાયું છે તેની માર્કેટ વેલ્યૂ રૂ. ૧૧૮ કરોડ માનવામાં આવે છે. આ સોનું દાણચોરીનું હતું અને આ પ્રકારનું સોનું પેસેન્જરને ક્યારેય પરત કરવામાં આવતું નથી અને તે કેન્દ્ર સરકાર હસ્તક એટલે કે સરકારી તિજોરીમાં જમા કરી દેવામાં આવે છે. આ ઉપરાંત સોનું લઈને આવનાર પેસેન્જર પાસેથી પેનલ્ટી પણ ૫૦% થી માંડીને ૨૦૦ ટકા સુધીની વસૂલ કરવામાં આવે છે. મોટાભાગના કેસોમાં પેસેન્જર ફાઈન પેનલ્ટી અને ડ્યુટી ભરી દેવા તૈયાર થઈ જતા હોય તેવા કેસમાં સોનું છોડી દેવામાં આવે છે, પરંતુ દાણચોરીના કેસમાં સોનું ક્યારેય પાછું આપવામાં આવતું નથી એપ્રિલ ૨૦૨૪થી માર્ચ ૨૦૨૫ ના સમયગાળામાં ૨૦ જેટલા કેરિયર પકડાયા હતા, જેમાં પાંચ મહિલા પેસેન્જરનો સમાવેશ થાય છે જ્યારે એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ના સમયગાળા દરમિયાન ૧૫ જેટલા કેરિયર પકડાયા હતા, તેમાં પણ આઠ મહિલા પેસેન્જરનો સમાવેશ થાય છે

## અમદાવાદમાં સ્પામાં કામ કરતા યુવકને ચોથા માળેથી ફેંક્યો, યુવકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં કાયદાનો ડર ન રહ્યો હોય તે રીતે લોકો બેફામ વર્તી રહ્યા છે. હત્યા સહિતની ગુનાખોરીના કિસ્સા રોજ બનતા રહે છે. આવો કિસ્સો ફરી ગુરુવારે બન્યો હતો. અહીં સ્પામાં કામ કરતા દશરથ નામના યુવકને પાંચ જણાએ એક ઈમારતના ચોથા માળેથી ફેંકી દીધો હતો. યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

આ ઘટના શહેરના હંસપુરા વિસ્તારમાં વિશાલા એમ્પાયર બિલ્ડિંગમાં બની હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પાંચ યુવક સ્પામાં ઘૂસી ગયા હતા અને સ્પામાં તોડફોડ કરી યુવકને માર્યો હતો. ત્યારબાદ તેને ચોથા માળની બારીમાંથી ફેંકી દીધો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી. નરોડા પોલીસ ટીમ ઘટનાસ્થળે આવી હતી, જોકે આરોપીઓ ફરાર થઈ ગયા હતા.

આ ઘટના અંગે મળતી વિગતો અનુસાર બુધવારે ઓઢવ વિસ્તારના એક સ્પામાં પોલીસે રેડ પાડી હતી. આ રેડ દશરથ મીણાના કહેવાથી પોલીસે પાડી હોવાનું આરોપીઓનું માનવાનું હતું, આથી તે સ્પામાં કામ કરતા દશરથને પાઠ ભણાવવા આવ્યા હતા, જોકે આવી બાબતમાં એક યુવકે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આમ પણ શહેરમાં ચાલતા સ્પા વિવાદોમાં ઘેરાયેલા રહે છે, પરંતુ આ રીતે અદાવત રાખી હત્યા કરવાની ઘટના ચિંતાજનક છે.

## સુરતમાં હિટ એન્ડ રનમાં બાવીસ વર્ષીય યુવતીનું મોત, પરિવારે નેત્રદાન કરવાનો લીધો નિર્ણય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં હીટ એન્ડ રનની એક ઘટનામાં માત્ર ૨૨ વર્ષીય યુવતીનું મોત નિપજ્યું હતું. યુવતી પોતાનું ઈલેક્ટ્રિક બાઈક લઈ કૉલેજે જઈ રહી હતી ત્યારે એક કારચાલકે તેના વાહનને જોરદાર ટક્કર મારી હતી અને તેનાં પરથી કાર ચલાવી ફરાર થઈ ગયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

અહીંની સિવિલ હૉસ્પિટલ નજીક આવેલા બ્રિજ પર આ ઘટના બની હતી, જેમાં સ્નેહા ધોરી નામની યુવતીએ જીવ ગુમાવ્યો હતો. સ્નેહાના પિતા એમ્બ્રોઇડરીનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. સ્નેહા ભણવામાં હોશિયાર હતી અને સાઈકોલોજીમાં ગ્રેજ્યુએશન કરી રહી હતી. તેણી સાઇકિયાટ્રિસ્ટ બનવાની હતી. માતા-પિતા અને ભાઈ સાથે બોમ્બે માર્કેટ નજીકની સોસાયટીમાં રહેતી સ્નેહાએ બે-ત્રણ મહિના પહેલા આંખોના નંબર દૂર કરાવવા માટેની સર્જરી કરાવી હતી. દીકરીની આ આંખોને પરિવારે દાન કરવાનો નિર્ણય કર્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સ્નેહાનાં તબીબી અહેવાલ અનુસાર કારચાલકે તેને પછાડ્યા બાદ તેની પીઠ પરથી કાર ચલાવી હોવાની શક્યતા છે. તેની પીઠ પર કારના ટાયરના નિશાન છે. સ્નેહાના આંતરિક અવયવોને ભારે નુકસાન થયું હતું અને ઈન્ટરનલ બ્લડિંગ પણ બહુ થયું હતું. યુવતીને હૉસ્પિટલે ઘણી જ નાજુક હાલતમાં લાવવામાં આવી હતી. સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં જ ખટોદરા પોલીસમથકનો સ્ટાફ ઘટનાસ્થળે અને ત્યારબાદ હૉસ્પિટલે પહોંચ્યો હતો. યુવતીના પિતાની ફરિયાદને આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજ ચેક કરી કારચાલકને શોધવા માટે ટીમને આદેશ આપ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

## કચ્છમાં ડ્રગ્સના ગુનાઓમાં પકડાયેલા આરોપીની મિલકતો પોલીસે જપ્ત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોલીસે માત્ર ડ્રગ્સ પકડવા અને ગુનેગારોને જેલભેગા કરવાથી આગળ વધીને કાળી કમાણીથી ઊભી કરેલી મિલકતો જપ્ત કરવાની ઝુંબેશ શરૂ કરી છે. ડ્રગ્સનો ગેરકાયદે વેપાર કરીને વસાવેલી સ્થાવર અને જંગમ મિલકતોનો કાયદાકીય હિસાબ મેળવી તેને સરકારી ચોપડે જપ્ત કરવામાં આવી રહી છે. ગુનેગારો સામે કાયદા હેઠળ આકરી કાયદાકીય કાર્યવાહી કરીને તેમના આર્થિક નેટવર્કને ધ્વસ્ત કરવાનો આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં ડ્રગ્સ કેસમાં મિલકત જપ્ત કરાવવાની પ્રથમ અને સૌથી સફળ કામગીરી પૂર્વ કચ્છ પોલીસે કરી બતાવી છે, જે રાજ્યના અન્ય તમામ પોલીસ યુનિટ્સ માટે એક રોલ મૉડેલ સાબિત થઈ છે.

ગાંધીધામ ખાતે અગાઉ ૩ થી ૪ વાર માદક પદાર્થોની હેરાફેરીમાં પકડાઈ ચૂકેલા કુખ્યાત આરોપી પિંટુ વેદાનંદ ઉર્ફે બેદાનંદ યાદવ વિરુદ્ધ એસઓજી ટીમે આકરી કાર્યવાહી કરી છે. તપાસમાં ખુલાસો થયો હતો કે આરોપીએ પોતે અને પોતાની પત્નીના નામે ડ્રગ્સના કાળા કારોબારમાંથી મિલકતો વસાવી હતી. આરોપીએ રૂ. ૧૫ લાખનું મકાન અને ત્રણ વાહનો મળીને કુલ રૂ. ૨૨,૩૧,૦૦૦ ની મિલકત વસાવી હતી જેને કચ્છ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

## અમૃતસર - જામનગર એક્સપ્રેસ-વે બન્યો ‘ડેથ-વે’! ત્રણ વર્ષમાં ૨૫૧ લોકોના જીવ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ, દેશના એક્સપ્રેસવે પર અકસ્માતોની સંખ્યામાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. ખાસ કરીને અમૃતસર-જામનગર એક્સપ્રેસવે પર છેલ્લા કેટલાંક વર્ષોમાં અકસ્માતો અને મૃત્યુઆંક સતત વધ્યા છે. ઇ-ડીએઆર પોર્ટલ પર ઉપલબ્ધ ડેટા અનુસાર, વર્ષ ૨૦૨૩માં આ હાઇવે પર ૪૧ અકસ્માતોમાં ૩૦ લોકોનાં મોત અને ૫૦ લોકો ઘાયલ થયા હતા. વર્ષ ૨૦૨૪માં ૫૩ અકસ્માતોમાં ૫૫ મોત અને ૪૨ ઇજાગ્રસ્ત નોંધાયા હતા. જ્યારે વર્ષ ૨૦૨૫માં આ આંકડો વધીને ૯૭ અકસ્માતોનો થયો હતો, જેમાં ૯૯ લોકોનાં મોત અને ૯૦ લોકો ઘાયલ થયા હતા. ચાલુ વર્ષે ૩૧ જુલાઈ ૨૦૨૬ સુધીમાં ૫૭ અકસ્માતો નોંધાયા છે, જેમાં ૬૭ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૮૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.

આ હાઇવે પર અકસ્માતો રોકવા અને તાત્કાલિક મદદ પૂરી પાડવા માટે સરકાર અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે. અમૃતસર-જામનગર એક્સપ્રેસવે પર સુરક્ષા અને બચાવ કામગીરી માટે ૩૨ એમ્બ્યુલન્સ, ૩૨ ક્રેન અને ૩૨ રૂટ પેટ્રોલિંગ વાહનો તહેનાત કરવામાં આવ્યા છે.

## ગુજરાતમાં ફેક વેબસાઈટ અને ગૂગલ મેપ થકી હોટેલ બુકિંગના નામે ઠગાઈ કરતી નવી ગેંગ સક્રિય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના ફરવાલાયક સ્થળો પર દેશવિદેશથી પ્રવાસીઓ આવતા હોય છે, ત્યારે ગૂગલ મેપ અને નકલી વેબસાઇટ્સ મારફતે હોટેલ બુકિંગના નામે ઠગાઈ કરતી એક નવી સાઇબર ગેંગ સક્રિય થઈ હોવાનું પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો. આ ગેંગ વિવિધ પ્રખ્યાત પર્યટક સ્થળો, હોટેલ્સ અને ટ્રસ્ટની અસલ વેબસાઇટ જેવી જ નકલી વેબસાઇટો બનાવીને સામાન્ય નાગરિકો સાથે આર્થિક છેતરપિંડી આચરતી હતી. ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, ગાંધીનગરના પોલીસ સબ-ઇન્સ્પેક્ટરે આ મામલે ફરિયાદ નોંધાવી કાર્યવાહી કરી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ૮ ઓક્ટોબર ૨૦૨૫થી ૨૭ જુલાઈ ૨૦૨૬ સુધીના સમયગાળા દરમિયાન આ અજાણ્યા આરોપીઓએ કાવતરું ઘડીને આ છેતરપિંડી આચરી હતી. સાયબર હેલ્પલાઇન પર મળેલી વિવિધ અરજીઓનું ટેક્નિકલ વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું હતું કે આરોપીઓએ સોમનાથના મહેશ્વરી અતિથિ ભવન સહિત ૨૪ જેટલી ભળતા નામવાળી ફેક વેબસાઇટ્સ તૈયાર કરી હતી. આ વેબસાઇટ્સને ગૂગલ સર્ચ અને અન્ય ઓનલાઇન પ્લેટફોર્મ પર પ્રદર્શિત કરી, પોતે હોટેલના અધિકૃત પ્રતિનિધિ હોવાનો દાવો કરી લોકોનો વિશ્વાસ જીતતા હતા.

લોકો જ્યારે હોટેલ કે ધર્મશાળા બુકિંગ માટે આ નકલી વેબસાઇટ્સ કે તેમાં આપેલા સંપર્ક નંબરો પર કોલ કરતા, ત્યારે આરોપીઓ એડવાન્સ રકમ પેટે યુપીઆઈ કે અન્ય ડિજિટલ માધ્યમથી પૈસા ટ્રાન્સફર કરાવતા હતા. પૈસા મળ્યા બાદ આ ગેંગ બુકિંગ ન આપતી, ખોટી માહિતી આપતી કે ફરિયાદી સાથે સંપર્ક તોડી નાખતી હતી. આ રીતે દેશના અલગ-અલગ રાજ્યોના નાગરિકો સાથે નાની-નાની રકમની ઠગાઈ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગાંધીનગર ખાતે ભારતીય ન્યાય સંહિતા તેમજ આઈટી એક્ટ હેઠળ અજાણ્યા ઇસમો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

## રાજ્યભરમાં નવ થી ૧૭ ઑગસ્ટ દરમિયાન રાષ્ટ્રભક્તિના વિવિધ કાર્યક્રમો યોજાશે

### રાજ્યમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાનું આયોજનઃ ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ‘હર ઘર તિરંગા’ અભિયાન અંતર્ગત યોજાનારા વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને એકતાના સંદેશ સાથે કાશ્મીરથી કન્યાકુમારી સુધી સમગ્ર દેશમાં ‘હર ઘર તિરંગા’ અભિયાનનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દેશની સુરક્ષા માટે શહાદત આપનાર વીર જવાનો, તેમના પરિવારો પ્રત્યે આદર વ્યક્ત કરવા તેમજ બાળકોથી લઈને વૃદ્ધો સુધી સૌ નાગરિકોમાં દેશભક્તિના ભાવને મજબૂત કરવાના હેતુથી આ વર્ષે ગુજરાતમાં તા.૯ થી ૧૭ ઓગસ્ટ દરમિયાન વિવિધ રાષ્ટ્રભક્તિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ તથા પ્રધાનમંડળના સભ્યો સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં આગામી તા. ૧૦ ઓગસ્ટે ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની તિરંગા યાત્રા અને ‘તિરંગા કોન્સર્ટ’નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૧૧ ઓગસ્ટે અમદાવાદ, ૧૨ ઓગસ્ટે રાજકોટ અને ૧૪ ઓગસ્ટે વડોદરા ખાતે તિરંગા યાત્રા યોજાશે.

તેમણે ઉમેર્યું હતું કે આ વર્ષે સમગ્ર ગુજરાતમાં ૭૦ લાખથી વધુ ઘરો પર તિરંગો લહેરાવવામાં આવશે. ભારત પાકિસ્તાન સરહદ પર આવેલા ગામડાઓથી લઈને રાજ્યના મોટા શહેરો સુધી તમામ જિલ્લાઓમાં તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. જિલ્લા કલેક્ટર અને પોલીસ કમિશનર સાથે વિવિધ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા અત્યાર સુધીમાં રાજ્યભરમાં ૧૨૦૦થી વધુ તિરંગા યાત્રાઓ માટેની મંજૂરી મેળવી લેવામાં આવી છે.

તા. ૧૪ ઓગસ્ટ સવારે તમામ જિલ્લા મથકો પર વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસનો ખાસ કાર્યક્રમ પણ યોજાશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

## વડોદરામાં સર્જાયાં ફિલ્મી દૃશ્યોઃ એસએસજી હૉસ્પિટલમાંથી આરોપી ભાગ્યો, ડ્રોનથી શોધ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોલીસના સકંજામાંથી આરોપી ભાગ જાય, પછી આરોપી આગળને પોલીસ પાછળ એવા ઘણા દશ્યો આપણે ફિલ્મો-સિરિયલોમાં જોયા છે, પરંતુ વડોદરામાં ગુરુવારે આવા દશ્યો વાસ્તવમાં ભજવાતા જોવા મળ્યા હતા. અહીંની એસએસજી હૉસ્પિટલમાં દુષ્કર્મના આરોપીને લાવવામાં આવ્યો હતો. મળતી માહિતી અનુસાર દાહોદના આરોપીને ચામડીની તકલીફ હોવાથી તેને ઈન્જેક્શન મારવા હૉસ્પિટલ લાવવામાં આવ્યો હતો. આ માટે તેની હથકડી ખોલવામાં આવી હતી. જોકે એક ઈન્જેક્શન મારતા જ આરોપી પોલીસના જપ્તામાંથી ભાગ્યો હતો અને બધે ધક્કા મારતો એક ઈમારતમાં ઘુસી ગયો હતો, જેનું કન્સ્ટ્રક્શન ચાલી રહ્યું છે. ભાગતો આરોપી અને ઈમારતમાં ઘુસતો આરોપી સીસીટીવી કૅમેરામાં કેદ થયા હતા. આરોપી ક્યા ફ્લોર પર છે અને ક્યાં સંતાયો છે તે જાણવા માટે પોલીસે ડ્રોનની મદદ લેવી પડી હતી. પોલીસે માઈકથી એનાઉન્સમેન્ટ કરી તેને બહાર નીકળવા પણ કહ્યું હતું. રાવપુરા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી આવ્યો હતો અને પોલીસે સમગ્ર ઈમારતને કોર્ડન કરી ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ લખાય છે ત્યાં સુધી આરોપી પોલીસના હાથમાં આવ્યો નથી. આ અંગે પોલીસસૂત્રો સાથે સીધો સંપર્ક થઈ શક્યો નથી.

## રાજકોટમાં હચમચાવતી ઘટનાઃ માતા પર થતો અત્યાચાર ન જોવાતાં પુત્રએ જ પિતાને ગળે ટૂંપો આપી પતાવી દીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં છેલ્લા અનેક દિવસોથી હત્યાના બનાવોએ શહેરની સુરક્ષાવ્યવસ્થા પર પ્રશ્નો ઊભા કર્યા છે, ત્યારે ફરી એકવાર હત્યાના બનાવે ચર્ચા જગાવી છે. આ તાજેતરની ભયાનક ઘટના રાજકોટના કણકોટ રોડ પર આવેલી એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ સામે બની રહેલી સરદારધામની નવી બાંધકામ સાઇટ પર બની હતી. અહીં મજૂરીકામ કરતા એક પરિવારમાં કૌટુંબિક કંકાસને કારણે દીકરાએ પોતાના જ પિતાને મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું તપાસમાં ખૂલતાં ચકચાર મચી ગઇ હતી. પોલીસ ચોપડે નોંધાયેલી એફઆઈઆરની વિગતો અનુસાર, મૃતક ભારતસીંગ ડામોરની તેના દીકરા વિકાસ ડામોરે હત્યા કરી નાખી હતી. મૃતકના પત્ની અને આરોપીની માતા નાનીબેન ડામોરે ફરિયાદ નોંધાવી હતી. આ પરિવાર મૂળ મધ્ય પ્રદેશના જાબુઆ જિલ્લાના રાણાપુર તાલુકાના ટીકડી ગામનો વતની હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો અનુસાર, આ ઘટના ૫ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ બની હતી. તે દિવસે વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં ભારતસીંગે પોતાની પત્ની પાસે પૈસા માંગી ઝઘડો કર્યો હતો, જેના ડરથી માતા અને પુત્ર ત્રણ કલાક સુધી ઓરડીમાં પુરાઈ રહ્યા હતા. ત્યારબાદ બપોરના આશરે ત્રણ વાગ્યે ભારતસીંગે ફરીથી ઓરડીએ આવીને પત્ની પાસે વાપરવા માટે પૈસાની માગણી કરી હતી. પત્ની સાથે ઝઘડો કરી તે હાથાપાઈ કરવા લાગ્યો હતો.

માતા પર થતો આ અત્યાચાર ન જોવાતાં દીકરા વિકાસે વચ્ચે પડીને માતાને છોડાવી ઓરડીની બહાર કાઢી હતી. ત્યારબાદ વિકાસે અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો. ઓરડીની અંદર પિતા-પુત્ર વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો, જેમાં વિકાસે ઓરડીમાં પડેલા કાપડના લાંબા ટુકડા અને દોરી વડે પિતા ભારતસીંગને ગળે ટૂંપો આપી દીધો હતો. ભારતસીંગ બેભાન થઈને નીચે પડી ગયો હતો અને ૧૦૮ એમ્બ્યુલન્સ આવતાં સ્ટાફ દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૧૦૩ (૧) મુજબ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.


## માતા-પિતાના ઝઘડામાં બાળકીની આંખ જોખમમાંઃ પિતાએ એસિડ ગટગટાવ્યું, દીકરીને છાંટા ઉડ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પતિ-પત્નીના ઝઘડામાં આમ પણ બાળકો પિસાતા હોય છે ત્યારે સુરતમાં બનેલી એક ઘટનામાં દંપતીના ઝઘડામાં એક વર્ષની બાળકીની આંખની રોશની જોખમમાં મુકાઈ ગઈ છે.

શહેરના ભટાર વિસ્તારમાં ફર્નિચરનું કામ કરતા એક યુવકનો પત્ની સાથે છેલ્લા ઘણા દિવસથી ક્લેશ ચાલતો હતો. રોજના ઝઘડાથી કંટાળી યુવકે પોતાની સાથે એક વર્ષની દીકરીને રાખી એસિડ પી લેવાનો પ્રયાસ કર્યો હતો. આમ કરતા સમયે એસિડના છાંટા બાળકીના મોઢા પર ઉડ્યા હતા અને તે મોઢા અને આંખના ભાગે ગંભીર રીતે દાઝી હતી.

ઘટના બાદ પિતા અને બાળકીને સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં એસિડ ઉડવાને કારણે બાળકીની આંખ સંપૂર્ણપણે બંધ થઈ ગઈ છે અને તેની રોશની ન જતી રહે તે માટે તબીબો કામે લાગ્યા છે. પિતાની પણ સારવાર ચાલી રહી છે. દરમિયાન ખટોદરા પોલીસે તપાસ હાથ ધરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.





# વિદેશી ફિલ્મોનાં આવાં ઓવારણાં કેમ લેવાય છે?

**ક્રિસ્ટોફર નોલનની સફળતાનાં વાજાં વાગી રહ્યાં હતાં ત્યાં ‘સ્પાઇડર-મેન’ ફિલ્મના ઢોલ બજને લગા જેવો માહોલ બની ગયો છે.**




કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી




હોલિવૂડને ૨૦૨૬ના વર્ષના પહેલા સાત મહિના ફળ્યા છે એવું ખાતરીપૂર્વક કહી શકાય એમ છે. સિને પ્રેમીઓએ હોલિવૂડની ફિલ્મોને વધાવી લીધી છે એવું બૉક્સ ઑફિસ કલેક્શન પરથી જરૂર પ્રતીત થાય છે. અલબત્ત, સફળ નીવડેલી ફિલ્મોને હોલિવૂડની ફિલ્મો કહેવું જરા ખટકે એવી વાત છે. કેમ? કારણ કે દર્શકોને થિયેટર સુધી દોડતા કરનારી ફિલ્મોના લિસ્ટમાં ખાસ તો ફ્રેન્ચાઇઝી ફિલ્મો અને એમાંય માર્વેલ (એમસીયુ), ડિટેક્ટિવ કૉમિક્સ (ડીસી) અને અગ્રણી ઍક્શન ફ્રેન્ચાઇઝી ફિલ્મો જ મુખ્યત્વે હોય છે. હોલિવૂડની અન્ય ફિલ્મો કાં તો ભારતમાં રિલીઝ નથી થતી અને થાય છે તો અપવાદ બાદ કરતાં સિને રસિકોમાં એના માટે ઉત્સાહ નથી હોતો.

છેલ્લાં ૧૦ વર્ષની સફળ ફિલ્મોનું લિસ્ટ જોવાથી Oppenheimer, The Jungle Book, The Odyssey, Project Hail Mary જેવી ગણીગાંઠી નૉન ફ્રેન્ચાઇઝી ફિલ્મનાં નામ જોવા મળે છે. અને હા, આ ફિલ્મો પણ સફળ ફિલ્મોના કઝીન જેવી જ છે. ચુકાદો સ્પષ્ટ છે કે આંખો પહોળી થઈ જાય, હેરત થાય અને મોઢામાંથી ઓહ માય ગૉડ નીકળી જાય એવી ફિલ્મોને પ્રાધાન્ય મળે છે. દર્શકોને રોમેન્સ-કૉમેડી કરતાં રોમાંચ માટે વધુ રુચિ છે. અપવાદ તો દરેક બાબતે હોય. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પણ ઘણે અંશે એવું જ જોવા મળી રહ્યું છે.

ક્રિસ્ટોફર નોલનની ‘The Odyssey’ (આ લખાય છે ત્યાં સુધીમાં કલેક્શન ૧૮૦ કરોડ)ની સફળતાનો નશો ઊતરે એ પહેલાં માર્વેલ સ્ટુડિયોની Spider-Man: Brand New Day રિલીઝના પહેલે જ દિવસે ૧૭ હજાર ૨૫૦ શોમાં પ્રદર્શિત થઈ ૬૦.૬૦ કરોડનું કલેક્શન મેળવવામાં સફળ રહી છે. આ સાથે સ્પાઇડરમૅનની ફિલ્મે સાત વર્ષ પહેલાં Avengers: Endgame ફિલ્મે સ્થાપેલા પ્રથમ દિવસના ૫૩.૧૦ કરોડના વિક્રમના ભુક્કા બોલાવી દીધા છે. પહેલા પાંચ દિવસમાં સ્પાઇડરમૅનની ફિલ્મ ભારતમાં ૩૩૭ કરોડ રૂપિયાનો વકરો કરવામાં સફળ રહી છે. જે ઝડપથી સ્પાઇડરમૅનની ફિલ્મ આગળ વધી રહી છે એ જોતાં એવેંજર્સનો ભારતીય કલેક્શનનો રેકૉર્ડ તોડી નાખી એ નવો વિક્રમ નોંધાવશે તો નવાઈ નહીં લાગે.

ઑગસ્ટથી-ડિસેમ્બર દરમિયાન ભારતમાં હોલિવૂડની ૧૪ ફિલ્મ રિલીઝ થવાની માહિતી છે. એમાંથી Super Troopers 3, One night only એ બંને કૉમેડી ફિલ્મ છે. બાકીની ડઝન સાયન્સ ફિક્શન કે પછી ઍક્શન-ઍડ્વેન્ચર અથવા સુપરહીરો કે ઍનિમેશન ફિલ્મો જ છે.

ભારતમાં પહેલી માર્વેલ ફિલ્મ ૨૦૦૮માં (Iron Man) રિલીઝ થઈ હતી. એ સમયે અંગ્રેજી ઉપરાંત કેવળ હિન્દીમાં ડબ કરવામાં આવી હતી. આ ફિલ્મને ૧૧ કરોડનું કલેક્શન મળ્યું હતું જે એ સમયે આ વકરો ફિલ્મ ખૂબ જ સારી સફળતાને વરી છે એ દર્શાવતો હતો. હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીની ૧૦૦ કરોડ ક્લબની શરૂઆત ૨૦૦૮માં થઈ હતી. આધારભૂત માહિતી અનુસાર છેલ્લાં ૧૮ વર્ષમાં આપણે ત્યાં ૩૮ માર્વેલ ફિલ્મો રિલીઝ થઈ છે. અંગ્રેજી ઉપરાંત અન્ય પાંચ ભાષામાં ડબ કરવામાં આવે છે અને સ્પાઇડરમૅન શ્રેણી સહિતની સ્પેશ્યલ ઍનિમેટેડ ફિલ્મો તો દસ ભારતીય ભાષામાં ડબ કરી રિલીઝ કરવામાં આવે છે. આટલાં વર્ષોમાં સાત માર્વેલ ફિલ્મ ૧૦૦ કરોડથી વધુ કલેક્શન મેળવવામાં સફળ રહી છે. પ્રથમ નંબરે છે Avengers: Endgame : ૩૭૩.૨૨ કરોડ રૂપિયા. રસપ્રદ વાત એ છે કે માર્વેલ સિરીઝની સૌથી સફળ ફિલ્મ (બૉક્સ ઑફિસ વર્લ્ડવાઇડ કલેક્શન ૨.૮ બિલ્યન ડૉલર) પણ ‘એવેંજર્સઃ એન્ડગેમ’ જ છે. હોલિવૂડની હન્ડ્રેડ કરોડ કલેક્શન મેળવનારી પ્રથમ ફિલ્મ હતી Furious 7 (૨૦૧૫) અને ૧૦ વર્ષમાં આંકડો ૧૫ પર પહોંચી ગયો છે.

ભારતમાં માર્વેલ ફિલ્મોને કેમ સફળતા મળે છે?:

આ ફિલ્મોને મળતા આવકારનું પ્રમુખ કારણ એ છે કે આ ફિલ્મ વિવિધ સ્થાનિક ભાષાઓમાં ઉપલબ્ધ કરવામાં આવે છે. મતલબ કે ભારતના રાજ્ય અનુસાર એ હિન્દી, તમિળ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને ગુજરાતીમાં ડબ કરી રિલીઝ કરવામાં આવે છે. પરિણામે આ ફિલ્મો મહાનગર પૂરતી સીમિત નથી રહેતી અને વિવિધ રાજ્યોનાં નાના શહેર-નગરના પ્રેક્ષક સુધી પહોંચે છે. બીજું કારણ છે ફિલ્મોની ભવ્યતા. આજના યુવા વર્ગને પડદા ઉપર આંખ આંજી દેતાં દૃશ્યો, ત્યાગ-બલિદાન-સંઘર્ષની ભવ્ય ગાથા જોવામાં વધુ રુચિ છે. ભારતનું માર્કેટ વિશાળ હોવાથી અમુક ફિલ્મો નૉર્થ અમેરિકાના પ્રીમિયર શો પહેલાં ભારતમાં રિલીઝ કરવામાં આવે છે.

## આ વર્ષની ટૉપ ફાઇવ...

આ વર્ષના જૂન મહિના સુધીમાં ભારતમાં પ્રદર્શિત થયેલી ટૉપ ફાઇવ (બૉક્સ ઑફિસ કલેક્શનને આધારે) ફિલ્મો પર નજર નાખતા આપણા દર્શકોની પસંદગીનો ખ્યાલ આવે છે. પહેલા ક્રમાંકે છે Mission: Impossible - The Final Reckoning. ટોમ ક્રુઝની ઍક્શન સ્પાય ફિલ્મ સિરીઝની આઠમી ફિલ્મ. વિશ્વભરમાં ૮૫૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી ફિલ્મનો ભારતમાં વકરો હતો ૧૪૮ કરોડ રૂપિયા. બીજા નંબરે છે Thunderbolts. માર્વેલ સિરીઝની એન્ટી હીરોની આ ફિલ્મ વિશ્વભરમાં ૫૩૦ મિલ્યન ડૉલરનો વકરો કરવામાં સફળ રહી હતી અને ભારતમાં કલેક્શન હતું ૧૨૦ કરોડ રૂપિયા. તરછોડાયેલા અને સુધારી રહેલા ખલનાયકોની વાર્તા દર્શકોને બહુ જ ગમી ગઈ. ત્રીજા નંબરે છે Jurassic World: Rebirth જે જુરાસિક ફ્રેન્ચાઇઝીની સાતમી ફિલ્મ છે. સાયન્સ ફિક્શન કૅટેગરીની આ ફિલ્મની સિરીઝનો પ્રારંભ ૧૯૯૩માં સ્ટીવન સ્પીલબર્ગ દિગ્દર્શિત Jurassic Park (૧૯૯૩)થી થયો હતો. આ સિરીઝની અગાઉની ફિલ્મોને પણ દર્શકોનો સારો પ્રતિસાદ મળ્યો હતો અને આ પણ એમાં અપવાદ નહોતી. વિશ્વભરમાં ૬૮૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી આ ફિલ્મનો ભારતમાં વકરો હતો ૯૫ કરોડ રૂપિયા. ચોથા નંબરે છે બેસ્ટ સાઉન્ડનો ઑસ્કર એવોર્ડ મેળવનારી સ્પોર્ટ્સ ઍક્શન ફિલ્મ F1. બે ઑસ્કર એવોર્ડ મેળવી ચૂકેલો અફલાતૂન અભિનેતા બ્રેડ પિટ ફિલ્મમાં ૩૦ વર્ષના બ્રેક પછી ટીમનું નાક રાખવા સ્પર્ધામાં ઊતરનાર ફૉર્મ્યુલા વન રેસિંગ ડ્રાઇવરના રોલમાં છે. વિશ્વભરમાં ૫૪૦ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવી ઍક્ટરની ૪૦ વર્ષની કરિયરની સૌથી સફળ ફિલ્મ સાબિત થઈ છે. ફૉર્મ્યુલા રેસિંગ માટે આપણે ત્યાં જબરું આકર્ષણ છે. ૮૮ કરોડ રૂપિયાનો વકરો કરવામાં ફિલ્મ સફળ રહી છે. પાંચમા નંબરે બિરાજે છે ફ્રેન્ચાઇઝીના લેબલ વિનાની સાયન્સ ફિક્શન ફિલ્મ Project Hail Mary. આ ફિલ્મની ખાસિયત એ છે કે હોલિવૂડની આ ફિલ્મનું પ્રીમિયર ૯ માર્ચે લંડનમાં થયું, ૨૦ માર્ચે યુએસમાં રિલીઝ થઈ અને છ જ દિવસ પછી ૨૬ માર્ચે ભારતમાં રિલીઝ કરવામાં આવી. વિશ્વભરમાં ૬૮૪ મિલ્યન ડૉલરનું કલેક્શન મેળવનારી આ ફિલ્મનો ભારતમાં વકરો હતો ૮૫ કરોડ રૂપિયા. ■

---

# મૂવી ને મોબાઈલઃ નાનો પડદો વિરુદ્ધ મોટો પડદો

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

**‘મોટા પડદાથી લઈને ફોનની ચમકતી સ્ક્રીન સુધી, કળા હવે સંવેદના નથી રહી, પણ માત્ર ૨૪ કલાક ચાલતો તમાશો બની ગઈ છે.’**
**- નસીરુદ્દીન શાહ**

------------------

**‘લોકોને હવે ગહન વાર્તા નથી જોઈતી, એમને તો બસ એવું કન્ટેન્ટ જોઈએ છે, જે તેમના માનસિક શૂન્યાવકાશને થોડી સેકન્ડ માટે ભરી દે.’**
**- સૌરભ શુક્લા, લેખક-કલાકાર**

-------------

છેલ્લાં ૧ મહિનાથી સોશ્યલ મીડિયાનો વપરાશ રાતોરાત વધ્યો અને દેશની રાજધાનીથી લઈને મોટાં મોટાં શહેરોના કોફી શોપ્સ, બાર કે રેસ્ટોરેન્ટસમાં એક જ નામ ગૂંજવા લાગ્યુંઃ ‘સીજેપી’ એટલે કે ‘કોક્રોચ જનતા પાર્ટી’, જેણે આમ તો ‘નીટ’ પરીક્ષાપત્ર ફૂટવાનાં મુદ્દે દિલ્હીનાં જંતરમંતર મેદાનમાં આંદોલન કરેલું. આ કોઈ ગંભીર રાજકીય ચળવળ લાગતી નહોતી પણ ‘ઝેન- ઝી’ એટલે કે ૧૯૯૭-૨૦૨૨ વચ્ચે જન્મેલી પેઢીનાં હજારો ને અન્ય લાખો યુવાન-યુવતીઓ રસ્તા પર ઊતરી આવેલા. તેમના હાથમાં પોસ્ટરો હતાં, આંખોમાં આક્રોશ હતો. રસ્તાની એક બાજુએ કોઇ છોકરો હાથમાં માઈક લઈને ગંભીર નારા લગાવતો હતો ને બીજી જ સેકન્ડે તેનો દોસ્ત કેમેરા સામે આવીને બોલતો હતોઃ ‘દોસ્તો, હિંદુ-મુસ્લિમ છોડો, શિક્ષણને બચાવો’ આવી ડાહી વાતોથી લઇને અતિશય રમૂજી-ક્રિએટિવ વાતો પણ હતી ને કશેક અશ્લીલતા પણ ખરી.... આખરે જ્યારે સરકાર ઝૂકી અને શિક્ષાપ્રધાને રાજીનામું આપવું પડ્યું ત્યારે ચળવળ અટકી અને પછી પાટનગરની સડક પર ડાન્સ થયા, બિયર બાર્સમાં ડિજિટલ યુગના સ્ટાર્સ આ જીતનો જશ્ન મનાવી રહ્યા હતા. ખુદ વડા પ્રધાન મોદીજીએ ઇન્સ્ટાગ્રામ પર વારે વારે રીલ્સ મૂકીને યંગ લોકોને મનાવવા પડ્યા! આ ઇન શોર્ટ, હવે ક્રાંતિ મનોરંજનકળા અને તમાશા વચ્ચેની સીમા રેખાઓ કેવી ભૂંસાઈ ગઈ છે.

એવામાં મૂવીજગત પર મોબાઇલની ઇન્સ્ટાગ્રામ રીલ્સ કે યુટયૂબની આઇટેમો ભારી પડી રહી છે. હવે ફોન પર મનોરંજક રીલ્સ, ક્રાઇમ સમાચારોના કે અશ્લીલ વીડિયો વગેરે જોઇ જોઇને લોકોની મનોરંજનની ભૂખ જ ભાંગી ગઇ છે, કારણકે ૨૪ કલાક મનોરંજન ફોન પર હાથવગું છે. વળી, નવી ફિલ્મો કે વેબસિરીઝો પણ ‘ટેલિગ્રામ’ એપ કે બીજી સર્વિસથી પલક ઝપકાવતાં મળી જાય છે.

અગાઉ ફિલ્મોની વાર્તામાં ગુનાખોરી, અન્યાય, બળાત્કાર, ભ્રષ્ટાચાર, રાજકારણ વગેરે જે જે સામાજિક મુદ્દાઓ આવતા એ હવે માત્ર ૧૫ સેકન્ડના વીડિયોઝ ને વાયરલ ટ્રેન્ડ્સમાં ફેરવાઈ ગયા છે. ચર્ચા, અભિપ્રાયો અને આક્રોશ પણ હવે પળભરમાં ફોન પરનો મસાલો બની જાય છે.

મહાન શાયર અહમદ ફરાઝે સાચું જ કહ્યું હતુંઃ
*‘ઈસ દૌર-એ-તમાશેમાં હુન્નર કૌન પરખતા હૈ?*
*યહાં જો જીતના શોર મચાએ, વો સિકંદર કહેલાતા હૈ.’*

હમણાં મુંબઈના નાટ્યગૃહમાં એક અનુભવી દિગ્દર્શકે પોતાના નવા નાટકનો પ્રયોગ રાખ્યો હતો. એક યુવાન પ્રેક્ષકે એમને ખૂબ ઉત્સાહથી કહ્યું : ‘સર, નાટક ખૂબ જ અદ્ભુત હતું! પણ જો તમે પેલા વિલનની એન્ટ્રી વખતે એક નાનો ડાન્સ મૂકી દીધો હોત ને વચ્ચે થોડા પંચલાઈન ઉમેર્યા હોત, તો એનો ૩૦ સેકન્ડનો વીડિયો ઈન્ટરનેટ પર જોરદાર વાયરલ થઈ જાત!’




આ ટ્રેજીકોમિક કિસ્સો, આજના સમયની વાસ્તવિક્તા કે કરૂણતા છતી કરે છે. એક જમાનો હતો જ્યારે થિયેટરમાં નાટક જોવા માટે લોકો પોતાની સાંજ સાચવી રાખતા. લેખકો દિવસો સુધી વિચારી વિચારીને લખતા, દિગ્દર્શકો પાત્રના માનસમાં ઊતરવા માટે મહિનાઓ વિતાવતા, પરંતુ આજે? આજે ફિલ્મના કાસ્ટિંગ ડિરેક્ટરો કલાકારોને પસંદ કરવા માટે માત્ર એમની ઇન્સ્ટા પ્રોફાઇલ ખોલે છે ને ફોલોઅર્સનો આંકડો ગણે છે.

જ્યારે ડિજિટલ પ્લેટફોર્મ પર રાતોરાત છવાઇ ગયેલા સમય રૈના, ગુરલીન, કુણાલ કામરા, પુનિત પાનિયા જેવા સ્ટેંડઅપ હાસ્ય કલાકારો અચાનક ફેમસ થઇ જાય ત્યારે સમજવું કે સમાજને સિનેમાનાટકની ગંભીરતા સાથે કોઈ લેવાદેવા નથી. નાટકસિનેમા હવે મોંઘો વિકલ્પ છે, કોણ મોંઘી ટિકીટો ને પોપકોર્ન ખરીદે, પાર્કિંગના પૈસા ભરે ને ૩ કલાક કાઢે? હવે ફોન પર ટ્રેન્ડિંગ વાયરલ રીલ્સ કે વિષયો પર સવાર થઈને ભલભલા કલાકારો, નેતાઓ, ડોક્ટરો, શાયરો, વિચારકો પોતાની બ્રાન્ડવેલ્યૂ ટકાવવાના હવાતિયાં મારે છે. અરે, વિદ્યા બાલન જેવી સ્ટાર અભિનેત્રી, કોઇકના અવાજમાં બનેલા ફાલતુ જોક્સ પર રીલ્સ બનાવે ત્યારે શું સમજવું?




પહેલાં ટીવીનાં રીમોટ કંટ્રોલને લીધે ને હવે ફોન પર સતત સ્ક્રોલિંગને આખી નવી પેઢીનો પડદા પરનો ‘એટેન્શન સ્પેન’ કે લોકોનો પડદા પર ધ્યાન આપવાનો સમયગાળો સાવ ખતમ થઈ ગયો છે. લોકોને હવે બે-અઢી કલાકની ફિલ્મમાં પાત્રો કે વાર્તાનો ધીમો ને સુંદર વિકાસ નથી જોવો, દર્શકોને હવે દર ૧૦ સેકન્ડે કોઇ મોટો ધમાકો કે કોમેડી જોઈએ છે. ફોનની રીલ્સમાં સારા ઘરની કન્યાઓ રીલ્સમાં સેક્સી કપડામાં લટકાં કરે છે ને બીજી બાજુ સેંસર બોર્ડવાળા હજુ ફિલ્મોને સાફસુથરી રાખવામાં પડ્યા છે!

વળી આજે જ્યારે લેખક કે દિગ્દર્શક, પ્રોડક્શન હાઉસ કે ચેનલ, ઓટીટી પ્લેટફોર્મમાં પોતાની વાર્તા લઈને જાય છે ત્યારે પહેલો સવાલ પૂછવામાં આવે કે તમારી વાર્તામાંથી ટૂંકા વીડિયો કે ક્લિપ્સ કેવી રીતે બનશે? મુખ્ય પાત્ર માટે કેટલા લાખના ફોલોવર્સો એટલે કે ‘જેમને રોજ ફોન પર નિહાળતા લોકોની મોટી સંખ્યા’ મળી શકે એમ છે?



જો કલાકારનો અભિનય કે ફિલ્મકારની વાર્તા ડિજિટલ સ્ક્રીન પર સ્ક્રોલ થતાં અંગૂઠાને પાંચ સેકન્ડ માટે રોકી ન શકે તો આ આધુનિક મનોરંજન બજારમાં તમારી કળાની કિંમત શૂન્ય ગણાય છે. એક લેખકે કંટાળીને મજાકમાં કહેલું, ‘આજકાલ લેખકોને સ્ક્રિપ્ટ લખવા પેનપેપરની જરૂર નથી પડતી... બસ, એક કેલ્ક્યુલેટર જોઈએ છે જેનાથી કલાકારોના ઇન્સ્ટાગ્રામના ફોલોઅર્સ એ ગણી શકે! ’

હવે વાત માત્ર ફિલ્મો પૂરતી નથી રહી, પણ પુસ્તકો, નાટકો, ટીવી સિરિયલો અને ઓટીટી વેબસિરીઝોના મૂળિયાં પણ હચમચાવી નાખ્યા છે. નાટક, ફિલ્મ કે વેબસિરીઝના નિર્માતાઓનો આદેશ હોય છે કે જેનો ડિજિટલ ચહેરો પ્રખ્યાત હોય તેને મુખ્ય રોલ આપી દો, જેથી પહેલાં જ દિવસે ઘણી બધી ટિકિટો વેંચાઇ શકે કે ઓનલાઇન વ્યૂઝ મળી જાય. રોજ ફોન પર આરોગ્યથી ઇકોનોમી સુધીનાં સલાહ-સૂચનો આપતા ‘સોશ્યલ ઇન્ફ્લ્યૂએન્સરો’ની ભીડ ને શોરમાં વચ્ચે સિનેમા, સાહિત્ય અને સાચી કલા ખોવાઈ જવા લાગી છે. હવે નાટકસિનેમા હવે ‘સતત ધ્યાન ખેંચવાની ભૂખ બની ગયા છે. સમાજ એવા મુકામ પર આવીને ઊભો છે જ્યાં વિચારો નબળા પડી ગયા છે, પડદો નાનો થઇ ગયો છે ને કલાકારો માત્ર બજારનો સામાન બની ગયા છે. અગાઉ ફિલ્મ, ટીવી કે નાટકવાળાં આપણને થિયેટરના અંધારામાં માનવ સંવેદનાઓના દરિયામાં ડૂબકી મારવા પ્રેરતા. કદાચ હવે એ સમય દૂર નથી કે આવનારી પેઢી કળાને માત્ર ‘નોટિફિકેશન’ કે ‘કેટલી આંખે જોયુ?’ એનો આંકડો સમજી બેસશે. ■


હેન્રી શાસ્ત્રી

## ફ્લૅશ બૅક

# નિરૂપા રૉય - મનહર દેસાઈની ફાઈવ સ્ટાર પૌરાણિક જોડી

### ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હીરો-હીરોઈનની ઘણી મશહૂર જોડી જામીને ખ્યાતિ મેળવવામાં સફળ રહી છે

ભારતીય ચિત્રપટની કેટલીક એવી ખાસિયત છે જે તમને અન્ય દેશોની ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ભાગ્યે જ જોવા મળે. જેમ કે ગીત-સંગીત, નૃત્ય, ચમત્કાર... લિસ્ટ લાંબું છે જેમાં એક ખાસિયત છે હીરો-હીરોઈનની જોડીનો. ૯૦ વર્ષ પહેલાં બૉમ્બે ટોકીઝના બૅનર હેઠળ બનેલી 'અછૂત કન્યા'માં અશોક કુમાર-દેવિકા રાનીથી હિન્દી ફિલ્મોમાં રૂપેરી પડદા પર જોડી જામવાની પરંપરા શરૂ થઈ હોવાનું માનવામાં આવે છે. હિન્દી સિવાય સાઉથની ભાષાઓમાં એમજીઆર-સરોજાદેવી સહિત અનેક જોડી જોવા મળી છે. બંગાળી ફિલ્મોમાં ઉત્તમ કુમાર-સુચિત્રા સેન, મરાઠીમાં અરુણ સરનાઈક-જયશ્રી ગડકર અને ગુજરાતી ચિત્રપટમાં તો ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની બોલબાલા હતી.



રતિભાઈ પુનાતરની 'ગુણસુંદરી'



જોડીની પહેલી પૌરાણિક ફિલ્મ 'નાગ પંચમી'

ત્રીજી ઑગસ્ટના દિવસે જેમની જન્મજયંતી હતી એ ગુજરાતી અને હિન્દી ફિલ્મોના અભિનેતા મનહર દેસાઈની પણ ગુજરાતી ફિલ્મોથી ચમકી હિન્દી ફિલ્મોમાં પ્રસિદ્ધિ મેળવનારાં નિરૂપા રૉય સાથે ફિલ્મોમાં જોડી જામી હતી. ૧૯૪૮માં રિલીઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'ગુણસુંદરી'માં પહેલી વાર નાયક-નાયિકા તરીકે ઝળક્યા પછી ગુજરાતી અને હિન્દીમાં કુલ બે ડઝન ફિલ્મોમાં આ જોડી જામી હતી, બોલો! હિન્દી સિનેમામાં લીડ પેર તરીકે સૌથી વધુ ફિલ્મ (૩૦થી વધારે) કરવાનો વિક્રમ ધર્મેન્દ્ર-હેમા માલિનીના નામ પર છે. ઉત્તમ કુમાર-સુચિત્રા સેન પણ ૩૦ ફિલ્મમાં હીરો-હીરોઈન તરીકે જોવા મળ્યાં છે. ગુજરાતી ફિલ્મોના નિર્માણમાં મોટી ભરતી આવી હતી એ ૧૯૭૦ના દાયકામાં ઉપેન્દ્ર ત્રિવેદી-સ્નેહલતાની જોડી પણ હિટ સાબિત થઈ હતી. ૧૭ વર્ષમાં (૧૯૪૮થી ૧૯૬૫) નિરૂપા રૉય-મનહર દેસાઈ ૨૪ ફિલ્મમાં સાથે જોવા મળ્યાં જેમાં ચાર ગુજરાતી હતી અને અન્ય ૨૦ હિન્દી ફિલ્મો હતી.

નિરૂપા રૉય અને મનહર દેસાઈ વચ્ચે ઉંમરમાં ૧૪ વર્ષનો તફાવત હતો. જોકે બંનેની ફિલ્મ કરિયરની શરૂઆત લગભગ સાથે થઈ. નિરૂપાજીની પહેલી ફિલ્મ હતી 'રાણકદેવી' (૧૯૪૬). ૧૯૪૬માં રિલીઝ થયેલું આ એકમાત્ર ગુજરાતી ચિત્રપટ હતું. સૌરાષ્ટ્રનાં રાણીની કથા ધરાવતી આ ફિલ્મને સિને રસિકોનો સારો આવકાર મળ્યો હતો અને આ ફિલ્મથી કલ્પનાના રંગો પૂરેલી ઐતિહાસિક ગુજરાતી ચિત્રપટ નિર્માણને વેગ મળ્યો. મનહર દેસાઈની પહેલી ફિલ્મ હતી ૧૯૪૭ની 'તૂફાની સ્વર'.

અને ૧૯૪૮માં આવી ગુજરાતી ફિલ્મ 'ગુણસુંદરી'. રતિભાઈ પુનાતર દિગ્દર્શિત આ ફિલ્મ ૧૭ વર્ષનાં નિરૂપાજી અને ૩૧ વર્ષના મનહરભાઈને લીડ રોલમાં સાથે ચમકાવતી પહેલી ફિલ્મ હતી. ફિલ્મને ફાંકડો પ્રતિસાદ મળ્યો (૪૦ અઠવાડિયાં ચાલી) અને બંને કલાકારને સ્ટારડમ મળી ગયું. જોડી તરીકે દર્શકોની નજરમાં વસી ગયાં અને ફિલ્મમેકરો વહેતી ગંગામાં હાથ ધોવા માટે થનગનવા લાગ્યા.

આ જોડીની ફિલ્મોની યાદી પર નજર નાખતાં તેમણે નાયક-નાયિકાનો રોલ કર્યો હોય એવી પહેલી ચાર ફિલ્મ ગુજરાતી છે. ૧૯૪૮માં રતિભાઈએ નિરૂપાજી અને મનહરભાઈને લઈને બીજી ફિલ્મ બનાવી 'નણંદ ભોજાઈ'. આ ફિલ્મ ગુજરાતી અને હિન્દી (નનદ-ભૌજાઈ) એમ બંને ભાષામાં રિલીઝ થઈ હોવાની નોંધ છે. ગુજરાતીમાં સંગીત અવિનાશ વ્યાસનું હતું જ્યારે હિન્દીમાં બુલો સી. રાની સંગીતકાર હતા. રતિભાઈની જ 'મંગળફેરા' જોડીની ત્રીજી ફિલ્મ હતી અને ગીતા દત્ત-એ. આર. ઓઝાએ ગાયેલા યુગલગીત 'રાખનાં રમકડાં મારા રામે, હે મારા રામે રમતા રાખ્યા રે, મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે' ઘેર ઘેર ગુંજ્યું અને આજે પણ અનેકના હોઠ પર રમતું હશે. જોડીની ચોથી ગુજરાતી ફિલ્મ હતી ફરી રતિભાઈ દિગ્દર્શિત અને શ્રી દેશી નાટક સમાજ માટે પ્રભુલાલ દ્વિવેદી લિખિત પ્રસિદ્ધ નાટક 'ગાડાનો બેલ' પરથી બનેલી એ જ નામની ફિલ્મ. આ ફિલ્મને પણ સારી સફળતા મળી હતી. આમ નિરૂપા રૉય-મનહર દેસાઈએ સાથે કામ કર્યું હતું એ પ્રથમ ચારેય ગુજરાતી ફિલ્મોને સારી સફળતા મળી હતી.

જોડીની લોકપ્રિયતા જોઈ હિન્દીમાં પૌરાણિક-સામાજિક ચિત્રપટ બનાવતા રમણ બી. દેસાઈએ ૧૯૫૩માં 'નાગ પંચમી' નામની ફિલ્મ બનાવી. ફિલ્મને બૉક્સ ઑફિસ પર ધરખમ સફળતા મળી પછી આ હીરો અને હીરોઈન માયથોલૉજિકલ ફિલ્મો બનાવતા મેકરોના ફેવરિટ બની ગયા. એમની ફિલ્મોની યાદી પર નજર ફેરવતાં 'નાગ પંચમી'ના પ્રભાવનો ખ્યાલ આવે છે. 'નાગ પંચમી' સહિત જે ૨૧ ફિલ્મમાં આ જોડી ચમકી એમાંથી પાંચેક ફિલ્મ બાદ કરતાં બાકીની બધી પૌરાણિક અથવા ધાર્મિક કે ઐતિહાસિક ફિલ્મ હતી. મનહર દેસાઈ-નિરૂપા રૉય માયથોલૉજિકલ ફિલ્મોની જોડી નંબર વનનો દરજ્જો ધરાવતી હતી. ■

### જોડીની ૨૪ ફિલ્મોની આ રહી યાદી...

નિરૂપા રૉય-મનહર દેસાઈની લીડ રોલમાં પહેલી ફિલ્મ હતી ૧૯૪૮ની 'ગુણસુંદરી.' આ એક સામાજિક ચિત્રપટ હતું. તેમની અંતિમ ફિલ્મ હતી 'સતી નારી' (૧૯૬૫) જે પૌરાણિક ફિલ્મ હતી. જોકે ફિલ્મ સાઇન કર્યા પછી કોઈ મતભેદ થવાથી નિરૂપાજીએ ફિલ્મ છોડી દીધી હતી અને અનિતા ગુહાને સાઈન કરવામાં આવ્યાં હતાં. આમ આ જોડીની રિલીઝ થયેલી અંતિમ ફિલ્મ હતી 'શંકર સીતા અનસૂયા' (૧૯૬૫) અને એ પણ પૌરાણિક ફિલ્મ હતી. આ યાદીમાં પહેલી ચાર ગુજરાતી અને બાકીની ફિલ્મ હિન્દી છે.

૧ ગુણસુંદરી (૧૯૪૮),
૨ નણંદ ભોજાઈ - ગુજરાતી અને હિન્દી (૧૯૪૮),
૩ મંગળફેરા (૧૯૪૯),
૪ ગાડાનો બેલ (૧૯૫૦),
૫ નાગ પંચમી (૧૯૫૩),
૬ મનચલા (૧૯૫૩),
૭ નયા રાસ્તા (૧૯૫૩),
૮ શિવરાત્રી (૧૯૫૪),
૯ સતી મદાલસા (૧૯૫૫),
૧૦ નવરાત્રી (૧૯૫૫),
૧૧ સતી નાગકન્યા (૧૯૫૬),
૧૨ ચંડી પૂજા (૧૯૫૭),
૧૩ નાગ મણિ (૧૯૫૭),
૧૪ જનમ જનમ કે ફેરે (૧૯૫૭),
૧૫ રામ હનુમાન યુદ્ધ (૧૯૫૭),
૧૬ પતિ પરમેશ્વર (૧૯૫૮),
૧૭ પક્ષીરાજ (૧૯૫૯),
૧૮ ચરણોં કી દાસી (૧૯૫૯),
૧૯ વીર દુર્ગાદાસ (૧૯૬૦),
૨૦ માયા મચ્છેન્દ્ર (૧૯૬૦),
૨૧ હમીર હાથ (૧૯૬૪),
૨૨ શાહી રક્ષા (૧૯૬૫),
૨૩ શંકર સીતા અનસૂયા (૧૯૬૫)
૨૪ સતી નારી (૧૯૬૫).

## ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

### રશ્મિકાના ઉદાહરણ પરથી કોઈ ઘડો લેશે?



રશ્મિકા મંદાના

હાલમાં સમાચાર આવ્યા કે રશ્મિકા મંદાના કોઈ સેટ પર ઈજાગ્રસ્ત થઈ હતી. જોકે, આ ઘટના જૂની હતી,પણ સમાચાર નવા હતા, કારણ કે, રશ્મિકા અને એની ટીમે આ સમાચાર છુપાવ્યા હતા. થોડા દિવસ અગાઉ રશ્મિકાએ સોશિયલ મીડિયા પર આવીને પોતાની હિપ ઇન્જરી વિશે પોસ્ટ મૂકી ત્યારે તેના ફેન્સને ખબર પડી.

જોકે, એ પહેલાંના અઠવાડિયાઓ સુધી સોશ્યલ મીડિયા પર રશ્મિકાની ગેરહાજરીની નોંધ તો લેવાઈ જ રહી હતી. પછી રશ્મિકાએ ધીરે-ધીરે હાજરી પુરાવવાનું શરૂ કર્યું. પહેલાં સેલ્ફીઓ મૂકી, પછી વીડિયો મૂક્યા વગેરે વગેરે. પરંતુ હાલમાં તેણે જે પોસ્ટ મૂકી તેનાથી ખબર પડી કે, લે, આ બેનબા તો માંદાં પડ્યાં હતાં. પોતાની ઇન્જરીની વાત કરતાં રશ્મિકાએ જે ખુલાસો કર્યો છે, એ કદાચ આજકાલના તમામ કલાકારોને સમજવા જેવો છે.

આ 'પુષ્પા ગર્લ' નું કહેવું હતું કે આ તેની પહેલી કે બીજી નહીં, પરંતુ ત્રીજી ઇન્જરી છે!! હેં????? હા, તમે પણ ચોંકી ગયા ને? તો રશ્મિકાના કહેવા અનુસાર તેણે અત્યાર સુધી પોતાની જાતને મશીન તરીકે જ ટ્રીટ કરી છે એટલે કે, પહેલી કે બીજી ઇન્જરી બાદ પણ ડોક્ટરોની આરામ કરવાની સલાહને તેણે અવગણી અને સતત કામમાં વ્યસ્ત રહી હશે. આ જ કારણસર તેને ત્રીજી વખત ઈજાગ્રસ્ત થવું પડ્યું.

બોલિવૂડના અન્ય કલાકારોએ પણ (સિવાય કે અક્ષય કુમાર) આના પરથી ઘડો લેવાની જરૂર નથી? શું તેમણે પણ 'જીવન કી આપાધાપી'માંથી થોડો સમય પોતાના શરીરને આરામ માટે કાઢવો જોઈએ? જો એમ કરશે તો જ કેરિયર તંદુરસ્ત રહેશે અને લાંબી પણ ચાલશે. નહીં તો રશ્મિકાની જેમ અણગમા સાથે લાંબો બ્રેક લેવો પડશે.

### 'રાણો' તો રાણાની રીતે જ આવશે!




શાહરૂખ ખાન

વો ઝમાના ગયા તોલારામ કે જ્યારે હોલિવૂડની બિગ-બજેટ ફિલ્મોને આવકારવા આપણી હિન્દી ફિલ્મો પોતાનું સ્થાન ખાલી કરી દેતી. હવે બોલિવૂડને હોલિવૂડનો ડર નથી. ભલે, હોલિવૂડ એમના કરતાં વધુ સારી રીતે વાર્તા કહી શકે છે, પણ એટલીસ્ટ એની સાથે ટક્કર લેવામાં આપણી ફિલ્મો જરાય પાછળ નથી.

આવનારી ક્રિસમસ પર ત્રણ-ત્રણ મોટા ગજાની હોલિવૂડ ફિલ્મો સામે શાહરૂખ ખાનની 'કિંગ' ટક્કર લેશે. જોકે, આ ટક્કર વચ્ચે એક અઠવાડિયાનો ગેપ છે, તેમ છતાં તેની અસર જરાય ઓછી નહીં થાય.

આવનારી ૧૮ ડિસેમ્બરે ત્રણ હોલિવૂડ ફિલ્મ : 'એવેન્જર્સ: ડૂમ્સ ડે', 'ડ્યૂન: પાર્ટ ૩' અને 'જુમાન્જી: ઓપન વર્લ્ડ' એકસાથે રિલીઝ થવાની છે. એના પછીના અઠવાડિયે, એટલે કે ૨૪ ડિસેમ્બરે, શાહરૂખની 'કિંગ' રિલીઝ થશે તેની જાહેરાત ઑલરેડી થઈ ચૂકી છે.

જોકે જ્યારે પેલી ત્રણ હોલિવૂડ ફિલ્મોની જાહેરાત થઈ ત્યારે અમુક લોકોને ચિંતા થઈ અને તેમણે અંદરની ખબર કાઢી. આ ખબર પરથી પાક્કું થયું છે કે 'રાણો' તો રાણાની રીતે જ, એટલે કે ૨૪ ડિસેમ્બરે જ, થિયેટરોમાં આવશે.....જ્યારે પણ એક સાથે આટલી બધી ફિલ્મો આવતી હોય ત્યારે શો અંગે મારામારી હોય. પણ શાહરૂખ ખાનનો ઇતિહાસ છે કે જ્યારે એ પોતે ફિલ્મ પ્રોડ્યુસ કરે છે ત્યારે તે મેક્સિમમ સ્ક્રીન્સ લઈ જાય છે. આથી હવે ચિંતા પેલા હોલિવૂડવાળાએ કરવાની છે કે એક અઠવાડિયા પછી ભારતમાં એમનાં કલેક્શનની હાલત શું થશે!

### હવે આવશે 'ટનલ મેન'




'યશરાજ' ફિલ્મ્સે હવે એવું નક્કી કરી લીધું લાગે છે કે દેશના ઇતિહાસમાં જ્યાં જ્યાં સામાન્ય માણસે અસાધારણ કામ કર્યું હોય ત્યાં ત્યાં કેમેરો પહોંચાડવો. પહેલાં ભોપાલ ગેસ દુર્ઘટનાના અનામી હીરો પર 'ધ રેલવે મેન' બનાવી અને હવે વારો આવ્યો છે ૨૦૨૩ની ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલ દુર્ઘટનાનો. 'યશરાજ એન્ટરટેઇનમેન્ટે' સત્તાવાર રીતે 'ટનલ મેન' નામની નવી સિરીઝની જાહેરાત કરી છે. આ સિરીઝ ૧૭ દિવસ સુધી ટનલમાં ફસાયેલા ૪૧ મજૂરોને બચાવવાના અભૂતપૂર્વ રેસ્ક્યૂ ઓપરેશન પર આધારિત હશે.

આખી દુનિયા જ્યારે ટીવી સામે બેસીને પ્રાર્થના કરી રહી હતી, ત્યારે એક તરફ એન્જિનિયરો, એનડીઆરએફ, સેનાના જવાનો અને અનેક નિષ્ણાતો ટનલની બહાર દિવસ-રાત મહેનત કરી રહ્યા હતા. આખરે તમામ ૪૧ મજૂરોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. હવે આ જ ઘટનાને પડદા પર લાવવાની જવાબદારી 'યશરાજે' પોતાના ખભે ઉપાડી છે. સિરીઝનું દિગ્દર્શન ફરી એક વખત શિવ રવૈલ કરશે, જેમણે 'ધ રેલવે મેન'ને પણ ડિરેક્ટ કરી હતી.

હવે એક વાત તો પાક્કી છે. જો આવું જ ચાલે રાખ્યું તો આપણને જ્યાં જુઓ ત્યાં 'મેન' જ 'મેન' દેખાશે. પહેલાં 'રેલવે મેન', હવે 'ટનલ મેન'. કોને ખબર કે કાલે કોઈ પાણીની ટાંકીમાં પડી ગયેલી બિલાડીને બચાવનાર પર પણ 'ટાંકી મેન' બનાવી નાખે તો નવાઈ નહીં! જોકે, જો વાર્તા સાચી હોય, લાગણીઓ સાચી હોય અને હીરો ખરેખર સામાન્ય માણસ હોય, તો આવી 'મેનગીરી' વારંવાર જોવા કોઈને વાંધો પણ નહીં હોય. ■

### કટ એન્ડ ઓકે...



જેડી મજેઠિયા



આતિશ કાપડિયા

'સારાભાઇ વર્સીઝ સારાભાઇ'ની સફળ જોડી આતિશ કાપડિયા અને જેડી મજેઠિયા ૨૮ ઓગસ્ટે 'નેટફલીક્સ' પર લાવી રહ્યા છે નવી વેબ સિરીઝ 'ચુંબક', જેમાં નીના ગુપ્તા, સુમિત રાઘવન અને દેવેન ભોજાણી સરીખા કલાકારો છે.

## મનોરંજનનું મેઘધનુષ

ઉમેશ ત્રિવેદી

# બોલિવૂડની સફળ કારકિર્દીની સાથે થોડું વિવાદાસ્પદ જીવન જીવતી અભિનેત્રી પ્રિટી ઝિંટા

શર્મિલા ટાગોર પછી પ્રિટી ઝિંટા બોલિવૂડની એકમાત્ર અભિનેત્રી છે, જેના ગાલે ખંજન પડે છે, જે તેની સુંદરતામાં વધારો કરે છે અને તે ખંજનને કારણે તે 'ડિમ્પલ ગર્લ' તરીકે પણ ઓળખાય છે.

૩૧મી જાન્યુઆરી ૧૯૭૫ના હિમાચલ પ્રદેશના સિમલા જિલ્લામાં હિન્દુ કુટુંબમાં તેનો જન્મ થયો છે. તેના પિતા દુગાનંદ ઝિંટા ભારતીય લશ્કરના અધિકારી હતા. પ્રિટીને બે ભાઈ છે, દીપાંકર તેના કરતાં એક વર્ષ મોટો છે અને મનીષ તેના કરતાં એક વર્ષ નાનો છે. દીપાંકર પણ ભારતીય લશ્કરમાં અધિકારી છે, જ્યારે મનીષ કેલિફોર્નિયામાં રહે છે. તેના પિતાનું માર્ગ અકસ્માતમાં મૃત્યું થયું હતું અને એ જ અકસ્માતમાં તેની માતાને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને બે વર્ષ પથારીમાં જ રહેવું પડ્યું હતું.

સિમલાની કૉન્વેન્ટ ઑફ જીસસ એન્ડ મેરી સ્કૂલમાં તેણે અભ્યાસ કર્યો છે. ત્યાર પછી સિમલાની જ સેન્ટ બેડે'સ કૉલેજમાં અભ્યાસ કર્યો છે, જ્યાંથી તેણે ડિગ્રી મેળવી છે અને ત્યાર બાદ તે ક્રિમિનલ સાયકોલૉજીમાં પોસ્ટ ગ્રૅજ્યુએટ થઈ છે. આ સમય દરમિયાન તેણે મૉડેલિંગમાં ઝુકાવ્યું હતું. અને તેની સૌથી પહેલી કમર્શિયલ ઍડ 'પર્ક ચૉકલેટ'ની હતી. ત્યાર બાદ તેણે બીજી અનેક કમર્શિયલ ઍડ કરી હતી.

૧૯૯૮માં તે મુંબઈ તેની એક મિત્ર સાથે આવી હતી. તેની આ મિત્ર ઑડિશન આપવા આવી હતી. તે સમયે પ્રિટી દિગ્દર્શક શેખર કપૂરને મળી હતી. શેખર કપૂરે પ્રિટીએ અભિનેત્રી બનવું જોઈએ એમ કહ્યું હતું. શેખર કપૂર ત્યારે હૃતિક રોશન સાથે 'તારા રમ પમ'ની તૈયારી કરી રહ્યા હતા. તેમાં તેણે પ્રિટી ઝિંટાની હીરોઇન તરીકે પસંદગી કરી હતી. જોકે ત્યાર પછી આ ફિલ્મ અભેરાઈએ ચઢાવી દેવામાં આવી હતી. પ્રિટીની શરૂઆત તેના કારણે અટકી પડી હતી. ત્યાર પછી શેખર કપૂરે જ પ્રિટીને મણિરત્નમ પાસે મોકલી અને તેને પહેલી ફિલ્મ મળી, જેમાં તેની ભૂમિકા માત્ર ૨૦ મિનિટ પૂરતી જ હતી.

આ ફિલ્મ હતી શાહરૂખ ખાન સાથેની 'દિલ સે'. પ્રિટી ઝિંટાની ફિલ્મમાં પસંદગી થઈ તેના કારણે તેની મિત્રોએ તેની મજાક ઉડાવી હતી કે હવે તારે સફેદ સાડી પહેરીને વરસાદમાં નાચવાની શરૂઆત કરવી પડશે. ચીલાચાલુ કમર્શિયલ હિન્દી ફિલ્મોમાં હીરોઇનને ફાળે મોટેભાગે આવી જ ભૂમિકા આવતી હોય છે. જોકે મિત્રોની આ મજાકને કારણે જ કેટલીક ફિલ્મોમાં પ્રિટીએ સાવ અલગ જ કહી શકાય એવી ભૂમિકાઓ કરી હતી. તેમાં 'ક્યા કહેના' (સિંગલ મધરની ભૂમિકા) અને 'ચોરી-ચોરી ચૂપકે ચૂપકે' (સરોગેટ મધરની ભૂમિકા) ભજવી હતી.



પ્રિટી ઝિંટાએ પોતાની અભિનય કારકિર્દી દરમિયાન લગભગ બધા જ સુપરહીટ હીરો સાથે ભૂમિકા કરી છે. તેમાંય ફિલ્મ ઉદ્યોગના ચારેય ખાન શાહરૂખ, આમિર, સલમાન અને સૈફ, સન્ની દેઓલ-બૉબી દેઓલ, અમિતાભ બચ્ચન, અભિષેક બચ્ચન, હૃતિક રોશન, અક્ષયકુમાર, અજય દેવગણ, અર્જુન રામપાલ, અનિલ કપૂર, ગોવિંદાનો સમાવેશ થાય છે.

અભિનેત્રી તરીકેની કારકિર્દી દરમિયાન તેણે ત્રણેક વાર લાંબો 'બ્રેક' લીધો છે અને દર વખતે તે 'ડબલ જોશ'થી પાછી ફરી છે. પહેલો બ્રેક તેણે ૨૦૦૯માં લીધો ત્યારે તે ચાર વર્ષે પાછી ફરી હતી, બીજો બ્રેક તેણે ૨૦૧૪માં લીધો, ત્યારે પણ તે ચાર વર્ષે પાછી ફરી. ૨૦૧૮માં જોકે તેને 'કમબૅક' એટલું ફળ્યું નહોતું. ૨૦૧૮માં પછી તેણે ફરી એકવાર 'બ્રેક' લીધો જે આઠ વર્ષ લાંબો હતો અને ૨૦૨૬ની ૧૫ ઑગસ્ટે તે 'કમબૅક' કરી રહી છે અને તે પણ આમિર ખાન નિર્મિત અને સન્ની દેઓલ અભિનીત ફિલ્મ 'બટવારા-૧૯૪૭'થી. તેનું આ 'કમબૅક' જોરદાર સાબિત થવાની શક્યતા વધુ છે.

અભિનય કારકિર્દીની સાથે જ પ્રિટીની અંગત જિંદગી થોડી વિવાદાસ્પદ પણ રહી છે. શરૂઆતમાં તેનાં મૉડેલ માર્ક રોબિન્સન સાથે એક વર્ષ સંબંધ રહ્યા હતા. જોકે, ૨૦૦૧માં બંને છૂટાં પડ્યા ત્યાર પછી પ્રિટી 'બૉમ્બે ડાઇંગ' કંપનીના વારસદાર નેસ વાડિયા સાથે સંબંધ ધરાવતી હતી. ૨૦૦૫થી ૨૦૦૯ સુધી નેસ વાડિયા સાથે તેનો પ્રેમસંબંધ હતો. જોકે ત્યારે તે બંને 'પંજાબ કિંગ્સ ઇલેવન'ના સહમાલિક હતાં. ધીમે ધીમે તેમના સંબંધમાં ખટાશ આવી ગઈ. ૧૩ જૂન ૨૦૧૪ના તો પ્રિટીએ નેસ વાડિયા વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે નેસે ૩૦મેના દિવસે આઇપીએલની મૅચ દરમિયાન તેની છેડતી કરી હતી અને તેને ધમકાવી હતી. જોકે આ ફરિયાદ પછી ૨૦૧૮માં પરસ્પર સંમતિથી આ કેસ પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.

એ પછી ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૬માં પ્રિટી ઝિંટા લોસ એન્જલસમાં અમેરિકન જેન ગુડઇનફને પરણી હતી અને પછી તે મુંબઈ છોડીને લોસ એન્જલ્સ ચાલી ગઈ હતી. જોકે આઇપીએલમાં ટીમની માલિક હોવાથી તે વારંવાર મુંબઈ આવતી રહે છે. ૨૦૨૧માં સરોગસીથી તે એક પુત્ર અને એક પુત્રી એમ જોડિયાં બાળકોની માતા પણ બની છે.

પ્રિટી એક સારી અભિનેત્રી હોવા ઉપરાંત મીડિયામાં તેની ઇમેજ એક સ્પષ્ટવક્તા અને પોતાના વિચારો જાહેરમાં પ્રામાણિકપણે રજૂ કરનારી અભિનેત્રી તરીકેની છે. બોલિવૂડની સુંદર અભિનેત્રી કે બોલિવૂડની શ્રેષ્ઠ પરિધાન ધારણા કરનારી અભિનેત્રી તરીકે તે ખૂબ જ લોકપ્રિય છે. ■

## OTTનું હોટસ્પોટ

### આઠ ઑગસ્ટથી ૧૪ ઑગસ્ટ શું જોશો?

૨૦૧૨માં 'કૉકટેલ' ફિલ્મ આવી હતી. તેનાં ૧૪ વર્ષ પછી તેનો બીજો ભાગ એટલે કે 'કૉકટેલ-ટુ' રજૂ થઈ હતી. હોમી અડજાણિયા દિગ્દર્શિત આ ફિલ્મ ૧૪ ઑગસ્ટે નેટફ્લિક્સ પર જોવા મળશે. આ હિટ ફિલ્મનાં કલાકારો શાહિદ કપૂર, ક્રીતી સેનન અને રશ્મિકા મંદાના છે.

**નેટફ્લિક્સ** પર જ ૧૩ ઑગસ્ટે 'વન હન્ડ્રેડ ઑફ સોલીટ્યુડ'નો બીજો ભાગ રજૂ થશે. આ સિવાય અહીં આજે સાત ઑગસ્ટે (શુક્રવારે) દિલજિત દોસાંજ, વેદાંગ રૈના, શર્વરી અને નસીરુદ્દીન શાહ અભિનીત ફિલ્મ 'મૈ વાપસ આઉંગા' જોઈ શકાશે.

આ સિવાય, આજે શુક્રવાર સાત ઑગસ્ટે 'ઑપરેશન સફેદ સાગર'નું પણ પ્રસારણ આ ચૅનલ પર થવાનું છે. જેમાં મુખ્ય કલાકારો જિમી શેરગીલ, સિદ્ધાર્થ, અભય વર્મા અને દિયા મિર્ઝા છે. ફિલ્મના દિગ્દર્શક ઓની સેન છે. આ ફિલ્મ 'કારગીલ યુદ્ધ' આધારિત છે.

**એમેઝોન પ્રાઇમ:** અહીં ત્રણ નવી અંગ્રેજી સિરીઝ શરૂ થઈ રહી છે, જેમાં ૧૩ ઑગસ્ટે 'ટ્રેઇટર્સ'ની બીજી સીઝન, ૧૨ ઑગસ્ટે 'રીચર'ની ચોથી સીઝન અને ૯ ઑગસ્ટે 'ધ ઓઝન ઇન ધ વાઇલ્ડ વિથ બીઆર ગ્રીલ્સ' જોવા મળશે.

**જિયો હોટસ્ટાર:** આ ચૅનલ પર ૭ ઑગસ્ટથી (આજથી) સુપર મારિયો ગેલેક્સી-ઍનિમેશન ફિલ્મનું પ્રસારણ શરૂ થશે. ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મિસ્ટર સેન્સર બોર્ડ, હિપોક્રસી કી સીમા હોતી હૈ!

## ભારતીય સેન્સરશિપની નૈતિકતાનો માપદંડ આખરે શું છે?



'સ્પાઇડર-મેન' ફરી એકવાર સાબિત કરી રહ્યો છે કે તે દુનિયાના સૌથી લોકપ્રિય સુપરહીરોમાંથી એક કેમ છે, પરંતુ આ વખતે ફિલ્મની ચર્ચા તેના એક્શન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ અને સ્ટોરી ઉપરાંત સેન્સર બોર્ડના નિર્ણયને કારણે પણ થઈ. CBFCએ ફિલ્મમાંથી થોડા સેકન્ડના કિસિંગ સીન કાપવાનો નિર્ણય લીધો. રસપ્રદ વાત એ છે કે થોડા સમય પહેલાં 'સુપરમેન' સાથે પણ આવું જ થયું હતું. ત્યાં પણ રોમેન્ટિક દૃશ્યોને વધુ સેન્શ્યુઅસ ગણાવીને કાપવામાં આવ્યા હતા.

ભારતમાં ફિલ્મ સેન્સરશિપની નૈતિકતાનો માપદંડ આખરે શું છે? બે પુખ્તવયના લોકો વચ્ચેનો સહમતિથી થયેલો પ્રેમનો એક ક્ષણિક સ્પર્શ વધુ ખતરનાક છે કે પછી હિંસા, મહિલાઓનું ઓબ્જેક્ટિફિકેશન, ડબલ મીનિંગ મનોરંજન અને ઝેરી સંબંધોને રોમેન્ટિક બનાવીને રજૂ કરતી ફિલ્મ્સ?

તાજેતરના વર્ષોમાં ભારતીય સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મ્સમાં નજર કરીએ તો આ વિરોધાભાસ વધુ સ્પષ્ટ દેખાય છે.

'એનિમલ' દેશની સૌથી ચર્ચાસ્પદ ફિલ્મ્સમાંથી એક હતી. ફિલ્મમાં ગોળીબાર, લોહિયાળ હિંસા, આક્રમકતા અને સ્ત્રીઓ પ્રત્યેના કેટલાક વલણોને લઈને ભારે ચર્ચા થઈ. રસપ્રદ વાત એ છે કે આવી ફિલ્મ્સ કરોડો લોકો સુધી પહોંચી શકે છે, પરંતુ 'સ્પાઇડર-મેન'ના થોડા સેકન્ડના કિસિંગ સીનને કાતરનો સામનો કરવો પડે છે. જો આ માત્ર એકાદ ફિલ્મની વાત હોત તો કદાચ તેને અપવાદ કહી શકાત, પરંતુ ભારતીય સિનેમાનો ઇતિહાસ જોશો તો આ એક પેટર્ન છે. ફિલ્મના દૃશ્યો કાપવા પાછળ ચોક્કસ માપદંડ કે નિયમ જણાતો નથી. ક્યાંક કિસિંગ સીન્સ વધુ ઇન્ટેન્સ હોય, લાંબા હોય તો પણ રાખવામાં આવે છે તો ક્યાંક થોડી સેકન્ડ્સ માટે પણ કાપી નાખવામાં આવે છે. ભારતીય સેન્સર બોર્ડનું આ બેવડું વલણ ફક્ત ઇન્ટિમેટ દૃશ્યો માટે નથી. 'ધુરંધર'માં પાકિસ્તાન સામે વર્તમાન સરકારની વાહવાહી થતી હોય ત્યારે ખુલ્લી છૂટ હોય છે, પણ 'બેટલ ઓફ ગલવાન' જેવી ફિલ્મ્સમાં ચીનના ડરથી ફિલ્મમાં એ દેશનું ફક્ત નામ લેવાની પણ પરવાનગી નથી મળતી.

બોલિવૂડનાં ગીતોનો ઇતિહાસ પણ એટલો જ રસપ્રદ છે. 'મુન્ની બદનામ હુઈ', 'શીલા કી જવાની', 'ફેવિકોલ સે', 'બેબી ડોલ', 'ચિકની ચમેલી' અને 'ચોલી કે પીછે' જેવાં ગીતો વર્ષો સુધી દેશના લગ્ન પ્રસંગોમાં વાગતા રહ્યા છે. બાળકો પણ આ ગીતો પર ડાન્સ કરતા હતા અને પરિવારો પણ આનંદથી તેને માણતા હતા. આ ગીતોમાં ડબલ મીનિંગ શબ્દો, સૂચક સંકેતો અને મહિલાઓને એક આકર્ષક પ્રોડક્ટ તરીકે રજૂ કરવાની પરંપરા સ્પષ્ટ જોવા મળે છે. તેમ છતાં આ ગીતો લોકપ્રિય સંસ્કૃતિનો ભાગ બની ગયા.

આ વાત માત્ર ગીતો સુધી મર્યાદિત નથી. 'ગ્રાન્ડ મસ્તી', 'ક્યા કૂલ હૈ હમ' અને આવી અનેક કોમેડી ફિલ્મ્સે વર્ષો સુધી ડબલ મીનિંગ જોક્સ અને સેક્સ્યુઅલ હ્યુમરને પોતાની ઓળખ બનાવી. ઘણા સંવાદો એવા હતા કે પરિવાર સાથે બેઠા હોઈએ તો બાળકોને સમજાવવું મુશ્કેલ પડે, છતાં આ ફિલ્મ્સને સર્ટિફિકેટ મળ્યા, દર્શકો મળ્યા અને બોક્સ ઓફિસ પણ મળી.

દક્ષિણ ભારતીય સિનેમામાં પણ આ વિરોધાભાસ ઓછો નથી. 'પુષ્પાઃ ધ રાઇઝ'નું 'ઊ અંટાવા', 'પુષ્પા ૨'નું 'કિસ્સિક', 'વિક્રાંત રોણા'નું 'રા રા રક્કમ્મા', 'બીસ્ટ'નું 'અરેબિક કુથુ', 'ડાકુ મહારાજ'નું 'દાબીડી દાબીડી' અને આવાં અનેક ગીતો છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારે લોકપ્રિય થયા છે. સમસ્યા ગીતોમાં નથી. સમસ્યા એ છે કે ઘણીવાર કેમેરા મહિલાઓને કેવી રીતે જુએ છે. ગીતની રચના, કેમેરા મૂવમેન્ટ્સ, કોસ્ચ્યુમ અને એડિટિંગ બધું જ એક ચોક્કસ પ્રકારનું આકર્ષણ ઊભું કરવા માટે કામ કરે છે.

તાજેતરના વર્ષોમાં ઉર્વશી રૌતેલા અને જાન્હવી કપૂર માટે તેલુગુ સિનેમામાં તેમની આસપાસનો મોટો પ્રચાર તેમના અભિનય કરતાં વધુ તેમના લુક અને ગ્લેમર પ્રેઝન્ટેશન પર કેન્દ્રિત રહ્યો. અને પછી આવે છે હિંસાનો મુદ્દો. આજના સમયમાં ભારતીય સિનેમામાં હિંસા એક વેચાતી પ્રોડક્ટ બની ગઈ છે.

'એનિમલ', 'કેજીએફ', 'પુષ્પા', 'સલાર', 'જવાન', 'માર્કો' જેવી ફિલ્મ્સનો મોટો હિસ્સો હિંસા અને બદલાની ભાવના પર આધારિત છે. ટ્રેલરથી લઈને પોસ્ટર સુધી બધે જ એક જ સંદેશ હોય છે, હીરો આવશે, બધાને હરાવશે અને બદલો લેશે...દર્શકોને આ ગમે કે ન ગમે તે અલગ ચર્ચા છે, પરંતુ હકીકત એ છે કે હિંસા ઘણીવાર પ્રેમ કરતાં વધુ સરળતાથી સ્વીકારાઈ જાય છે. ક્યારેક એવું લાગે છે કે આપણા સમાજ માટે એક મુક્કો કિસ કરતાં વધુ સંસ્કારી છે.

ઘણા લોકોને યાદ હશે કે જેમ્સ બોન્ડની ફિલ્મ 'સ્પેક્ટર'ના કિસિંગ સીન પણ ભારતમાં ટૂંકા કરવામાં આવ્યા હતા. તે વખતે પણ સોશ્યલ મીડિયા પર મજાક ઊડી હતી. વર્ષો પછી આજે 'સુપરમેન' અને 'સ્પાઇડર-મેન'ને લઈને ફરી એ જ ચર્ચા થઈ રહી છે. ટેક્નોલોજી બદલાઈ ગઈ, દર્શકો બદલાઈ ગયા, જોવાની રીત બદલાઈ ગઈ, પરંતુ પ્રેમ પ્રત્યેનો સેન્સરશિપનો અભિગમ ખાસ બદલાયો નથી.

કદાચ સમસ્યા કિસિંગ સીનમાં નથી. સમસ્યા આપણા માપદંડોમાં છે. જો સેન્સર બોર્ડનું કામ ફિલ્મ્સને વર્ગીકૃત કરવાનું હોય તો તે સ્પષ્ટપણે કહી શકે કે કઈ ફિલ્મ કયા વયજૂથ માટે છે, પરંતુ જ્યારે બોર્ડ ફિલ્મ્સમાંથી પસંદગીપૂર્વક દૃશ્યો કાઢવાનું શરૂ કરે છે ત્યારે નૈતિકતાનો પ્રશ્ન ઊભો થાય છે, કારણ કે પછી લોકો પૂછે છે કે કાતર માત્ર પ્રેમ પર જ કેમ ચાલે છે?


ઓબ્જેક્ટિફિકેશન પર કેમ નહીં? ઝેરી સંબંધો પર કેમ નહીં? ડબલ મીનિંગ મનોરંજન પર કેમ નહીં? હિંસાના ગ્લોરિફિકેશન પર કેમ નહીં? ■

**લાસ્ટ શોટ**

*લોકશાહીમાં કળા પર કાતર ન ચાલે. ફિલ્મ્સને સેન્સર નહીં, સર્ટિફાય કરવી જોઈએ.*
*- કમલ હાસન*

ફિલ્મનામા
નરેશ શાહ

# ધ ક્રેશ: એક અકસ્માત જે બન્યો મર્ડર-મિસ્ટરી





સામાન્ય રીતે ડૉક્યુમેન્ટરી પ્રિડિક્ટેબલ હોય છે. આખી ઘટનાની આપણને આગોતરી જાણ હોય છે. આમ છતાં ડૉક્યુમેન્ટરી થકી એ સ્ક્રીન પર ફરી સજીવ થતી જોવાનો એકમાત્ર રોમાંચ તેમાં હોય છે, પરંતુ 'નેટફ્લિક્સ' પર તાજેતરમાં જ ઓનએર થયેલી 'ધ ક્રેશ' નામની ડૉક્યુમેન્ટરીમાં પ્રથમ વાર દર્શકોને સસ્પેન્સનો લાગેલો તડકો પણ માણવા મળે છે. 'ધ ક્રેશ' દેખીતી રીતે એક કાર અકસ્માત પર બનેલી સત્ય ઘટના પરની ડૉક્યુમેન્ટરી છે, પણ ફિલ્મોમાં મૃત્યુ પામેલું પાત્ર અંતમાં જીવતું જાગતું સામે આવે તો (હવે જરાક) ચોંકી જવાય એવું જ કંઈક આ ડૉક્યુમેન્ટરીમાં આપણને જોવા મળે છે. બેશક, મરેલો માણસ જીવતો નીકળે એમાં કે એવા સસ્પેન્સમાં હવે કાંઈ ચમત્કૃતિ રહી નથી, પણ 'ધ ક્રેશ' તમને રીતસર ઝટકો લાગે એવા અંત સાથે પૂરી થાય છે. ઈન્સાની ફિતરત પર નવેસરથી મણ મોંઢે ચચરાટ થાય એવા એ અકસ્માતની પહેલાં વિગતે વાત કરી લઈએ.

એ રાત ૨૪ જુલાઈ, ૨૦૨૨ની હતી. અમેરિકાના ઓરિયો રાજ્યના સ્ટ્રોન્ગ્સવિલા પરગણામાં મોડી રાતે પૂરપાટ ગતિથી એક કાર આગળ વધી રહી છે. આશરે બાર મિલિયનની વસ્તી ધરાવતું ઓરિયો સ્ટેટ આમ તો શિકાગો, ફિલાડેલ્ફિયા, ઇન્ડિયાના અને વેસ્ટ વર્જિનિયા સ્ટેટને અડીને, વચ્ચોવચ આવેલું છે. સ્ટ્રોન્ગસવિલા નામનું તેનું પરગણું પ્રમાણમાં નાનકડા નગર જેવું છે. મધરાતે એ નગરમાં નીકળેલી કારમાં વીસેક વરસની ઉંમરના ત્રણ જુવાન છે. ડ્રાયવિંગ કરી રહી છે મૈકેંજી શિરિલા નામની યુવતી. કારમાં તેની સાથે તેનો બૉયફ્રેન્ડ ડોમિનિક અને ડોમિનિકનો જ મિત્ર ડેવિયન છે, પરંતુ પોતાના નિશ્ચિત ઠેકાણે પહોંચવાની બદલે કાર એક મજબૂત વીલાની દીવાલ સાથે ટકરાય છે. અથડામણ એવી પ્રચંડ છે કે સ્થળ પર જ ડોમિનિક અને ડેવિયનનાં મૃત્યુ થાય છે. વહેલી સવારે સ્થાનિક પોલીસ પહોંચે છે ત્યારે કારમાં ગંભીર રીતે ઘાયલ થયેલી મૈકેંજી શિરિલા જીવતી મળે છે.

શિરિલાને હૉસ્પિટલાઇઝ કરવામાં આવે છે અને દિવસોની સારવાર પછી એ સાજી થાય છે. પ્રથમ દૃષ્ટિએ આ ઘટના એક ભીષણ અકસ્માત તરીકે જ પોલીસ ચોપડે નોંધાય છે, પરંતુ બનાવ કે વારદાત કે દુર્ઘટનાને જેમની તેમ સ્વીકારી લેવાની માનસિકતા પોલીસ કે ડિટેક્ટિવ એજન્સીની નથી હોતી. અકસ્માત થયો તો કેમ થયો, કાર ક્યાંથી નીકળી, ક્યાં જતી હતી, તેમાં બેઠેલા જુવાનિયાએ ડ્રગ્સ લીધેલું કે નહીં વગેરે બાબતોની પ્રાથમિક અને આવશ્યક તપાસ શરૂ થતાં પહેલાં જ પોલીસ જાહેરમાર્ગના સીસીટીવી ફુટેજ તપાસે છે.

કલાકના સો માઈલની ઝડપે જતી કારના સીસીટીવી ફુટેજ જોતાં જ શંકાનો કિડો સળવળે છે કે વળાંક હોવા છતાં કાર ધીમી કરવામાં નહોતી આવી કે બ્રેક મારવામાં નહોતી આવી. કેમ? શું કાર નશામાં ચલાવવામાં આવતી હતી? બસ. આ એક સવાલનો જવાબ જાણવાની તાલાવેલી પોલીસ સમક્ષ એવી એવી વાતોનો પટારો ખોલી આપે છે કે, આખરે પોલીસ કાર ચલાવી રહેલી મૈકેંજી શિરિલાની ધરપકડ કરે છે. તેની પર (કારમાં સાથે રહેલાં બૉયફ્રેન્ડ અને તેના ફ્રેન્ડ) ડોમિનિક અને ડેવિયનની હત્યા કરવાનો આરોપ લાગે છે. પોલીસ અકસ્માતગ્રસ્ત કારની આધુનિક મશીન સિસ્ટમનું 'પોસ્ટમૉર્ટમ' કરીને એ નતીજા પર પહોંચે છે કે કારમાં કોઈ ખામી નહોતી. ડ્રાઇવિંગ સીટ પર રહેલી શિરિલાએ ઇરાદાપૂર્વક બ્રેક મારવાને બદલે કારને દીવાલ સાથે અથડાવી દીધી હતી. પોલીસના ઇન્વેસ્ટિગેશનમાં શિરિલા અને તેના બૉયફ્રેન્ડના કથળી રહેલાં સંબંધોની વાત પણ સપાટી પર આવે છે અને... કોર્ટમાં પોલીસ એ પુરવાર કરી દે છે કે મૈકેંજી શિરિલાએ ઇરાદાપૂર્વક અને બૉયફ્રેન્ડ મૃત્યુ પામે એ રીતે જ કારનો અકસ્માત કર્યો હતો. ઓહિયોની કોર્ટ શિરિલાને પંદર વરસની જેલવાસની સજા ફટકારે છે.

'ધ ક્રેશ' ડૉક્યુમેન્ટરી જોતાં પહેલાં (અને આ વાંચતી વખતે) તમને સવાલ થશે કે બૉય ફ્રેન્ડની હત્યા કરવા માટે શિરિલા ખુદ કેમ ગંભીર ઘાયલ થઈ હશે? આ અને આવા અનેક સવાલોના જવાબ 'ધ ક્રેશ' ડૉક્યુમેન્ટરી આપે છે અને 'હોર્સીસ માઉથ' શૈલીથી આપે છે. હા, ડૉક્યુમેન્ટરીમાં જેલની સજા ભોગવી રહેલી શિરિલા (અને બધાના પેરેન્ટ્સ, તપાસનીશ અધિકાર વગેરે)ના ઇન્ટરવ્યૂ છે. હત્યાના મક્કમ ઇરાદા સાથે થયેલા આ 'ધ ક્રેશ'ને એક વખતે નજરે જોવા જેવો છે! ■




'થોડા કલાકોમાં તમારા કેટલાં વર્ષો રીવાઈન્ડ થઈ ગયાં નહીં?'

'હા, સનત. મને જરા અજીબ લાગે છે. મારી કહાની કોઈને કહેવાની થશે એવું તો મેં કદી વિચાર્યું પણ નહોતું.'

'આપણે જે ન વિચાર્યું હોય તે થાય ત્યારે અજીબ લાગે. તમે આગળ વધો. એક રાતમાં તમારા મમ્મીમાં એવું શું પરિવર્તન આવ્યું કે સવારે તમાશો થયો?'

રૂટીનથી ટેવાયેલા શરીરે મને હંમેશના સમયે જ ઉઠાડી મૂકી. હું તે દિવસે મોર્નિંગ વોકમાં નીકળી ગયેલી. પણ ઘેર પહોંચતાં જ ફરી એજ કડવાશ સામે આવશે એ ખબર નહોતી. હું નહાઈને ટેબલ પર આવી ત્યારે મમ્મી પપ્પાની બાજુમાં બેઠી હતી. તેની આંખોમાં અનેરી ચમક હતી. થોડીવારે સંજય આવીને ખુરશી પર બેસી છાપું ઉપાડી લીધું. ચા આવી, નાસ્તો આવ્યો. મમ્મીથી જાણે રહેવાતું ન હતું. તેણે પપ્પાને પૂછી નાખ્યું, 'તમે હવે શું કરવાના છો? આઈ મીન આપણા ધંધા વિશે કહું છું.'

પપ્પાએ સંજય તરફ નજર કરતાં કહ્યું, 'અરે હા, ઠીક યાદ કરાવ્યું. હું એમ કહેતો હતો કે આપણે સાથે બેઠા છીએ તો અત્યારે ચર્ચા કરી લઈએ.' સંજય પપ્પાને તાકી રહ્યો. મને ખબર નહોતી કે ગઈ કાલથી શાંત રહેલો સંજય વિસ્ફોટ કરશે. પપ્પાએ ચાની ચુસ્કી ભરી કપ ટેબલ પર રાખતાં કહ્યું, 'છેલ્લાં એક વર્ષમાં આપણા એકબીજા સામેના પારિવારીક અસંતોષ બહાર આવ્યા છે. હું નથી ઈચ્છતો કે કોઈને અસંતોષ રહે. મારી એવી ઈચ્છા છે કે આપણી ઓફિસમાં મેનેજરની જગ્યા પર તને બેસાડું. સોનુએ હવે ત્યાં આવવાની અનિચ્છા જાહેર કરી છે. છતાં એ આવશે તો મને ગમશે.'

'મારે શું કરવાનું છે?' સંજય અજાણ્યા માણસની જેમ બોલ્યો. 'તું કહેવા શું માગે છે હું કંઈ સમજ્યો નહીં. તમે સમજવાના પણ નથી. કારણ કે તમારે સમજવું જ નથી. ગઈ કાલથી જે ખેલ ચાલે છે તેમાં અમે બેય ભાઈઓને સાઈડ લાઈન કરી નાખવામાં આવ્યા છે. તે શું અમે નહીં સમજતા હોઈએ?'

'એમાં સાઈડ લાઈન કરવાની વાત જ ક્યાં આવી છે સંજય? હું તો તારો પગાર નક્કી કરવાનું વિચારી રહ્યો છું. એટલું જ નહીં ઘરનો જે મેમ્બર કામ કરશે તેને પગાર મળશે.'

'વાહ! હવે અમને પગાર આપીને મને નોકર બનાવવા માગો છો.'

'સંજય તારે અવળો જ અર્થ લેવાનો હોય તો લે. બાકી નોકર બનાવી દેવાની વાત જ નથી. તને એમ ન થાય કે તું મફતમાં કામ કરે છે.'

'તમે બાપ, દીકરી અને પેલા વોરાએ અમને બહાર કાઢવા માટે જ વિચાર્યું છે. આને એક વર્ષ સુધી વાંધો ન આવ્યો અને અચાનક એવું તે શું થયું કે તમને જનરલ પાવર આપી દેવામાં આવ્યા પપ્પા? મીસ સોનલ ઝવેરીને ઓચિંતુ શું સુઝ્યું?'

મને થયું કે મારે બોલવું જોઈએ. મેં સંજય સામે જોઈ રહેતા કહ્યું, 'સંજય એક વર્ષમાં મેં જે વેઠ્યું છે તે ઓછું નથી. કાલે જયે મને ફોન કર્યો હતો. તેણે મારા માટે જે શબ્દો વાપર્યા છે તે સાંભળ્યા પછી પણ હું અહીં તમારી સામે બેઠી છું. તમે મને બહેન માનતા નથી અને માનવાના પણ નથી. તમને એવું લાગતું હતું કે મારા કારણે તમારા હક છીનવાયા છે મેં એટલે જ દૂર થઈ જવાનું નક્કી કર્યું છે.'

'આ બધા તારા નાટક છે. પપ્પા આ છોકરી બડી ચાલાક છે. તમારા ખભા પર બંદૂક રાખીને પોતાનું નિશાન તાકવા માગે છે. પણ એટલું યાદ રાખજે સોનલ, હું તારા ઈરાદા પાર પાડવા નહીં દઉં.'

'મારા કોઈ ઈરાદા જ નથી સંજય. મને બધું પચાવી પાડવું હોત તો તમે એક વર્ષ પછી આ ઘરમાં રહેતા પણ ન હોત.'

સંજયની આંખોમાં રીતસર ખુન્નસ તરી આવ્યું. તેણે મારી સામે ઝેરીલી આંખે જોતાં કહ્યું, 'એટલે તારો ઉપકાર ગણાવે છે એમ? શું તું એમ માને છે કે તેં આ ઘરમાં રહેવા ન દીધો હોત તો હું ફૂટપાથ પર આવી ગયો હોત?'

'સંજય તારે ઝઘડો જ કરવો હોય તો હું ઉઠી જાઉં. મારે મારી સવાર નથી બગાડવી.' પપ્પાએ કહ્યું.

'અમારી જિંદગી બગડવા બેઠી છે અને તમને તમારી સવારની પડી છે. પપ્પા તમને પાવરદાર બનાવવાની વાત આવી ત્યારે તમે એવું કહી શક્યા હોત કે સંજયને પાવરદાર બનાવો. પણ તમે એવું ન કહો, કારણ કે મમ્મી તમને ન કહેવા દે. મને બધો ખેલ સમજાય છે. હમણાં જ તમે મમ્મીને મેનેજર બનાવવાની વાત કરી. તમને ત્યારેય મારો વિચાર ન આવ્યો. તમે અમને આ ઘરમાંથી બહાર જ કાઢવા માગો છો. મને સમજાઈ ગયું છે. પણ તમે એમ ન માનશો કે તમારા સિવાય મારું કોઈ નથી. હું કંઈ એકલો નથી થઈ જવાનો.'

'તારા તો ઘણાંય સગાં છે સંજય. એવું છે તો પછી અમારા લોકોના ઉપકાર તળે શા માટે બેઠો છે. તને કોઈ તમીજ નથી કે કોની સાથે કઈ રીતે વાત થાય? તને એટલી સમજ પડે છે કે તું વેપારીનો દીકરો છો?' ક્યારથી ચૂપ બેઠેલી મમ્મીએ કહ્યું.

આ સાંભળી સંજય એકદમ ઉંચા અવાજે બોલ્યો, 'મને તો ખબર છે જ કે હું વેપારીનો દીકરો છું. તમે ક્યારે પેદાઈશી વેપારી હતા? તમે કઈ દુનિયામાંથી આવો છો અને શું કરતા હતા એ યાદ કરો. મને ઉશ્કેરો નહીં. નહીંતર તમારો ભૂતકાળ અહીં પપ્પા સામે જ ખોલીશ શું સમજો છો મને?' સંજય એટલા ઉંચા અવાજે બોલ્યો કે એક નોકર દોડી આવ્યો. સંજયના શબ્દોએ પપ્પાને એટલી હદે ઉશ્કેરી નાખ્યા કે તે ઊભા થઈ ગયા. ગુસ્સાથી ધ્રૂજતા પપ્પાએ દરવાજા તરફ હાથ લાંબો કરતા કહ્યું, 'સંજય યુ નોન્સેન્સ. ગેટ આઉટ ફ્રોમ હીયર. આજથી મોઢું ન બતાવતો.'

સંજય દાંત ભીંસીને ધીમેથી ઊભો થયો અને નિર્મલાની બાંય પકડીને નજીક લાવતા કહ્યું, 'સાંભળી લીધું ને? તું કહેતી હતી ને કે પપ્પાજી અને સોનલબહેન બહુ સારા માણસ છે. જોઈ લીધી તે એમની નાલાયકી? ચાલ જલ્દી કર. બેગ ભર. આપણે અહીં નથી રહેવું.'

તેની પત્ની લાચાર આંખે અમને જોઈ રહી. સંજયે રીતસર તેને ધકેલી અને અમારા તરફ પાછો ફરી ખુન્નસ ભરી નજરે જોઈને બોલ્યો, 'પપ્પા હું હંમેશ માટે જાઉં છું. અમારી મા હોત તો અમારા હક્ક માટે લડત. સોનલ સાંભળ, તે અમારા સુખ ચેન છીનવી લીધા છે. તારા સુખ ચેન છીનવી ન લઉં ત્યાં સુધી મને શાંતિ નહીં થાય.' ઘરનું વાતાવરણ ભયંકર રીતે ડહોળાઈ ગયું. પપ્પા માથે હાથ દઈને બેસી ગયા. પણ મમ્મીના મોં પર દુખની એક રેખા નહોતી. જાણે જે કંઈ બન્યું તેના માટે સારું બન્યું હતું. પપ્પાની નજીક ખસતાં તેણે કહ્યું, 'એમાં માથે હાથ દઈને બેસવાની જરૂર નથી. તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ચિંતા એ કરે જેણે ભૂલો કરી હોય. એમને આ ઘર છોડી ચાલ્યા જવું હોય તો ચાલ્યા જાય. ઠોકરો ખાશે એટલે પોતાની મેળે અક્કલ ઠેકાણે આવશે. ચાલો ચા પીઓ, આપણે નીકળવાનું છે.'

ઘરમાં મોટું મહાભારત ખેલાઈ ગયું હતું અને એ સ્ત્રીને પોતાને મળનારા પદમાં રસ હતો. નવાઈની વાત એ હતી કે બધું એની ઈચ્છા મુજબ બની રહ્યું હતું. મને ઘડીક લાગ્યું કે મેં પપ્પાને પાવરદાર બનાવીને કોઈ ભૂલ તો નથી કરીને? સાચું કહું તો મારું ધ્યાન તે વખતે ઉપરના ઓરડામાં હતું. એ ઓરડામાં એક મજબુર સ્ત્રી અને બાળકો એક ઉછાંછળા પુરુષને કારણે ઘર છોડી જઈ રહ્યા હતા. ક્ષણ ક્ષણ પસાર થતી હતી તેમ મારું હૈયું આક્રંદ કરતું જતું હતું. મારે એક પ્રયાસ કરવો જ જોઈએ. મને અજીબ મૂંઝારો થવા લાગ્યો. હું ઝડપથી સંજયના રૂમમાં પહોંચી. સંજય કોઈ સાથે ફોન પર વાત કરી રહ્યો હતો. ભાભી બેગમાં કપડાં ભરી રહી હતી. સંજયના નાના છોકરાએ મારી સામે જોયું. એની આંખો જોઈ મારું કાળજું કપાઈ ગયું. મારી આંખમાં આંસુ જોઈને સંજયનો ગુસ્સો બેવડાયો. તેણે, હું પછી કોલ કરું છું કહીને ફોન કટ કર્યો અને મારી સામે તાડૂક્યો, 'શા માટે અહીં આવી છો? રડવાનું નાટક બંધ કર. તારા કારણે જ મારે આજે ઘર છોડવાનો સમય આવ્યો છે. આ વાત હું મરીશ ત્યાં સુધી ભુલીશ નહીં.'

હું તોય ઊભી રહી. મારી વિખેરાતી હિંમત એકઠી કરી મેં કહ્યું, 'સંજય તને એમ લાગતું હોય કે મારાં કારણે થયું છે તો ન જા. હું પોતે જ આ ઘર છોડીને ચાલી જવા તૈયાર છું. તારી જીદનો ભોગ આ બાળકોને શા માટે બનાવે છે?'

'તને કહ્યું ને કે ચાલી જા અહીંથી. મારું મગજ ઠેકાણે નથી. મારાથી ન થવાનું થઈ જશે. એ મારા છોકરા છે. અને યાદ રાખજે તને એવા માણસો વચ્ચે નાખી દઈશ જે તારા બદનને ચૂંથી નાખશે.'

સંજય જે બોલ્યો તેનો શો અર્થ થતો હતો તે હું બરાબર સમજી હતી. મારે હવે ત્યાં ઊભા રહેવાનું કોઈ કારણ નહોતું. હું રડતી આંખે મારા રૂમમાં આવી બેડ પર જઈને મેં પડતું મૂક્યું. દુઃખ અને આઘાતથી મારું હૈયું ચિરાતું હતું. આંસુ એકધારા વહે જતા હતા. થોડીવારે પપ્પા મારા રૂમમાં આવ્યા. મારી બાજુમાં બેસી મારા વાળ પર હાથ ફેરવતાં તેમણે કહ્યું, 'સોનું બેટા પપ્પા હજુ જીવે છે હોં. તું રડ નહીં દીકરા, તું કહીશ તો બધું એને આપી દઈશ. આપણે રાજસ્થાન ચાલ્યા જઈશું. આપણે સાથે રહીશું બસ. પ્લીઝ રડ નહીં.'

ખબર નહીં કેમ પણ પપ્પાએ રાજસ્થાનની વાત કહી તે સાંભળી મારા હૈયાના બંધ છુટી ગયા. કોઈ નાની છોકરીની જેમ હું પપ્પાને વળગીને જોરથી રડી પડી. પપ્પાની આંખો ભીની થઈ ગઈ. તે જ વખતે મમ્મી મારા રૂમમાં આવી. અમને બાપ દીકરીને રડતા જોઈ તેણે જરા કરડા સ્વરે કહ્યું, 'આમ રડો છો તે તમને બેયને સારું નથી લાગતું. નોકરો જોશે તો શું વિચારશે તેની ખબર છે?'

મને હતું કે મમ્મી નજીક આવશે. મારી પીઠ પર હાથ ફેરવશે. મને સાંત્વના આપશે. પણ તેણે તો પપ્પાનો હાથ પકડતાં કહ્યું, 'ચાલો ઊભા થાવ. એ તમારો દીકરો છે, બાપ નહીં. એને જવું હોય તો ભલે જાય. ચાલો ઓફીસે જવાની તૈયારી કરો અને સોનલ તું પણ રડવાનું બંધ કર. મમ્મી અને પપ્પા મારા રૂમમાંથી નીકળી ગયા. મને સમજાતું નહોતું કે જે માણસ મને પોતાની દુશ્મન સમજે છે. તેના તરફ મને શા માટે લાગણી જાગે છે. મારા મનમાં વિચિત્ર તોફાન હતું. જે મને જ સમજાતું નહોતું. મેં શીખેલું સાઈકોલોજીનું બધું જ્ઞાન નિરર્થક સાબિત થઈ રહ્યું હતું. મેં, સંજય અને તેના છોકરાના બહાર જવાના અવાજ સાંભળ્યો. હું બહાર દોડી ગઈ. પૂતળાની જેમ સૌ સંજય તેની પત્ની અને બાળકોને ઘરની બહાર જતા જોઈ રહ્યા હતા. ખબર નહીં કે અચાનક સંજયના નાના છોકરાએ મારી સામે હાથ હલાવ્યો. મારી જાણ બહાર જ મારાથી ધ્રુસકો મુકાઈ ગયો. કિંમતી વસ્તુઓથી સજાવેલા અમારા ડ્રોઈંગ રૂમમાં ફેલાઈ ગયો.

મેં ફરી મારા રૂમમાં દોટ મૂકી અને રૂમ અંદરથી બંધ કરી દીધો. મારા રૂમની ટેબલ પર મૂકેલી મારી મમ્મીની છબી મને તાકી રહી હતી.

(ક્રમશઃ)■

**તમારે ચિંતા કરવાનું કોઈ કારણ નથી. ચિંતા એ કરે જેણે ભૂલો કરી હોય. એમને આ ઘર છોડી ચાલ્યા જવું હોય તો ચાલ્યા જાય. ઠોકરો ખાશે એટલે પોતાની મેળે અક્કલ ઠેકાણે આવશે...**

## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશાહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૨૭૮-એ)

### ૧૦. મહિલાઓ માટે

**UNLIMITED LUNCH**

Sunday Special 495/= Group Welcome Jainam Borivali - 9819669108. (551/B)

### ૧૧. પ્રદર્શન

**SALE MONDAY**

Rent 1500/= Jainam Shantisagar Hall Borivali 9321789351 / 9137704053. (551/A)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Kerala Karnataka, Singapore Vietnam Thailand Cruise Lonavala, Igatpuri, Silvassa, Karjat રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway All Over India ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. Arrham Holiday 9769977466 / 9892534488. (બી-૧૭૮૭૪)




(બી-૧૭૯૬૧)

### ૧૭. જગ્યા આપવી છે

**BANDRA / KHAR / SANTACRUZ**

3/4 BHK Luxurious Homes, Greenery View, with O.C. "Big Deal Realty". 'Prem Batra' 9820065757 'Bipin' 9820047773. (B-17905)

### ૧૭. જગ્યા આપવી છે

MahaRERA Registration No. P51800047071 available on https://maharera.mahaonline.gov.in

**NEELSIDHI BRINDAVAN VALLABH BAUG LANE GHATKOPAR EAST 400077**

**3 BHK**

**₹ 3.51 CR* ONWARDS**

*T&C Apply

**READY POSSESSION OC RECEIVED**

**9834469305**

(B-17855)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ-કામણ**

**સાતીવલી - વાલીવ - હાઈવે - સિરસાડ - પોમણ - બાપાને - સસુનવઘર - ઈન્ડસ્ટ્રીયલ ગાળા - શેડ - યુનિટ - પ્લોટ - લેવા - વેચવા - ભાડેથી - ગોપીભાઈ - 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**થાણામાં**

પાચપાખડી, માજીવાડા, વર્તકનગર એરિયા ૧૫૦૦ થી ૨૦૦૦ કેમોથેરપી / કેન્સર ક્લીનીક માટે જગ્યા ભાડા પર જોઈએ છે. સંપર્ક: નિશાંત 97683 36661. (એસડીબીજી-૩૪૫૧)

**CHURCHGATE**

One or Two Offices for Sale Rate 57000 Carpet 230 and 239 Single or Joint Both Adjacent Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 70218 31500. (B-17957)

### ૩૩. ધંધાદારી

**"પ્રતાપ પેકર્સ-મુવર્સ"**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**ડિમ્ડ કન્વેયંસ**

**પ્રોપર્ટી કાર્ડ નામ ટ્રાન્સફર, નવા અગ્રીમેન્ટ્સ, વિલ ગિફ્ટ ડીડ, રિલીસ ડીડ (મૃતક મેમ્બરના વારસ માટે ફરજિયાત) રજીસ્ટ્રેશન જેવા કામ માટે અનુભવી અને સમયના પાબંધ "કાપડિયા એન્ડ કંપની"- 6, સિદ્ધિવિનાયક પ્લાઝા, ચીકુવાડી, શીંપોલી, બોરીવલી (વેસ્ટ). Contact: 9833115909, 28996187. (૧૨૧૨-સી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદીવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૨૦૪-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


# ક્રિકેટની પિચ પર ફીલ્ડરે કર્યો 'ગોલ': આવો અંત ક્યારેય નહીં આવ્યો હોય!



નવી દિલ્હી: બે દિવસ પહેલાં દિલ્હી પ્રીમિયર લીગ (ડીપીએલ)માં એક મેચમાં હિમ્મત સિંહ નામના ફીલ્ડરે મિસફીલ્ડિંગ બાદ અકસ્માતે બૉલને કિક મારી જેમાં બૉલ નૉન-સ્ટ્રાઇક એન્ડ પરના સ્ટમ્પ્સ પર ગયો હતો અને સામેથી દોડીને આવતો બૅટ્સમૅન રનઆઉટ થઈ ગયો હતો જેને પગલે મૅચ ત્યાં જ પૂરી થઈ જવાને બદલે સુપર ઓવરમાં ગઈ હતી.

અરુણ જેટલી સ્ટેડિયમમાં આઉટર દિલ્હી વૉલિયર્સ નામની ટીમે ૧૫૬ રનનો લક્ષ્યાંક મેળવવા અંતિમ બૉલમાં એક જ રન બનાવવાનો હતો. પ્રથમ સલુજા નામના બૅટ્સમૅને બૉલને મિડ-ઑન તરફ મોકલ્યો અને વિનિંગ રન લેવા દોડ્યો હતો. સામેની દિશામાં ન્યૂ દિલ્હી ટાઇગર્સ ટીમનો કૅપ્ટન હિમ્મત સિંહ આગળ આવીને બૉલ રોકવા ગયો, પણ મિસફીલ્ડને કારણે બૉલ કલેક્ટ નહોતો કરી શક્યો. પોતાની ભૂલનો તેને ખૂબ પસ્તાવો થયો હતો અને હતાશામાં તેણે બૉલને લાત મારી હતી. યોગાનુયોગ, તેની લાતમાં બૉલ સીધો સ્ટમ્પ્સમાં ગયો હતો. સલુજા ત્યારે ક્રીઝમાં નહોતો પહોંચ્યો અને તે રનઆઉટ થઈ ગયો હતો. થોડી ક્ષણ સુધી હિમ્મત સિંહને કંઈ સમજાયું જ નહોતું, પણ સાથી ખેલાડીઓએ એ વિકેટ સેલિબ્રેટ કરવાનું શરૂ કર્યું ત્યારે હિમ્મતને સમજાયું કે પોતાની કિકમાં તેણે સલુજાને રનઆઉટ કરી દીધો છે. ફિફા વર્લ્ડ કપ થોડા દિવસ પહેલાં જ પૂરો થયો એટલે બની શકે કે હતાશામાં ક્રિકેટર હિમ્મતમાં ફૂટબોલર પ્રવેશ્યો અને તેની કિકમાં તેની ટીમને બહુમૂલ્ય વિકેટ મળી ગઈ. ટૂંકમાં, તેની ડાયરેક્ટ હિટ હાથથી નહીં, પણ પગથી થઈ હતી. મેચ સુપર ઓવરમાં ગઈ હતી, જેમાં આઉટર દિલ્હીની ટીમ મુખ્ય મૅચમાં હિમ્મત સિંહના કિકવાળા રનઆઉટના કિસ્સા પછી પણ મૅચ જીતવામાં સફળ થઈ હતી. ■

# કાંદિવલીનો જૈન સમાજનો તીરંદાજ દાદાના દેહાંતના ચાર દિવસ બાદ જીત્યો આઠ મેડલ અને બે ટ્રોફી

## ૧૧ વર્ષના પાનવ શાહે મુંબઈ મેયર કપમાં મહારાષ્ટ્રનું નામ રોશન કર્યું અને ગ્રૅન્ડફાધરને ભાવભરી અંજલિ આપી

*અજય મોતીવાલા*

મુંબઈ: સામાન્ય રીતે ટૅલન્ટેડ અને બાહોશ ઍથ્લીટ કે ખેલાડીએ સાનુકૂળ સંજોગોમાં સંકલ્પશક્તિ તથા ભરપૂર આત્મવિશ્વાસથી ચંદ્રક જીતી લીધો હોય એવું આપણે ઘણી વખત જોયું છે, પરંતુ કાંદિવલી (પશ્ચિમ)માં રહેતા ૧૧ વર્ષની ઉંમરના તીરંદાજ પાનવ કેતન શાહે તાજેતરમાં કપરી, દુખદ, પ્રતિકૂળ અને સંઘર્ષભરી પરિસ્થિતિમાં ચાર દિવસની અંદર જે થોકબંધ સિદ્ધિઓ મેળવી એ ઘટના અજોડ છે. તેણે અંધેરી સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સના સહાજી રાજે ભોસલે ક્રીડા સંકુલમાં આયોજિત મુંબઈ મેયર કપ નૅશનલ ફીલ્ડ ઇન્ડોર આર્ચરી ચૅમ્પિયનશિપ, ૨૦૨૫-'૨૬ની મેડલ કાઉન્ટની હરીફાઈઓમાં કુલ ચાર ગોલ્ડ મેડલ, ચાર સિલ્વર મેડલ અને બે ટ્રોફી જીતીને જૈન સમાજનું, મુંબઈનું, મહારાષ્ટ્ર રાજ્યનું તેમ જ ભારતનું નામ રોશન કર્યું છે. તેણે સાબિત કર્યું છે કે ખરો ચૅમ્પિયન તેને કહેવાય જે અનુકૂળ સંજોગોમાં જ નહીં, પણ સ્વજન ગુમાવ્યા પછીની આપત્તિની સ્થિતિમાં જીતીને તેમને આપેલું વચન પાળીને તેમને હૃદયપૂર્વક અંજલિ આપે અને અન્યો માટે પ્રેરણારૂપ બને.

વિશા શ્રીમાળી શ્વેતાંબર જૈન જ્ઞાતિનો અને મૂળ ઉત્તર ગુજરાતના પાટણનો પાનવ શાહ સાતમા ધોરણમાં ભણે છે અને તેણે બૃહદમુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન (બીએમસી) દ્વારા આયોજિત મુંબઈ મેયર કપ નામની તીરંદાજી



(આર્ચરી)ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાત સહિત ૧૫થી વધુ રાજ્યોના પ્રતિસ્પર્ધીઓ વચ્ચે આ મુજબના ચંદ્રકો તથા ટ્રોફી પર કબજો કર્યો હતો: (૧) નૅશનલ ડિવિઝન: કૅટેગરી-૧ (અન્ડર-૧૭)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક ગોલ્ડ મેડલ તથા ટીમ ઇવેન્ટમાં એક ગોલ્ડ મેડલ તેમ જ ઇન્ડિવિજ્યૂઅલમાં એક ટ્રોફી. (૨) કૅટેગરી-૨ (અન્ડર-૧૪)માં ટીમ ઇવેન્ટમાં એક ગોલ્ડ મેડલ અને ઇન્ડિવિજ્યૂઅલમાં એક સિલ્વર મેડલ. (૩) મુંબઈ ડિવિઝન: કૅટેગરી-૧ (અન્ડર-૧૪)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક ગોલ્ડ મેડલ તથા ટીમ ઇવેન્ટમાં એક સિલ્વર મેડલ. (૪) કૅટેગરી-૨ (અન્ડર-૧૭)માં ઇન્ડિવિજ્યૂઅલમાં એક સિલ્વર મેડલ અને ટીમ ઇવેન્ટમાં એક સિલ્વર મેડલ. (૫) ઓવરઑલ વિનર 'ટીમ મહારાષ્ટ્ર': ટ્રોફી વિજેતા.

મુંબઈ મેયર કપ આર્ચરી સ્પર્ધા ૩૦મી જુલાઈથી બીજી ઑગસ્ટ સુધી યોજાઈ હતી. પાનવના પિતા કેતનભાઈએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું, '૨૭મી જુલાઈએ મારા પિતાનું કોલકાતામાં દેહાંત થયું એના અગાઉના દિવસે (૨૬મીએ) તેમણે પૌત્ર પાનવને આશીર્વાદ આપતા કહ્યું હતું કે મુંબઈની સ્પર્ધામાં ખૂબ સફળતાઓ મેળવજે અને ટૂર્નામેન્ટ પછી એના ફોટા શૅર કરજે. જોકે મારા પિતાશ્રીનું ૨૭મીએ અવસાન થયું એટલે અમે બધા શોકમગ્ન થઈ ગયા હતા. અમે બધા મારા પિતાશ્રીના અંતિમ સંસ્કાર માટે મુંબઈથી કોલકાતા ગયા હતા અને પાનવની ટૂર્નામેન્ટ હોવાથી પાછા મુંબઈ આવી ગયા હતા.'

કેતનભાઈએ પરિવાર પર આવી પડેલી આ આપત્તિની વાત કરતા વધુમાં કહ્યું, '૩૦મી જુલાઈએ (ટૂર્નામેન્ટના પ્રથમ દિવસે) પાનવની તબિયત સારી નહોતી. તેને ૧૦૨ ડિગ્રી ફેરનહીટ તાવ હતો અને આંખમાં ઇન્ફેક્શન થયું હતું. અમે બધા વધુ ચિંતામાં મુકાઈ ગયા હતા, પરંતુ પાનવે ગજબના ધૈર્ય, સંકલ્પશક્તિ અને આત્મવિશ્વાસથી મુંબઈ મેયર કપમાં અસાધારણ પર્ફોર્મ કર્યું અને સિલસિલાબંધ ચંદ્રકો તથા ટ્રોફી જીતી લીધા હતા. તે પહેલી વખત એક ટૂર્નામેન્ટમાં આટલા બધા ચંદ્રકો જીત્યો છે. તેણે આ સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સથી તેના દાદાજીને પરફેક્ટ અંજલિ આપી છે.'

પાનવ શાહ ચાર વર્ષમાં સ્થાનિકથી માંડીને રાષ્ટ્રીય સ્તર સુધીમાં કુલ ૨૦ ગોલ્ડ મેડલ, છ સિલ્વર મેડલ અને છ બ્રૉન્ઝ મેડલ તેમ જ ટ્રોફીઓ જીત્યો છે અને આંતરરાષ્ટ્રીય ફલક પર પણ મોટી સફળતાઓ મેળવવા મક્કમ છે. ■

# ૧૫મી તારીખ આવવા દો, બધા જવાબ આપી દઈશું: ગંભીર કેમ આવું કહે છે?

કોલંબો: છેલ્લાં સવા વર્ષમાં ભારતે ઘરઆંગણે ટેસ્ટ-ક્રિકેટમાં જરાય સારું પર્ફોર્મ નથી કર્યું, પણ શ્રીલંકા પહોંચ્યા બાદ હેડ-કોચ ગૌતમ ગંભીર ટેસ્ટ સિરીઝની બાબતમાં સિરિયસ બન્યો છે અને કહ્યું છે કે '૧૫મીએ ગૉલમાં શ્રીલંકા સામે બે મૅચની ટેસ્ટ-સિરીઝ શરૂ થતાં જ અમારી ટીમ બધા જ જવાબ આપવા માટે તૈયાર રહેશે.'

ગૉલમાં ભારત અને શ્રીલંકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ ૧૫મી ઑગસ્ટે (સવારે ૧૦.૦૦ વાગ્યે) શરૂ થશે. અહીં પ્રૅક્ટિસ-સેશન પહેલાં ટીમને કરેલા ટૂંકા સંબોધનમાં ગંભીરે નવા ખેલાડીઓ સ્પિન-ઑલરાઉન્ડર સારાંશ જૈન અને પેસ બોલર આકિબ નબીને માનભેર વેલકમ આપ્યું હતું. ગંભીરે બીસીસીઆઇ દ્વારા સોશ્યલ મીડિયામાં શૅર કરવામાં આવેલા વીડિયોમાં કહ્યું છે, 'અમારી સામે કઈ પરિસ્થિતિ અને કેવી જવાબદારીઓ છે એ વિશે અમે પૂર્ણપણે સજાગ છીએ. આપણા ખેલાડીઓ તમામ પ્રકારની અપેક્ષાઓ પરિપૂર્ણ કરવા કોઈ કસર બાકી નહીં રાખે. ૧૫મી ઑગસ્ટની સવારે



અમે બૅટિંગ કરીશું કે બોલિંગ, અમે દરેક પ્રકારના જવાબ આપવા તૈયાર થઈ જઈશું. અમને જે પણ સવાલ કરવામાં આવ્યા છે એના જવાબ મળી જશે.'

ડિસેમ્બરમાં ઘરઆંગણે સાઉથ આફ્રિકા સામે ૦-૨થી હાર થઈ ત્યાર પછી આઇસીસી વર્લ્ડ ટેસ્ટ ચૅમ્પિયનશિપ (ડબ્લ્યૂટીસી)ની નવી સીઝનમાં ભારતની આ પહેલી જ સિરીઝ છે. સારાંશ જૈને મધ્ય પ્રદેશ વતી સતત સારું પર્ફોર્મ કર્યું એ બદલ તેને ટીમ ઇન્ડિયા વતી ડેબ્યૂ કરવાની તક અપાઈ છે. આકિબ નબીએ ગઈ સીઝનમાં જમ્મુ-કાશ્મીરને રણજી ટ્રોફીનું ટાઇટલ અપાવવામાં નબીનું મોટું યોગદાન હતું. ■

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| दूषित | ગામ |
| देहरी | ખરાબ |
| देहात | ઉંબરો |
| देहांत | નરક |
| दोजख | મરણ |

## જાણવા જેવું

ગુજરાતી પરિવારમાં જન્મેલા મનોજ જોશીનું શાળા શિક્ષણ મરાઠી માધ્યમમાં થયું હતું. મરાઠી પર અનેરું પ્રભુત્વ હોવાને કારણે અભિનેતાએ 'રાવ' અને 'આભાળમાયા' જેવી મરાઠી ટીવી સિરિયલોમાં કૌવત દેખાડ્યું હતું. મણિરત્નમની 'ગુરુ'માં નાનકડી ભૂમિકામાં પણ દર્શકોના સ્મરણમાં રહી ગયો હતો.

## ગુજરાત મોરી મોરી રે

મૂંગી ફિલ્મોના દોરમાં અતિ ખર્ચાળ ગણાયેલી 'વીર અભિમન્યુ' અને 'મોજીલી મુંબઈ'ના દિગ્દર્શક કોણ હતા એ કહી શકશો ?

અ) ચાંપશીભાઈ નાગડા
બ) રવીન્દ્ર વૈદ્ય
ક) જયંત દેસાઈ
ડ) મણિલાલ જોશી

## નોંધી રાખો

*ચોપડા બંધુઓની 'ધર્મપુત્ર' ફિલ્મ શશી કપૂરની પ્રથમ ફિલ્મ હોવા ઉપરાંત કમેડિયન દેવેન વર્માની પણ પહેલી જ ફિલ્મ હતી.*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ■ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | ■ | ૭ | | ■ | |
| ૮ | ૯ | | ■ | ■ | ૧૦ | ■ | ૧૧ | | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ૧૫ | ■ | ■ | |
| ■ | | ■ | ૧૬ | | ■ | ૧૭ | | ૧૮ | |
| ૧૯ | | | | ■ | ૨૦ | | ■ | | ■ |
| | ■ | ■ | ૨૧ | ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | | ૨૬ | ■ | | ■ | ■ | ૨૭ | | |
| | ■ | ૨૮ | | ■ | ૨૯ | | | ■ | |
| ૩૦ | | | ■ | ૩૧ | | ■ | ૩૨ | | |

### આડી ચાવી

૧. બાળપણ (૩)
૩. તિરસ્કાર (૨)
૪. અફવા, ઊડતી વાત (૩)
૭. પથારી (૨)
૮. પીડા, આપદા (૩)
૧૧. ડરપોક (૩)
૧૨. વૃદ્ધાવસ્થા (૨)
૧૪. ભાર (૨)
૧૬. હાથ (૨)
૧૭. રૂબરૂ (૪)
૧૯. નાખુશી, ખોફ (૪)
૨૦. --- તેવો ઓડકાર (૨)
૨૧. એક ઝેરી જંતુ (૨)
૨૩. ભૂખ ન જુએ સૂકો --- (૨)
૨૫. ધારો, કાયદો (૩)
૨૭. પેદાશ, કમાણી (૩)
૨૮. ચોક્કસ, જરૂર (૨)
૨૯. પિત્રાઈ (૩)
૩૦. અંગારો, દેવતાની ચિનગારી (૩)
૩૧. દેવાદાર, કરજદાર (૨)
૩૨. આધાર, ભરોસો (૩)

### ઊભી ચાવી

૧. હિમાલય (૪)
૨. નાવ, મોટો મછવો (૩)
૩. ઘી (૨)
૪. ઉચિત, યોગ્ય (૩)
૫. મોહક (૫)
૯. સમારકામ, જીર્ણોદ્ધાર (૪)
૧૦. કાબેલ, પક્કો (૨)
૧૩. સાથે જીવન ગુજારતું (૪)
૧૫. નરક, દોજખ (૪)
૧૮. આદર, પ્રેમ (૪)
૧૯. માણસાઈ, સજ્જનતા (૫)
૨૨. ચામાચીડિયું (૨)
૨૪. નસીબ, ભાગ્ય (૪)
૨૬. મનુષ્ય તરીકેની જિંદગી (૩)
૨૭. જીવ, જીવાત્મા (૩)
૨૯. બેનની દીકરી (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ઓ | ■ | ૨ અ | ધ | ૩ ર | ■ | ૪ શા | ણું | ■ | ૫ ચા |
| ૬ સ | ૭ મ | ગ્ર | ■ | ૮ ટ | કો | ર | ■ | ૯ વા | ડી |
| ■ | ૧૦ જા | ગ | ર | ણ | ■ | ■ | ૧૧ હુ | રિ | યો |
| ૧૨ અ | ર | ણ્ય | ■ | ■ | ૧૩ જ | ૧૪ વા | બ | ■ | ■ |
| ■ | વા | ■ | ૧૫ આ | ણ | ■ | ૧૬ બ | હુ | ૧૭ વિ | ધ |
| ૧૮ અ | ડો | ૧૯ અ | ડ | ■ | ૨૦ સ | સ્તું | ■ | તં | ■ |
| ■ | ■ | ૨૧ દ | શ | કો | ■ | ■ | ૨૨ સ | ડા | કો |
| ૨૩ હ | ૨૪ લ | કું | ■ | ■ | ૨૫ આ | બો | હ | વા | ■ |
| ૨૫અ રા | ગી | ■ | ૨૬ ખી | લા | ફ | ■ | ૨૭ કા | દ | ૨૮ વ |
| યું | ■ | ૨૯ ભે | જ | ■ | ૩૦ ત | ત્પ | ર | ■ | ન્ય |

## ઓળખાણ પડી?



'જ્યુબિલી કુમાર' તરીકે ખ્યાતિ મેળવનારા રાજેન્દ્ર કુમાર સાથે નજરે પડતી સાઉથની ફિલ્મોની હિરોઈનની ઓળખાણ પડી?

અ) રાગિણી　બ) પદ્મિની　ક) જમુના　ડ) કે. વિદ્યા

## ચતુર આપો જવાબ　માથું ખંજવાળો

અનેક ફિલ્મોમાં હીરો તેમજ આદરણીય વડીલની ભૂમિકા કરનારા અશોક કુમારની નેગેટિવ રોલની ફિલ્મનું નામ કહેશો?

અ) સફર　બ) જ્વેલ થીફ　ક) ઊંચે લોગ　ડ) ચલતી કા નામ ગાડી

## માઈન્ડ ગેમ

રાજ કપૂરની 'બરસાત'થી ગીતકાર તરીકે ઝળકી ગયેલા શૈલેન્દ્રએ એક ચિત્રપટનું નિર્માણ કર્યું હતું એનું નામ જણાવો.

અ) ગૃહસ્થી　બ) તીસરી મંઝિલ　ક) બહુરાની　ડ) તીસરી કસમ

## સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૧ | | ૯ | | ૨ | | ૫ | |
| ૫ | ૨ | ૬ | | | | ૮ | ૩ | ૯ |
| | | | ૮ | ૫ | ૬ | | | |
| ૧ | | | ૩ | | ૯ | | | ૪ |
| | | ૯ | | | | ૩ | | |
| ૬ | | | ૪ | | ૧ | | | ૮ |
| | | | ૬ | ૨ | ૮ | | | |
| ૨ | ૮ | ૭ | | | | ૪ | ૧ | ૬ |
| | ૬ | | ૭ | | ૪ | | ૮ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ | ૯ | ૫ | ૭ |
| ૯ | ૬ | ૧ | ૫ | ૭ | ૩ | ૨ | ૪ | ૮ |
| ૭ | ૫ | ૮ | ૯ | ૪ | ૨ | ૩ | ૬ | ૧ |
| ૩ | ૮ | ૬ | ૨ | ૫ | ૪ | ૧ | ૭ | ૯ |
| ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૧ | ૫ | ૨ | ૬ |
| ૫ | ૧ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૮ | ૩ |
| ૮ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ | ૬ | ૧ | ૫ |
| ૧ | ૭ | ૪ | ૩ | ૬ | ૫ | ૮ | ૯ | ૨ |
| ૬ | ૨ | ૫ | ૧ | ૮ | ૯ | ૭ | ૩ | ૪ |

## ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| दुलारा | લાડકું |
| दुश्वार | મુશ્કેલ |
| दुश्चरित | દુરાચારી |
| दूल्हा | વર |
| दूरंदेशी | અગમચેતી |

**ગુજરાત મોરી મોરી રે:** રાણકદેવી

**ઓળખાણ પડી?** મોહરા

**માઈન્ડ ગેમ :** સુનીલ દત્ત

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** મિસ મેરી

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) મુલરાજ કપૂર (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) હરિહર ભટ્ટ (૮) વિપીન શાહ (૯) નૂતન વિપીન શાહ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પ્રવીણ વોરા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ સંઘવી (૧૭) ભાવના કર્વે (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) કમલ માતલિયા (૨૪) નંદુભાઈ અ. ગોઠી (૨૫) વિણા સંપટ (૨૬) દેવેન્દ્ર સંપટ (૨૭) જયવંત પદમશી ચિખલ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૧) અલકા વાણી (૩૨) નિતીન જયંતીલાલ બજરિયા (૩૩) ધીરેન્દ્ર ઉદેશી (૩૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૫) તાહેર ઔરંગાબાદવાલા (૩૬) શીરીન ઔરંગાબાદવાલા (૩૭) અબ્દુલ્લા એફ.મુનીમ (૩૮) નીતા દેસાઈ (૩૯) પુષ્પા પટેલ (૪૦) મહેશ દોશી (૪૧) સુભાષ મોમાયા (૪૨) નયના ગિરીશ મિસ્ત્રી (૪૩) પ્રતિમા પમાણી (૪૪) ભામિની સંપટ (૪૫) રમેશ દલાલ (૪૬) હિના દલાલ (૪૭) જ્યોત્સના ગાંધી (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) કુંદન કે. મારુ

# મધ્ય પૂર્વની હળવાશ સાથે શૅરબજારમાં સુધારો, સીએએસને કારણે સેન્સેક્સ અને નિફ્ટીના સ્તરમાં મોટો તફાવત

મુંબઈઃ મધ્ય પૂર્વના તણાવમાં ઘટાડો થવાના આશાવાદ અને જૂન ક્વાર્ટરના પરિણામો અપેક્ષા કરતાં વધુ મજબૂત આવવાના કારણે બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં સતત બીજા સત્રમાં આગેકૂચ જોવા મળી હતી. સેન્સેક્સ ૩૭૩.૭૬ પોઈન્ટ વધીને ૭૮,૯૫૪.૭૬ પર બંધ થયો, જ્યારે નિફ્ટી ગુરુવારે ફક્ત ૧૧.૩૫ પોઈન્ટ વધીને ૨૪,૬૩૬ પર બંધ થયો હતો.

રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાના શેર ત્રણ ટકાથી વધુ વધ્યા હતા. અન્ય ગેનર્સમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇટર્નલ અને ટાઇટનનો સમાવેશ હતો. જ્યારે પાવર ગ્રીડના શેરમાં લગભગ ચાર ટકા જેવો કડાકો જોવા મળ્યો હતો. ટોપ લુઝર્સમાં ટીસીએસ, ઇન્ટરગ્લોબ એવિએશન અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો પણ સમાવેશ હતો.

પ્રાઈમરી માર્કેટમાં ડેરી પ્રોડક્ટ ઉત્પાદક મિલ્કી મિસ્ટ ડેરી ફૂડનો રૂ. ૧,૫૫૩ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૧મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. એનએસઈ અને બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૧૩૩થી રૂ. ૧૪૦ પ્રતિ શેર અને અરજી માટે લોટ સાઈઝ ૧૦૭ શેર છે. પ્રાઇસ બેન્ડની ઉપલી કિંમતના આધારે રિટેલ ઇન્વેસ્ટર દ્વારા જરૂરી ઓછામાં ઓછી રોકાણ રકમ રૂ. ૧૪,૯૮૦ છે.

એ જ રીતે, ઇ-કોમર્સ ઇનેબલમેન્ટ કંપની, શિપરોકેટનો રૂ. ૧,૬૧૭.૪૮ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થશે. એનએસઇ અને બીએસઇ પર લિસ્ટિંગ તારીખ ૧૯ ઓગસ્ટે થશે. ઇશ્યૂ પ્રાઇસ બેન્ડ રૂ. ૯૨થી રૂ. ૯૭ પ્રતિ શેર છે. અરજી માટે લોટ સાઇઝ ૧૫૪ શેર છે.

ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન ઉત્પાદક કંપની ફ્રેડુન ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં ૯૦.૪૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૨૮.૨૫ કરોડની કુલ આવક, ૯૨.૯૦ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૩૨.૭૮ કરોડનો એબિટા અને ૯૪.૩૬ ટકા વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૧૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ધૂત ટ્રાન્સમિશન અને મોલ્બિઓ ડાયગ્નોસ્ટિક્સનો આઇપીઓ દશમી ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બંધ થશે. ગુરુવારે એમવી ઇલેક્ટ્રોસિસ્ટમનો શેર તેના ઇશ્યૂભાવ સામે ૨૨ ટકાના પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો. અગાઉના સત્રમાં બુધવારે મનીપાલ હેલ્થના શેર ૧૧ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા.

એસઇપીસી લિમિટેડે સેઇલ તરફથી ઇસ્કો સ્ટીલ પ્લાન્ટનો રૂ. ૮૫૪.૫૭ કરોડનો જંગી ઓર્ડર મળ્યો છે. પ્રોજેક્ટના ભાગ રૂપે, એસઇપીસી બર્નપુર સ્થિત સેઇલ - ઇસ્કો સ્ટીલ પ્લાન્ટ ખાતે પેલેટ પ્લાન્ટ પેકેજ-૨ માટે સિવિલ અને સ્ટ્રક્ચરલ કાર્યો સહિત પેલેટ પ્લાન્ટ બીઓપીનું કાર્ય કરશે, જે સ્ટીલ ઉત્પાદકના ૪.૦૮ એમટીપીએ ક્રૂડ સ્ટીલ વિસ્તરણ પ્રોજેક્ટને ટેકો આપશે.

નિફ્ટી મિડકેપ ૧૦૦ ઇન્ડેક્સ ૦.૪ ટકાના ઘટાડા સાથે રેડ ઝોનમાં સરકી ગયો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઇન્ડેક્સ લગભગ ૦.૫૦ ટકા વધીને બંધ થયો. ઇન્ટિગ્રેટેડ પોલિએસ્ટર ઉત્પાદક સુમીત ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૭ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામોમાં રૂ. ૨૭૨.૭૪ કરોડની કુલ આવક, રૂ. ૮.૮૫ કરોડનો એબિટા અને રૂ. ૧.૧૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ રૂ. ૧૯૯.૭૫ કરોડના રાઈટ્સ ઈશ્યુનું સફળતાપૂર્વક સમાપન કર્યું છે.

સેક્ટરલ ધોરણે મિશ્ર હવામાન જોવા મળ્યું હતું, જેમાં બેંકિંગ, ફાર્માસ્યુટિકલ્સ, હેલ્થકેર, કેમિકલ, રિયલ્ટી, ઓઇલ અને ગેસ તથા પસંદગીના મિડકેપ સેગમેન્ટમાં ખરીદીનો રસ જોવા મળ્યો. દરમિયાન, ઓટો, આઇટી, મીડિયા, મેટલ, ખાનગી બેંકો, એફએમસીજી અને સિમેન્ટ શેરોમાં નબળાઈ ચાલુ રહી, જેના કારણે બજારનો વ્યાપક સેન્ટિમેન્ટ મોટાભાગે ડહોળાયેલું રહ્યું.

ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાથી બજારોને ટેકો મળ્યો, જેને પ્રાદેશિક સ્થિરતા પુનઃસ્થાપિત કરવા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દ્વારા શિપિંગ પ્રવૃત્તિને સામાન્ય બનાવવાના તીવ્ર રાજદ્વારી પ્રયાસોથી મદદ મળી, એમ જણાવતાં જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે આરબીઆઇના સ્થિર નીતિગત વલણ અને રચનાત્મક વૃદ્ધિના દૃષ્ટિકોણથી સકારાત્મક ભાવના વધુ મજબૂત બની, હોવાના કારણે હેવીવેઇટ, બેંકિંગ અને ઊર્જા શેરોમાં પસંદગીયુક્ત ખરીદી થઈ. રોકાણકારો આગામી ક્વાર્ટરના કમાણીમાં સુધારામાં પણ વધુને વધુ ભાવ નિર્ધારિત કરી રહ્યા છે, કારણ કે ક્રૂડના ભાવમાં નરમાઈ ફુગાવાના દબાણને ઘટાડી શકે છે અને માર્જિન વિસ્તરણને ટેકો આપી શકે છે. જોકે, ઓટો, મેટલ્સ, આઇટી, રિયલ્ટી અને સિમેન્ટ ક્ષેત્રો જેવા ઘણા ક્ષેત્રોમાં પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું, પરંતુ સ્મોલ કેપ્સમાં સ્ટોક સ્પેસિફિક તેજીને કારણે વ્યાપક બજાર સ્થિતિસ્થાપક રહ્યું.

ક્લોઝિંગ ઓક્શન મિકેનિઝમે આ સત્રમાં પણ દિવસના અંતે ઇન્ડેક્સ સ્તરોને પ્રભાવિત કરવાનું ચાલુ રાખ્યું. નવી સિસ્ટમ હેઠળ, ફ્યુચર્સ અને ઓપ્શન્સ પાત્ર શેરો બપોરે ૩:૧૫ વાગ્યા પછી હરાજીમાં પ્રવેશ કરે છે, તેમના બંધ ભાવ અગાઉના વોલ્યુમ વેઇટેડ સરેરાશ ભાવ મિકેનિઝમને બદલે એકંદર ખરીદી અને વેચાણ ઓર્ડર વચ્ચેના સંતુલન દ્વારા નક્કી કરવામાં આવે છે. બજાર નિષ્ણાતો માને છે કે શરૂઆતની અસ્થિરતા કામચલાઉ છે. જેમ જેમ વધુ ટ્રેડર્સ અને સંસ્થાઓ ક્લોઝિંગ ઓક્શન સત્રમાં ભાગ લેશે, તેમ તેમ એક્સચેન્જો વચ્ચે ભાવ તફાવત ઘટવાની અપેક્ષા છે અને બજાર નવી પ્રક્રિયામાં સમાયોજિત થવાની શક્યતા છે. સમય જતાં નવી પદ્ધતિ વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય ક્લોઝિંગ ભાવ પ્રદાન કરશે તેવી અપેક્ષા છે.

ગુરુવારે યુરોપ અને એશિયામાં શેરબજારો મિશ્ર રહ્યા અને મેમરી ચિપમેકર એસકે હાયનિક્સ સહિત કેટલીક મોટી ટેક કંપનીઓના ઘટાડાને કારણે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો. ઓઇલના ભાવ સ્થિર રહ્યા, બ્રેન્ટ ક્રૂડ ૭૯ ડોલર પ્રતિ બેરલની નજીક ટ્રેડ થઈ રહ્યું છે. હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલવાની આશા હોવા છતાં, ઈરાન સાથે યુએસ યુદ્ધની દિશા અંગે અનિશ્ચિતતા હજુ પણ બજારોને ઘેરી રહી છે. એસએન્ડપી ૫૦૦ ફ્યુચર્સ ૦.૧ ટકા વધ્યો હતો, જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૦.૨૦ ટકા વધયો હતો. શુક્રવારે બજારોને જુલાઈના માસિક રોજગાર અહેવાલ સાથે યુ.એસ. જોબ ડેટા વિશે અપડેટ મળશે અને વિશ્લેષકો કહે છે કે રોકાણકારો તેની સંભવિત અસર માટે તૈયારી કરી રહ્યા હોય તેવું લાગે છે.

# ખાંડમાં એકતરફી તેજી બાદ મિશ્ર વલણ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે થયાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મર્યાદિત કામકાજો અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૭નો સુધારો અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦થી ૬૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૭થી ૨૮ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આમ એકંદરે મર્યાદિત માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૭ના સુધારા સાથે રૂ. ૪૭૭૨થી ૪૮૬૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે સાથે રૂ. ૪૮૭૦થી ૪૯૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ઊંચા મથાળેથી માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૦૦થી ૪૭૫૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૬૦ અને ઉપલા મથાળેથી રૂ. ૫૦ના ઘટાડા સાથે રૂ. ૪૭૭૦થી ૪૮૫૦માં થયા હતા.

# ડૉલર સામે રૂપિયાના સુધારાને બ્રેક, ૧૪ પૈસાનો ઘટાડો

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની ટ્રેઝરીની યિલ્ડમાં સુધારાતરફી વલણ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયાના સુધારાને બ્રેક લાગી હતી અને ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે ૯૫.૨૨ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૨૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૧૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૨૪ અને ઉપરમાં ૯૫.૧૨ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે ૧૪ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૯૫.૨૨ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો આવ્યો હતો.

# વૈશ્વિક સોનું સાત સપ્તાહની ટોચે પહોંચતા સ્થાનિકમાં ₹ ૨૮૧૪નો ઝડપી ઉછાળો, ચાંદીમાં ₹ ૧૧૧૨નો સુધારો

મુંબઈઃ વૈશ્વિક સ્તરે વ્યાજદરમાં નજીકના ભવિષ્યમાં વધારો થવાની ચિંતા હળવી થતા આજે લંડન ખાતે સતત ચોથા સત્રમાં ખાસ કરીને સોનામાં સુધારાતરફી વલણ જળવાઈ રહ્યું હતું અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીએ ધીમો ઘટાડો આવ્યો હતો. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં આજે સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં ભાવ વધી આવ્યા હતા. જેમાં સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦૩થી ૨૮૧૪ અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧૧૨ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૫ પૈસા નબળો પડ્યો હોવાથી આયાત પડતરમાં થયેલા વધારાની પણ બજાર પર અસર જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ખાસ કરીને સોનામાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને રૂપિયો નબળો પડતાં હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૮૦૩ વધીને રૂ. ૧,૪૭,૮૪૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૮૧૪ વધીને રૂ. ૧,૪૮,૪૪૦ના મથાળે રહ્યા હતા, પરંતુ રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગ રહેતાં વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે કિલોદીઠ રૂ. ૧૧૧૨ વધીને રૂ. ૨,૨૫,૬૭૪ની સપાટીએ રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા વધીને ઔંસદીઠ ૪૨૭૧.૩૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તક્કે ભાવ વધીને ગત ૧૮મી જૂન પછીની સૌથી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ આજે સોનાના ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા વધીને ૪૩૩૦.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં ચાંદીના ભાવ ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૬૧.૮૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

ઈરાનની ઓમાન સાથેની વાટાઘાટો સફળ થવાના આશાવાદે દરિયાઈ માર્ગ સ્ટ્રેટ ઑફ હોર્મુઝ રાબેતા મુજબ થતાં ક્રૂડતેલના ભાવમાં જોવા મળેલા ઘટાડાને પગલે ફેડરલ રિઝર્વ દ્વારા નજીકના ભવિષ્યમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા નબળી પડતાં સોનામાં સુધારાને ટેકો મળી રહ્યો હોવાનું જેફરીઝની માલિકીની ટ્રેડુ ડૉટ કૉમના વિશ્લેષક નિકોસ ઝેબોરસે જણાવ્યું હતું.

## દેશ-વિદેશ

### યુપીમાં વરસાદે નવનો ભોગ લીધો

પ્રતાપગઢ/બારાબંકી/સહારનપુરઃ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢ જિલ્લામાં ગુરૂવારે વહેલી સવારે ભારે વરસાદ દરમિયાન લગભગ ૧૦૦ વર્ષ જૂનું ઘર ધરાશાયી થતાં બે બાળકો સહિત એક જ પરિવારના છ સભ્યોના મોત નીપજ્યા હતા. આ જાણકારી પોલીસે આપી હતી. બારાબંકી અને સહારનપુરમાં દીવાલ અને મકાન તૂટી પડવાની અલગ અલગ ઘટનાઓમાં બે બાળક સહિત ત્રણ લોકોના મોત થયા હતા. આ સાથે રાજ્યમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં કુલ મૃત્યુઆંક નવ થયો છે. પ્રતાપગઢની ઘટના જિલ્લા મુખ્યાલયથી લગભગ ત્રણ કિલોમીટર દૂર મહોલી બજારમાં રાત્રે લગભગ બે વાગ્યે બની હતી.

### ટ્રમ્પના હેલિકૉપ્ટર પાસેથી પસાર થયું પ્લૅન, જીવનું જોખમ

વોશિંગ્ટનઃ નેશનલ ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડ અને ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશને બુધવારે જણાવ્યું હતું કે તેઓ તપાસ કરી રહ્યા છે કે જ્યારે મરીન વન વાઇટ હાઉસથી એન્ડ્રુઝ એર ફોર્સ બેઝ માટે પ્રમુખ સાથે વેસ્ટ કોસ્ટ ટ્રીપના પ્રથમ તબક્કા માટે રવાના થયું ત્યારે એક કમર્શિયલ જેટએ ઉડાન ભરી ત્યારે શું થયું. વ્યસ્ત એરપોર્ટ નજીક હવામાં થયેલી અથડામણ પછી સ્થાપિત સલામતી પ્રક્રિયાઓનું સ્પષ્ટ ઉલ્લંઘન કરીને મંગળવારે બપોરે પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનું હેલિકોપ્ટર રોનાલ્ડ રેગન વોશિંગ્ટન નેશનલ એરપોર્ટ નજીક આવી રહ્યું હતું ત્યારે વિમાનને ઉડાન ભરવાની મંજૂરી કેમ આપવામાં આવી તે સ્પષ્ટ નથી.

મંગળવારે ઉડાન ભરેલું વિમાન મરીન વનની ઉપર જઇ રહ્યું હતું ત્યારે હેલિકોપ્ટર નજીક આવ્યું, જોકે બંને અથડામણના માર્ગ પર નહોતા.

### રુદ્રપ્રયાગમાં નદીઓમાં પૂરઃ હાઇ અલર્ટ, શાળાઓમાં રજા

રુદ્રપ્રયાગઃ ઉત્તરાખંડના રુદ્રપ્રયાગમાં ભારે વરસાદને કારણે હાઇ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અલકનંદા અને મંદાકિની બંને નદીઓના પાણીની સપાટી વધી રહી છે. સુરક્ષાને ધ્યાને લેતા શાળાઓ અને કોલેજો બંધ કરી દેવામાં આવી છે, લોકોને ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને વરસાદના સમયે ઘરની બાહર ન નીકળવા માટે તંત્ર તરફથી સૂચના આપવામાં આવી છે. સતત વરસાદને કારણે અલકનંદા અને મંદાકિની નદીઓના જળસ્તરમાં વધારો થયો છે, જેના કારણે જિલ્લા વહીવટીતંત્ર એ હાઇ અલર્ટ જાહેર કર્યું છે.

### સુપ્રીમ કોર્ટનો આસારામને જામીન આપવાનો ઈનકાર

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સગીરા પર બળાત્કાર કરવાના આરોપમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને વચગાળાના જામીન આપવાનો ઇનકાર કર્યો છે. જોકે, કોર્ટે તેમને ૨૪ કલાક તેમની તબીબી જરૂરિયાતો પૂરી કરવા માટે તેમની પસંદગીના પ્રશિક્ષિત કેરટેકર રાખવાની મંજૂરી આપી હતી. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને જસ્ટિસ પી.બી. વરાલેની બેન્ચે સ્વાસ્થ્યના આધાર પર વચગાળાના જામીન માટે આસારામની અરજી પર સુનાવણી કરતી વખતે તેને પેન્ડિંગ રાખી હતી. કોર્ટે જણાવ્યું હતું કે જો ભવિષ્યમાં તેની તબિયત વધુ બગડે છે, તો તે ફરીથી કોર્ટનો સંપર્ક કરી શકે છે. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને માહિતી આપી હતી કે આસારામે એ હકીકત છૂપાવી હતી કે તેમના વકીલે અગાઉ પેરોલ માટે અરજી કરી હતી. જેના પર આસારામના વકીલે કહ્યું હતું કે પેરોલની અરજી અગાઉ દાખલ કરવામાં આવી હતી અને તે સ્વાસ્થ્યના કારણોસર નહોતી.

### અમેરિકી અધિકારીઓને ઇમિગ્રેશન અરજી રદ કરવાની સત્તા અપાઈ

વોશિંગ્ટનઃ યુનાઇટેડ સ્ટેટ્સ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસિઝ (યુએસસીઆઇએસ)એ તેના અધિકારીઓને ફરીથી તે સંપૂર્ણ સત્તા આપી દીધી છે, જેના હેઠળ જો અરજદારો અપૂર્ણ અરજીઓ સબમિટ કરે અથવા યોગ્યતા સાબિત કરવા માટે જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ જાય, તો તેમની ઇમિગ્રેશન અરજી સીધી રદ કરી શકાશે. બિનજરૂરી કે બનાવટી ઇમિગ્રેશન અરજીઓને ઘટાડવા માટે યુએસસીઆઇએસની નીતિમાં કરાયેલા આ ફેરફારનો અર્થ એ છે કે સ્ટેટસમાં ફેરફાર કે લંબાવવા માટે, યુએસ વિઝા, ગ્રીન કાર્ડ અથવા નાગરિકત્વ માટે અરજી કરવી અનિશ્ચિતતાને કારણે વધુ જોખમી બનશે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ટ્રી ઓથોરીટી**

**– પબ્લિક નોટીસ –**

મહારાષ્ટ્ર (અર્બન એરીયાઝ) પ્રોટેક્શન & પ્રીઝર્વેશન ઑફ ટ્રીઝ એક્ટ ૧૯૭૫ (જાન્યુઆરી ૨૦૧૮ સુધી સુધાર્યા મુજબ)ની કલમ ૮ (૩) (સી) હેઠળ જોગવાઈ સાથેના અનુરૂપમાં કુલઃ ૧ દરખાસ્ત અસરગ્રસ્ત વૃક્ષોને હટાવવા માટે ટ્રી ઓથોરીટી/ મ્યુનિસિપલ કમિશનર, ચેરમેન, ટ્રી ઓથોરિટીની મંજૂરી મેળવવા માટે પ્રાપ્ત થયેલ છે.

ઉપરોક્ત દર્શાવેલ દરખાસ્તમાં કાપવા માટેના/ ટ્રાન્સપ્લાન્ટ કરવા માટેના વૃક્ષોની માહિતી નીચે મુજબ છે.

| ક્ર. નં. | વૉર્ડ | સ્થળનું સરનામું | અસરગ્રસ્ત વૃક્ષો અને મોજૂદ વૃક્ષોની કુલ સંખ્યાની વિગતો | વૃક્ષ/ વૃક્ષોને હટાવવા માટેનું કારણ | અરજીકર્તાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | S | 'S' વૉર્ડમાં મ્હાડા કોલોની, કન્નમવરનગર, વિક્રોલી (પૂ), મુંબઈ. | **કાપવા માટે પ્રસ્તાવિતઃ ૪૩** (ટ્રી નં. ૩૨, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૧, ૫૪ થી ૫૭, ૬૪ થી ૭૦, ૮૫, ૮૯, ૧૦૦, ૧૦૧, ૧૦૯થી ૧૧૧, ૧૧૩ થી ૧૧૬, ૧૧૮, ૧૨૦, ૧૨૧, ૧૮૪, ૧૮૮, ૨૧૦, ૨૪૯, ૨૫૦, ૨૬૪, ૨૬૬, ૨૭૧, ૨૭૨, ૨૭૩, ૨૭૬ & ૨૯૯) **ટ્રાન્સપ્લાન્ટ રોપણી માટે પ્રસ્તાવિતઃ ૨૨** (ટ્રી નં. ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૨, ૫૩, ૮૬, ૮૭, ૮૮, ૯૦, ૯૭, ૯૮, ૯૯, ૧૧૨, ૧૧૭, ૧૧૯, ૧૮૬, ૨૦૮, ૨૪૨, ૨૪૩ & ૨૪૪) **કુલ અસ્તિત્વમાં રહેલા વૃક્ષોઃ ૩૦૪** | MCGM ની DCPR ૩૦૩૪ની નિયમન ૩૩ (૫)ની જોગવાઈ હેઠળ હાલના બિલ્ડીંગ નં. ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૪, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮, ૧૬૯ & ૧૭૦ના પ્રસ્તાવિત પુનઃ વિકાસમાં આવે છે. | M/s. મરીના એજ રિયલ્ટી |

સદર BMC વેબસાઈટ **https://portal.mcgm.gov.in** પર → About us → wards/ Departments → Department manuals → Gardens & Tree Authority → Tree Authority → ૪૨- Public Notice 7 days → ખાતે ઉપલબ્ધ છે.

ઉપર જણાવેલ દરખાસ્ત માટે જો કોઈ હોય તો નાગરિકો પાસેથી વાંધા/ સૂચનો સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં આ નોટિસની પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસમાં નિયત કરાયેલ ફોર્મેટમાં મંગાવવામાં આવે છે.

આપ **dysg.ta@mcgm.gov.in** આ ઈમેઈલ- ID પર નિયત કરેલ ફોર્મેટમાં આપના સૂચનો/ વાંધા સુપ્રત કરી શકો છો. જણાવેલ સમયમાં પ્રાપ્ત થયેલ નિયત કરાયેલ ફોર્મેટમાં આપના સૂચનો/ વાંધાની નોંધ લેવાશે. સદર તારીખ પછી પ્રાપ્ત થયેલી ઈમેઈલ અથવા લેખિત સૂચનો/ વાંધાની વિચારણા કરાશે નહિ. મેળવવામાં આવેલ વાંધા/ સૂચનોની સુનાવણી સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસમાં ૧૪/૮/૨૦૨૬ના સાંજે ૪.૩૦ ક. થી ૫.૦૦ ક. સુધી સુનાવણી કરવામાં આવશે. આ સુનાવણીમાં હાજર રહેવા માટે આવશ્યક જણાય તેઓ તેમના ઈ-મેઈલ સૂચનો/ વાંધાની નકલ સાથે હાજર રહી શકશે.

**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

**સુપ્રિ. ઑફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસરની ઓફિસ,**
૨જો માળ, હમ્બોલ્ટ પેન્ગવીન બિલ્ડિંગ,
V.J.B. ઉદ્યાન & ઝૂ, સંત સાવતા માલી માર્ગ,
ભાયખલા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૨૭.
ટેલિ નં. ૨૩૭૪૨૧૬૨
ઈ-મેઈલ -dysg.ta@mcgm.gov.in

સહી/-
**સુપ્રિ. ઓફ ગાર્ડન્સ & ટ્રી ઓફિસર**

PRO/1027/ADV./2026-27

ચાલો સાથે મળી મુંબઈને મલેરિયા મુક્ત બનાવીએ



PUBLIC NOTICE પબ્લિક નોટીસ

MAHAVITARAN
Maharashtra State Electricity Distribution Co. Ltd.

**e-Tender Notice**

**MAHARASHTRA STATE ELECTRICITY DISTRIBUTION CO. LTD .**

Total No's of Twenty Five Tender's i.e. **T-08 (2nd call ), T-09(2nd call ) T-32 (4th call ), T-68 & T-69, T-70, T-71, T-72, T-73, T-74, T-75, T-76, T-77, T-78, T-79, T-80, T-81, T-82, T-83, T-84, T-85, T-86, T-87, T-88 & T-60 (2nd Call) (2026-27)** for various types of Civil works under company's Civil Division, MSEDCL, Bhandup office have been made available on **www.mahadis com.in** e-Tender website. Tenders are available for sale from **Dt. 07.08.2026 to 14.08.2026 @13.00 Hrs.** & Last Date of submission of Tenders will be up to **Dt. 14.08.2026 15.00 Hrs.** For any changes in Tender edition/dates/etc., corrigendum will be henceforth published on our website.

**Executive Engineer (C), CCCM, Bhandup**



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**AE/SWM/૪૮૩૦/PW/ તા. ૦૫/૦૮/૨૦૨૬**

**હિતની અભિવ્યક્તિ (EOI)**

| | |
|---|---|
| વિભાગ : | આસી. કમિ., P/પશ્ચિમ, મલાડ (પ), મુંબઈ-૬૪ની ઓફિસ. |
| **સેક્શન :** | આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ. |
| **વિષય :** | ફક્ત P/પશ્ચિમ ક્ષેત્રમાં નોંધાયેલ સંસ્થાઓ પાસેથી P/પશ્ચિમ વોર્ડમાં **''વાહનોમાં કચરો ભરવા માટે પિંક આર્મી યોજના''** માટે EOI **મંગાવે છે. લાયક સંસ્થા લોટરીના** આધારે પસંદ કરવામાં આવશે. વિગતવાર અરજી માટે કૃપા કરીને આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમનો સંપર્ક કરો. |
| ટેન્ડર ફી : | નાગરિક સુવિધા કેન્દ્ર (C.F.C.) ખાતે પિંક આર્મી યોજના માટે ₹ ૩૯૯૩/- + ૧૮% GST (કુલ ₹ ૪૭૧૨/-)નું ચલણ ભરીને અને સંસ્થાના લેટરહેડ પર આવશ્યકતાઓ આપીને અરજી ઉપલબ્ધ કરી શકાય છે. |
| **ટેન્ડર તારીખ :** | ૦૭.૦૮.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. ૧૪.૦૮.૨૦૨૬ સ. ૧૧.૦૦ ક. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૪.૦૮.૨૦૨૬ના સાં. ૪.૦૦ ક. |
| વેબસાઈટ : | **http://portal.mcgm.gov.in** |
| **નામ :** | શ્રી. સુનિલ શિવાજી પાનસ્કર, આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ સંપર્ક નં. : ૯૮૨૦૯૦૩૪૨૩. |

સહી/-
**આસી. એન્જિ. (SWM), P/પશ્ચિમ**

**PRO/1020/ADV./2026-27**

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.




# હાઈ કોર્ટે મહારાષ્ટ્રના રેસિડેન્ટ ડૉક્ટરોને હડતાળ પાછી ખેંચવાનો આદેશ આપ્યો

મુંબઈ : મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ હેઠળ હોમિયોપથ્સની નોંધણીના વિરોધમાં મહારાષ્ટ્રભરના રેસિડેન્ટ ડૉક્ટરો હડતાળ પર ઊતર્યા છે, જેના કારણે રાજ્યભરની હૉસ્પિટલોમાં દર્દીઓ પર થતી વ્યાપક અસર અંગે ચિંતા વ્યક્ત કરતા, બોમ્બે હાઈ કોર્ટે ગુરુવારે તેમને તાત્કાલિક હડતાળ પાછી ખેંચવાનો આદેશ આપ્યો હતો.

કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ રવિન્દ્ર ઘુગે અને ન્યાયાધીશ ગૌતમ અંખડની ખંડપીઠે આ હડતાળની સ્વતઃ (સૂઓ મોટો) નોંધ લીધી હતી અને ચેતવણી આપી હતી કે

(જુઓ પાનું ૪) ▶▶

## આજથી ડૉક્ટરો કામ પર ચડી જશે

મુંબઈઃ મહારાષ્ટ્ર મેડિકલ કાઉન્સિલ હેઠળ હોમિયોપથની નોંધણીનો વિરોધ કરી રહેલા રેસિડન્ટ ડૉક્ટરોએ બોમ્બે હાઈ કોર્ટના નિર્દેશ બાદ ગુરુવારે તેમની હડતાળ પાછી ખેંચી લીધી હતી. મહારાષ્ટ્ર સ્ટેટ એસોસિએશન ઓફ રેસિડેન્ટ ડોકટર્સ (માર્ડ) સાથે જોડાયેલા, રાજ્યની બધી સરકારી હૉસ્પિટલો તેમજ કેટલીક પાલિકા સંચાલિત હૉસ્પિટલોના રેસિડન્ટ ડૉક્ટરો પાંચમી ઓગસ્ટથી હડતાળ પર હતા. "સેન્ટ્રલ માર્ડ ૨૦૨૬-૨૭ આથી રાજ્યવ્યાપી

(જુઓ પાનું ૪) ▶▶

# ફેરિયા બાદ હવે હાઉસિંગ સોસાયટીઓ બીએમસી કમિશનરનું ટાર્ગેટ

## હાઉસિંગ સોસાયટીઓને ફૂટપાથ પરના રૅમ્પ તાત્કાલિક હટાવવાની ચેતવણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન હેઠળ ફેરિયા અને દુકાનદારોને ફૂટપાથ પરના અતિક્રમણ તાત્કાલિક હટાવવાની ચેતવણી આપ્યા બાદ હવે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર અશ્વિની ભીડેએ હાઉસિંગ સોસાયટીઓને નિશાના પર લીધી છે. ફૂટપાથ પર ગેરકાયદે રીતે ઊભા કરેલા રૅમ્પ, અતિક્રમણ, કમર્શિયલ બાંધકામ અથવા કોઈ પણ સ્વરૂપના બાંધકામને હટાવવાની ચેતવણી મુંબઈની હાઉસિંગ સોસાયટીઓને આપવામાં આવી છે. એક મહિનાની અંદર સ્વખર્ચે ફૂટપાથ પરના અતિક્રમણને નહીં હટાવ્યા તો સંબંધિતો સામે આકરી કાર્યવાહી કરવાની ચીમકી કમિશનર દ્વારા આપવામાં આવી છે. ફૂટપાથ પરના ગેરકાયદે રીતે અતિક્રમણ કરનારા ફેરિયાઓને તાત્કાલિક હટાવીને ફૂટપાથને રાહદારીઓને ચાલવા યોગ્ય બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા તરફથી 'પૅડેસ્ટ્રિયન ફર્સ્ટ' અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાનના અનુસંધાનમાં પાલિકા કમિશનર અશ્વિની

(જુઓ પાનું ૪) ▶▶

# ભાજપના નગરસેવકની વૉરંટ રદ કરવાની અરજી કોર્ટે ફગાવી

મુંબઈ : મુંબઈમાં ૨૦૨૦ના વીજ પુરવઠા અંગેના વિરોધ પ્રદર્શનના એક કેસમાં હાજર ન રહેવા બદલ પોતાની વિરુદ્ધ જારી કરાયેલ બિન-જામીનપાત્ર વૉરંટ રદ કરવાની અરજી સ્થાનિક અદાલતે ફગાવી દીધા બાદ ભાજપના કોર્પોરેટર આકાશ પુરોહિતની ધરપકડ કરવામાં આવી છે.

પુરોહિતના વકીલે બુધવારે હાજર થવામાં થયેલા વિલંબનું કારણ ટ્રાફિકની સમસ્યા ગણાવ્યું હતું, પરંતુ સેશન્સ કોર્ટે અવલોકન કર્યું હતું કે આરોપી જાણીજોઈને વિલંબ કરવાની યુક્તિઓ અપનાવી રહ્યા છે અને જો તેને મુક્ત કરવામાં આવે તો ભવિષ્યમાં

(જુઓ પાનું ૪) ▶▶

# ટ્રેનમાં ધૂમ્રપાન હવે પડશે ભારે

## રેલવેએ દંડમાં કર્યો ૨૦ ગણો વધારો

નાગપુરઃ ટ્રેનોમાં ધૂમ્રપાન સહિત અન્ય ગુનાહિત ગતિવિધિઓ સાથે સંબંધિત રેલવે એક્ટ ૧૯૮૯માં અમુક ફેરફાર કરતા હવે દંડ ૨૦ ગણો વધારવામાં આવ્યો છે. આ ફેરફાર કરવાનો ઉદ્દેશ રેલવે સ્ટેશનના પરિસર અને ટ્રેનોમાં ધૂમ્રપાન, અનધિકૃત પ્રવેશ, ઉપદ્રવ અને અન્ય અસુરક્ષિત ગતિવિધિઓ પર અસરકારક અંકુશ લાવવા અને તેનું તાત્કાલિક નિવારણ લાવવાનો છે.

સુધારેલી જોગવાઈ અનુસાર ૧૬૭ની કલમ હેઠળ પહેલા ૧૦૦ રૂપિયા સુધીનો દંડ હતો, જે વધારીને હવે ૨,૦૦૦ રૂપિયા જેટલો કરવામાં આવ્યો છે. આ સાથે જ સબંધિત વ્યક્તિનો પાસ કે ટિકિટ જપ્ત કરીને તેને રેલવે પરિસરની બહાર કરવામાં આવશે. જો દંડ ભરવામાં નહીં આવે તો કોર્ટ ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# શિંદેની શિવસેનાનો ખેલ ખતમ થવાની તૈયારીઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના વિરુદ્ધ શિવસેના કેસમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે એ દરમિયાન શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે ગુરુવારે દાવો કર્યો હતો કે હરીફ શિવસેનાનો ખેલ કાયદેસર રીતે ખતમ થઈ જશે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની એક પોસ્ટમાં રાઉતે ચાર વર્ષ પહેલાં પક્ષમાં થયેલા વિભાજન બાદ

(જુઓ પાનું ૪) ▶▶

# પ્રશાંત કિશોર એનસીપી રાજકીય વ્યૂહરચના અંગે ચર્ચા કરવા સુનેત્રા પવારને મળ્યા

મુંબઈઃ બિહાર બાંકીપુર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં વિજય મેળવનારા જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર ગુરુવારે મુંબઈના દેવગીરી બંગલામાં રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી (એનસીપી)ના નેતા પાર્થ પવાર અને મહારાષ્ટ્રનાં નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને મળ્યા હતાં અને પક્ષની ભાવિ રાજકીય રણનીતિ અને યોજનાઓની ચર્ચા કરી હતી.

કૉંગ્રેસ દ્વારા સુનેત્રા પવારને નિશાન બનાવતી કથિત અપમાનજનક ટિપ્પણીને લઈને રાજ્યમાં એનસીપી

(જુઓ પાનું ૪) ▶▶

# સાયબર ફ્રોડ આચરનારી ટોળકીના ૧૨ જણ ગોવાથી ઝડપાયા

- ૫૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન કરાયા
- આરોપીઓમાં મોટા ભાગના ગુજરાતના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બૅંક અકાઉન્ટ્સ અને સિમકાર્ડ એક્ટિવેટ કરીને સાયબર ફ્રોડ આચરનારી ટોળકીના ૧૨ જણને ગોવામાં કલંગુટ બીચ નજીકના વિલામાંથી ઝડપી પાડવામાં મુંબઈ ક્રાઇમ બ્રાન્ચને સફળતા મળી હતી. આરોપીઓમાં મોટા ભાગના ગુજરાતના યુવાનોનો સમાવેશ હોઇ તેમને પંદર દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી. આ કૌભાંડનો માસ્ટર માઈન્ડ દુબઈમાં હોવાનું કહેવાય છે. પોલીસને તપાસ દરમિયાન મળી આવેલા ૧૫૦થી વધુ બૅંક ખાતાં મારફત છથી આઠ મહિનામાં ૫૦૦ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેકશન થયા હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે આ કાર્યવાહીમાં પંદર લેપટોપ, ૧૨૮ સિમકાર્ડ, ૭૬ મોબાઇલ, ૨૨ ચેકબૂક અને ૭૭ પાસબૂક તથા અન્ય મતા જપ્ત કરી હતી.

ગોવાથી પકડાયેલા ૧૨ આરોપીઓને મુંબઈ લાવવામાં આવ્યા બાદ તેમને કોર્ટમાં હાજર કરવામાં આવ્યા હતા, જ્યાં તેમને ૧૧ ઑગસ્ટ સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી. આરોપીઓને દરેક ટ્રાન્ઝેક્શન પાછળ ત્રણ ટકા કમિશન મળતું હતું. એ સિવાય

(જુઓ પાનું ૪) ▶▶

**વિક્રોલીમાં પારિવારિક ખટરાગ લોહિયાળ બન્યો**

# ભાઈઓએ જ ભાઈ-ભત્રીજાને પતાવી નાખ્યા

## મોબાઈલ પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે મળસકે થયો ઝઘડો


(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિક્રોલીમાં છેલ્લાં એક વર્ષથી ચાલતો પારિવારિક ખટરાગ ગુરુવારના મળસકે લોહિયાળ બન્યો હતો. મોબાઈલ ફોન પર મોટા અવાજે ગીત વગાડવાને મુદ્દે થયેલા ઝઘડા પછી પરિવારજનો બાખડી પડ્યા હતા. ભાઈઓએ જ મારપીટ પછી છરીના ઘા ઝીંકી ભાઈ અને ભત્રીજાની હત્યા કરી હતી, જ્યારે આ હુમલામાં ભાભી અને બીજો ભત્રીજો ગંભીર રીતે ઘવાયાં હતાં. ઈસ્ટ ઝોન-૩ના ડેપ્યુટી પોલીસ કમિશનર અભયસિંહ દેશમુખના જણાવ્યા મુજબ ઘટના

(જુઓ પાનું ૪) ▶▶

કીચન કેરેવાન
આ જાહેરાત ફક્ત ટુર ઓપરેટરો માટે જ છે...
સમગ્ર યુરોપ-યુ.કે-સ્કોટલેન્ડ-આયર્લેન્ડ-આઇસલેન્ડ અને સ્કેન્ડીનેવીયા ગ્રુપ ટુરો માટે...
હાઈજીનીક, કાયદાકીય અને PURE VEG & JAIN ફુડ સુવિધાઓ
હવે દરેક ટુર ઓપરેટરો માટે ઉપલબ્ધ છે
સંપર્કઃ હેડ ઓફિસઃ +48797785704
અધિકૃત મિત્ર પ્રતિનિધિ મુંબઈ +919820149217
જૂના અને જાણીતા Walter Travels Poland




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** "મુંબઈ સમાચાર" પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના "મુંબઈ સમાચાર" પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**